# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 242 Dt. 18-03-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT







# મતભેદો વિવાદમાં ન બદલાય તે જરૂરી : ચીન

## ભારત સાથેના સંબંધોને વધુ મજબૂત કરવા માટે ચીન તત્પર : બંને દેશોનો સહયોગ વૈશ્વિક સ્થિરતા અને સમૃદ્ધિ માટે અનિવાર્ય



નવીદિલ્હી, તા. ૧૭

ચીને સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર પ્રતિક્રિયા આપી હતી. પીએમ મોદીના નિવેદનની પ્રશંસા કરતા ચીને કહ્યું કે ડ્રેગન અને હાથી વચ્ચે બેલે ડાન્સ જ એકમાત્ર વિકલ્પ છે. ચીને ભારત સાથે મળીને કામ કરવાની ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો છે. હાલમાં જ અમેરિકન પોડકાસ્ટર લેક્સ ફ્રીડમેન સાથેની વાતચીતમાં પીએમ મોદીએ કહ્યું હતું કે બંને દેશોએ મતભેદોને બદલે વાતચીતને પ્રાથમિકતા આપવી જોઈએ. પોડકાસ્ટમાં પીએમ મોદીએ કહ્યું કે પૂર્વી લદ્દાખમાં બે સેનાઓ વચ્ચે ૨૦૨૦માં થયેલી અથડામણ બાદ તણાવ ઉભો થયો હતો. આને ઘટાડવા માટે રાષ્ટ્રપતિ શી સાથે વાતચીત કરવામાં આવી હતી. આ પછી ભારત-ચીન બોર્ડર પર સ્થિતિ સામાન્ય થઈ ગઈ.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે પડોશીઓ વચ્ચે મતભેદ સ્વાભાવિક છે. પરંતુ અમારા પ્રયાસોનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મતભેદો વિવાદોમાં ન બદલાય અને મતભેદો કરતાં સંવાદને પ્રાધાન્ય આપવામાં આવે. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે બંને દેશોએ એક સમયે વૈશ્વિક જીડીપીમાં ૫૦ ટકાથી વધુ યોગદાન આપ્યું હતું. પીએમ મોદીના આ નિવેદન પર ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે મીડિયા બ્રીફિંગમાં પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે ચીને પીએમ મોદીના તાજેતરના નિવેદનની નોંધ લીધી છે. ચીન આની પ્રશંસા કરે છે.

પીએમ મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે સફળ દ્વિપક્ષીય બેઠક થઈ. આ બેઠકમાં સંબંધોના સુધાર અને વિકાસ માટે વ્યૂહાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બંને પક્ષોએ સામાન્ય સમજણ પર નિષ્ઠાપૂર્વક કામ કર્યું અને સકારાત્મક પરિણામો પ્રાપ્ત કર્યા. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે હું ભારપૂર્વક કહેવા માંગુ છું કે ૨૦૦૦ વર્ષથી વધુના પરસ્પર સંબંધોના ઈતિહાસમાં બંને દેશોએ મૈત્રીપૂર્ણ આદાનપ્રદાન ચાલુ રાખ્યું છે. બંને દેશો એકબીજા પાસેથી શીખ્યા. બે સૌથી મોટા વિકાસશીલ દેશો તરીકે, ચીન અને ભારતે તેમના વિકાસ અને પુનરુત્થાનનું કાર્ય વહેંચ્યું. એકબીજાની સફળતાઓને સમજો અને ટેકો આપો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે બંને દેશોએ એવા ભાગીદાર બનવું જોઈએ જે એકબીજાની સફળતામાં ફાળો આપે. ડ્રેગન અને હાથી વચ્ચે બેલે ડાન્સ એ એકમાત્ર વિકલ્પ છે. તેમણે એમ પણ કહ્યું કે ચીન સર્વસંમતિને લાગુ કરવા માટે ભારત સાથે મળીને કામ કરવા તૈયાર છે. રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠને એક તક તરીકે લેશે. દ્વિપક્ષીય સંબંધોને સ્થિરતા અને વિકાસના માર્ગ પર આગળ લઈ જશે. બંને દેશો વચ્ચેનો સહકાર ૨.૮ અબજથી વધુ લોકોના મૂળભૂત હિતો અને પ્રાદેશિક દેશોની સહિયારી આકાંક્ષાઓને પૂર્ણ કરે છે. તેમણે કહ્યું કે આ વૈશ્વિક દક્ષિણ અને વિશ્વ શાંતિને મજબૂત કરવાના ઐતિહાસિક વલણને અનુસરે છે.

તેમણે કહ્યું, 'ભારત-ચીન સહયોગ માત્ર આપણા બંને દેશો માટે જ ફાયદાકારક નથી પરંતુ વૈશ્વિક સ્થિરતા અને સમૃદ્ધિ માટે પણ જરૂરી છે. ૨૧મી સદી એશિયન દેશોની સદી છે. આવી સ્થિતિમાં હરીફાઈ સ્વાભાવિક છે પરંતુ વિવાદ ન થવો જોઈએ. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે 'જૂના રેકોર્ડ દર્શાવે છે કે ભારત અને ચીન એક સમયે વિશ્વના જીડીપીમાં ૫૦ ટકાથી વધુ યોગદાન આપતા હતા.

બંને દેશો વચ્ચે ઊંડા સાંસ્કૃતિક સંબંધો છે જેને અમે ભવિષ્યમાં પણ મજબૂત રાખવા માંગીએ છીએ. ભારત-ચીન તણાવના સંદર્ભમાં પીએમ મોદીએ કહ્યું, 'બંને પડોશીઓ વચ્ચે મતભેદો છે. પરિવારમાં પણ મતભેદો છે. પરંતુ અમારું ધ્યાન એ સુનિશ્ચિત કરવા પર છે કે આ તફાવતો વિવાદોમાં ફેરવાઈ ન જાય. અમે આ દિશામાં સક્રિયપણે કામ કરી રહ્યા છીએ. મતભેદને બદલે, અમે સંવાદ પર ભાર આપીએ છીએ કારણ કે માત્ર સંવાદ દ્વારા જ આપણે સ્થિર અને સહકારી સંબંધો બનાવી શકીએ છીએ.

# તેલંગાણા કોંગ્રેસનું મક્કમ પગલું OBC અનામત 42% કર્યું

## અગાઉ અનામત હતું ૨૩ ટકાઃ મુખ્યમંત્રી રેવંત રેડીએ કહ્યું તેલંગાણાને ગર્વ છે કે તે ભારતમાં સામાજિક ક્રાંતિનું કરી રહ્યું છે નેતૃત્વ

નવીદિલ્હી, તા. ૧૭

તેલંગાણામાં કોંગ્રેસે પોતાનું ચૂંટણી વચન પૂરું કર્યું. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ સોમવારે ઘઈઈ સમુદાયના લોકો માટે મોટી જાહેરાત કરી છે.

સીએમ રેડ્ડીએ શિક્ષણ, નોકરીઓ અને રાજકીય પ્રતિનિધિત્વમાં ઘઈઈ વસ્તી માટે ૪૨ ટકા અનામત સુનિશ્ચિત કરવાની જાહેરાત કરી. અગાઉ ઓબીસી માટે ૨૩ ટકા અનામત હતું. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, તેલંગાણાને ગર્વ છે કે તે ભારતમાં સામાજિક ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યું છે.

આ મારા માટે સન્માનની વાત છે કે અમે ભારતની આઝાદી બાદ પછાત વર્ગોની સૌથી લાંબી માંગ પૂરી કરી રહ્યા છીએ. અમારા ભાઈઓ અને બહેનો કે જેઓ પછાત વર્ગમાંથી આવે છે તેઓએ માંગ કરી હતી કે તેઓને સત્તાવાર વસ્તી ગણતરીમાં ગણવામાં આવે અને માન્યતા આપવામાં આવે અને આજે અમે આ મહત્વપૂર્ણ મુદ્દા પર સફળતા મેળવી રહ્યા છીએ.

તેલંગાણાના સીએમએ કહ્યું કે, આજે તેલંગાણા વિધાનસભાના નેતા અને મુખ્યમંત્રી તરીકે હું નિષ્ઠાપૂર્વક જાહેરાત કરું છું કે આપણા લોકોની મહેનત અને વૈજ્ઞાનિક રીતે કરવામાં આવેલા સર્વેના આધારે આપણે કહી શકીએ કે તેલંગાણામાં ઘઈઈ વસ્તી ૫૬.૩૬ ટકા છે. હવે અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે આ જૂથને શિક્ષણ, રોજગાર અને રાજકીય પ્રતિનિધિત્વના તમામ ક્ષેત્રોમાં ૪૨ ટકા અનામત મળે. આ નિર્ણયને ઐતિહાસિક ગણાવતા રેવન્ત રેડ્ડીએ કહ્યું કે આ એક મોટું પગલું છે, જે રાજ્યના સામાજિક અને આર્થિક માળખામાં પરિવર્તન લાવશે. તેમણે તમામ નાગરિકોને અપીલ કરી કે તેઓ આ ઐતિહાસિક પગલાને સમર્થન આપે અને તેને તેમના જીવનનો એક ભાગ બનાવે. સરકારના આ નિર્ણય બાદ તેલંગાણાના ઘઈઈ સમુદાયને વિવિધ સરકારી સેવાઓ અને તકોમાં સમાન ભાગીદારી મળશે.

આ અનામતની જાહેરાતથી રાજ્યમાં સામાજિક સમાનતા અને સર્વસમાવેશકતાને પ્રોત્સાહન મળશે અને પછાત વર્ગોના વિકાસમાં મદદ મળશે. મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીની આ જાહેરાત આવનારા સમયમાં તેલંગાણાના સામાજિક અને રાજકીય પરિપ્રેક્ષ્યમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકે છે. આનાથી રાજ્યમાં ઘઈઈ સમુદાય માટે વધુ સારી તકો ઊભી થઈ શકે છે.

ગૃહના નેતા તરીકે, હું ખાતરી આપું છું કે હું પછાત વર્ગોને અનામતનો લાભ આપવા માટે સક્રિય પગલાં લઈશ અને ૪૨ ટકા અનામત હાંસલ કરવામાં આગેવાની કરીશ.'' આ પ્રસંગે રેડ્ડીએ તમામ પક્ષોના નેતાઓને અપીલ કરી છે કે તેઓ તેમની સાથે આવે અને આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળે.

જેથી કરીને અનામતને કાયદાકીય રક્ષણ મળી શકે. તેમણે કહ્યું, આપણે બીસી આરક્ષણને ૪૨ ટકા સુધી વધારવા માટે જરૂરી કાનૂની સમર્થન મેળવીએ અને જ્યાં સુધી પછાત વર્ગો માટે ૪૨ ટકા આરક્ષણ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અમે આરામ કરીશું નહીં.

# ઓર્ગેનિક પાકો માટે MSP લાગુ કરવા સંસદીય સમિતિની ભલામણ

## યોગ્ય નિર્ણય લેવાશે તો ખેડૂતો સજીવ ખેતી કરવા તરફ પ્રોત્સાહિત થશે



નવીદિલ્હી તા. ૧૭

સંસદીય સમિતિએ પરંપરાગત પાકો માટે **MSP** જાહેર કરવાની પ્રવર્તમાન પ્રથા ઉપરાંત તમામ જૈવિક પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવનો અમલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. કૃષિ પરની સ્થાયી સમિતિએ ગયા અઠવાડિયે સંસદમાં રજૂ કરેલા તેના અહેવાલમાં દલીલ કરી હતી કે પ્રારંભિક વર્ષોમાં ઓછી ઉપજના પડકારો હોવા છતાં, આ પગલું ખેડૂતોને સજીવ ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરશે. કોંગ્રેસના લોકસભા સાંસદ ચરણજીત સિંહ ચન્નીની આગેવાની હેઠળની ૩૦ સભ્યોની પેનલે જણાવ્યું હતું કે, ''ઓર્ગેનિક ખેતી તરફ વળવાથી ખેડૂતોને રાસાયણિક-સઘન ખેતીમાંથી મોટા પાયે કુદરતી ખેતી તરફ આગળ વધવામાં મદદ મળશે.'' ઓર્ગેનિક ઉત્પાદનો માટે એમએસપીના સૂચનનો સંદર્ભ આપતા, પેનલે ગયા વર્ષે ડિસેમ્બરમાં તેના અગાઉના અહેવાલમાં **MSP** પર પાકની ખરીદી માટે કાનૂની ગેરંટી આપવાની ભલામણ કરી હતી, જો કે, સ્પષ્ટ કર્યું હતું કે નવા સૂચનમાં સ્વામીનાથન (સમિતિ) સૂત્રના આધારે વ્યાપક ખર્ચ માંગને પાતળી કરવી જોઈએ નહીં. લોકસભા અને રાજ્યસભાના વિપક્ષ અને શાસક પક્ષો બંનેના સાંસદો ધરાવતી પેનલનું માનવું છે કે ઓર્ગેનિક ખેતી તરફ વળવા સાથે સંકળાયેલી ઉપજ અને ખર્ચમાં થયેલા ઘટાડાને સરભર કરવા માટે ઓર્ગેનિક ઉત્પાદનો માટે એમએસપી પરંપરાગત પાકો કરતા વધારે સેટ કરવી જોઈએ.

ઓર્ગેનિક ઉત્પાદનો માટે યોગ્ય **MSP** નક્કી કરવા માટે, પેનલે વ્યાપક મોટા પાયે સંશોધન અભ્યાસ હાથ ધરવાનું સૂચન કર્યું અને ઉમેર્યું કે તે કાર્બનિક ખેતી તરફના શિફ્ટ સાથે સંકળાયેલા ખર્ચની તપાસ કરશે અને ખાતરી કરશે કે **MSP** આ શિફ્ટ માટે જરૂરી નાણાકીય સહાયને પૂરતા પ્રમાણમાં પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને હેક્ટર દીઠ ઓછી ઉપજ અને ઉત્પાદનની વધેલી ગુણવત્તાના સંદર્ભમાં. ૨૩ પરંપરાગત પાકો માટે પ્રવર્તમાન ટેકાના ભાવ મિકેનિઝમની ખામીઓને જોતાં, જે મુખ્યત્વે ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં લે છે, પેનલે જણાવ્યું હતું કે જૈવિક ઉત્પાદનો માટે ખર્ચ એ ''માત્ર ઉત્પાદન ખર્ચ જ નહીં, પણ ખેડૂતોને રાસાયણિક-સઘન ખેતીમાંથી સજીવ ખેતીમાં સફળતાપૂર્વક સંક્રમણ કરવા સક્ષમ બનાવવા માટે જરૂરી સમર્થન'' ધ્યાનમાં લેવું જોઈએ.

# અમદાવાદમા બંધ મકાનમાંથી ૯૫ કિલો સોનુ ઝડપાયું

## ગુજરાત ATS-DRIને મળી સફળતા : ૭૦ લાખ રોકડ પણ મળી આવી



અમદાવાદ, તા. ૧૭

કર્ણાટકમાં કન્નડ અભિનેત્રી રાન્યા રાવ પાસેથી ૧૪ કિલો સોનું રિકવર કરવાનો મામલો ચર્ચામાં છે. દરમિયાન, ગુજરાતના અમદાવાદમાં એક દલાલ પાસેથી આશરે ૯૫ કિલો સોનું ઝડપાયું છે. બજારમાં આ સોનાની કિંમત અંદાજે ૮૩ કરોડ રૂપિયા છે. ગુજરાત અઝજ અને ઉછઈંની ટીમે અમદાવાદના પાલડી વિસ્તારમાં સંયુક્ત ઓપરેશનમાં આ સોનું રિકવર કર્યું છે. ડીઆરઆઈએ આ સોનું જપ્ત કર્યું છે. ગુજરાતમાં તાજેતરના વર્ષોમાં સોનાની આટલી મોટી ખાનગી રિકવરી થઈ નથી.

ગુજરાત પોલીસની એટીએસ અને ડીઆરઆઈએ ગુપ્ત માહિતીના આધારે આ કાર્યવાહી કરી હતી. ટીમના અધિકારીઓએ જયારે આ બોક્સ ખોલ્યું તો તેઓ પણ દંગ રહી ગયા. મોટા પાયે સોનું મળ્યા બાદ તેને કેમેરાની દેખરેખ હેઠળ જપ્ત કરવામાં આવ્યું હતું. એટીએસ અને ડીઆરઆઈ પાલડીમાં રહેતા દલાલની પૂછપરછ કરી રહી છે કે ઘરમાં આટલો મોટો સોનો ક્યાંથી આવ્યો?

ગુજરાત એટીએસના અધિકારીઓ દલાલ પાસેથી આટલી મોટી માત્રામાં સોનાની રિકવરી પાછળ મોટા ઘટસ્ફોટની અપેક્ષા રાખી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દરોડામાં મળી આવેલી અન્ય વસ્તુઓના આધારે માહિતી એકઠી કરવામાં આવી રહી છે કે દલાલ પાસે આટલું સોનું ક્યાંથી અને કેવી રીતે આવ્યું?

આ મહિનાની શરૂઆતમાં બેંગલુરુ એરપોર્ટ પર કન્નડ ફિલ્મ અભિનેત્રી રાન્યા રાવ પાસેથી ૧૪ કિલો સોનું મળી આવ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં જ મુંબઈ એરપોર્ટ પર લગભગ ૩૫ કિલો સોનું જપ્ત કરવામાં આવ્યું હતું, પરંતુ ગુજરાતના અમદાવાદમાં સોનાની રિકવરી ઘણી વધારે છે.

મંગળવારે ATS આ મુદ્દે મોટો ખુલાસો કરી શકે છે. તપાસમાં વધુ મુદામાલ કબજે કરવામાં આવશે તેમ મનાય છે. દરોડા દરમિયાન નોટો ગણવા માટેના બે મશીન અને સોનાના વજન માટે ઈલેક્ટ્રિક સ્કેલ પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

તપાસમાં જાણવા મળ્યું કે સોનાના બિસ્કિટ અને જ્વેલરી સહિત કુલ ૯૫.૫ કિલો સોનું મળી આવ્યું હતું, જેની સરેરાશ કિંમત ૬૦ થી ૭૦ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.

જયારે ડીઆરઆઈ અને એટીએસ અધિકારીઓ સોનાનું વાસ્તવિક વજન અને મૂલ્ય શોધી રહ્યા હતા, ત્યારે તેઓએ જણાવ્યું હતું કે વર્તમાન બજાર કિંમતના આધારે તેની કિંમત ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હોઈ શકે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે એટીએસના અધિકારીઓને એવી બાતમી મળી હતી કે ગુજરાતમાં મોટા પ્રમાણમાં સોનાની દાણચોરી કરવામાં આવી છે અને પાલડીમાં રહેણાંક એકમમાં છુપાવવામાં આવી છે. પ્રાથમિક અંદાજ મુજબ, જયારે ગણતરી શરૂ થઈ ત્યારે લગભગ ૯૫.૫ કિલો સોનાના દાગીના અને સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા અને ૭૦ લાખ રૂપિયાની રોકડ પણ મળી આવી હતી.

પડોશીઓના જણાવ્યા અનુસાર, ફ્લેટ બંધ હતો અને રાત્રે શંકાસ્પદ લોકો ત્યાં આવતા-જતા હતા

નાની મોટી વાતે એક બીજાના લોહીના તરસ્યા થઇ જતાં લોકો ગમે ત્યારે બની જાય છે ઘાતકી

# આડાસંબંધની શંકામાં ત્રણ ત્રણ હત્યાઃ જમીન મુદ્દે વૃદ્ધને ઢાળી દેવાયા

**એક યુવાન ગામની મહિલા સાથે વાતો કરતો હોઇ તેણીના પતિને શંકા ઉપજતાં આ યુવાન અને તેના મિત્રને ભોજમાં ઘેની પદાર્થ આપી હત્યા કરી કેનાલમાં ફેંકી દીધાઃ સાળાને શંકા હતી કે બનેવીને આડાસંબંધ છે એટલે પતાવી દીધાઃ ત્રીજા બનાવમાં જમીનના મનદુઃખમાં લાકડીઓ ફટકારી વૃદ્ધનું ખૂન**




રાજકોટઃ નાના મોટા કારણોસર હત્યાની ઘટનાઓ ઠેકઠેકાણે બનતી રહે છે. રાજ્યભરમાં આવા વધુ ત્રણ બનાવ બન્યા છે. રાજકોટના ત્રંબા તાબેના વડાળીમાં મોબાઇલમાં સ્ટેટસ મુકવા મામલે થયેલા ડખ્ખામાં યુવાનને કુટુંબી ભત્રીજાએ છરીના ઘા ઝીંકી પતાવી દીધાની ઘટના બની હતી. તો બીજી તરફ ગાંધીનગર બોરીસામાં મહિલા સાથેના આડાસંબંધ મામલે બે યુવાનની હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી દેવાઇ હતી. અન્ય બનાવમાં આડાસંબંધના ડખ્ખામાં સાળાએ બનેવીને પતાવી દીધાની ઘટના બની હતી. તો જમીનની માથાકુટમાં એક વૃધ્ધને કુટુંબીઓએ લાકડીના ફટકા મારી પતાવી દીધા હતાં.

હત્યાની પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કલોલ તાલુકાના બોરીસણા ગામે રહેતો યુવક ભાભર પાસે આવેલ એક ગામમાં રહેતી મહિલા સાથે વાત કરતો હતો જેની તેના પતિએ વહેમ રાખી યુવકને અને તેના મિત્રને ભોજનમાં ઘેનની ગોળીઓ નાખી બેભાન કરી દીધા હતા ત્યારબાદ બંનેને શેરીસા પાસેની કેનાલમાં નાખી દેવામાં આવ્યા હતા. જેમાં યુવકની લાશ કડી પાસેની કેનાલમાંથી મળી હતી અને તેના મિત્રની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બનાવ અંગે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ કલોલ પાસેના બોરીસણા ગામે રહેતા દશરથજી સોમાજી ઠાકોર પોતાની કારમાં તેમના મિત્ર ગિરીશજીને લઈને ઘરેથી નીકળ્યા હતા તેઓ ઘરે કહીને નીકળ્યા હતા કે મહેસાણા ખાતે પૈસા આપવા જવાનું છે અને રાત્રિના ત્રણેક વાગે આવશે તેમ કહીને તેઓ નીકળ્યા હતા ત્યારબાદ ઘર વાળાઓએ તેમનો સંપર્ક કરતા તેમનો સંપર્ક થઈ શકતો ન હતો.

તેમજ તેમનો મોબાઇલ ફોન સ્વીચ ઓફ આવતો હતો જેથી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને તેમના ગુમ થવા અંગે કલોલ તાલુકા પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી ત્યારબાદ તેમની કાર કેનાલથી શેરીસા ગામ તરફ જવાના ઢાળ નજીક પડેલ હોવાનું માલુમ પડતા પરિવારજનો ત્યાં પહોંચી ગયા હતા અને તેઓએ પોલીસને જણાવેલ કે તેમના પિતા દશરથજી ભાભર તાલુકાના ખડોસણ ગામે રહેતી મહિલા સાથે વાતચીત કરતા હતા જેથી તેનો પતિ ભરતજી જેમતુજી ઠાકોરને તેની પત્નિ સાથે દશરથજીના આડા સંબંધો છે તેઓ શક અને વહેમ રાખીને ભરતજી પાસેથી પૈસા માગતો હતો અને દશરથજી તેને ઓનલાઇન પૈસા આપતા હતા તેમજ ભરતજીએ દશરથજી જોડેથી પૈસા લઈને કાર ખરીદી હતી તે કાર તેણે દશરથજીના પુત્રના નામે ખરીદી હતી. ત્યારબાદ તેણે ૧.૧૦ હજાર ભરતજી પાસેથી લઈને સાડીઓની દુકાન ચાલુ કરી હતી જેથી પોલીસે તે દિશામાં પણ તપાસ હાથ ધરી હતી બીજી તરફ રાપર પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી અને તેઓની પૂછતાછમાં તેઓએ કબુલાત કરી હતી કે દશરથજી કાર લઈને તેમના મિત્ર ગીરીશજી સાથે આવ્યા હતા.

આ પછી તેઓએ જમવામાં ઘેનની ગોળીઓ નાખી દઈ દશરથજી અને ગિરિશજીને જમાડયા હતા અને ત્યારબાદ ભરતજી દશરથજીની કાર લઈને આ બંનેને તેમાં બેસાડીને નીકળ્યો હતો અને પાછળ તેમની કારમાં તેના મિત્રો મેઘરાજ ઉર્ફે મેઘો ઉર્ફે રાજ ઠાકોર તથા પ્રકાશ વશરામ ઠાકોર આવી રહ્યા હતા અને દશરથજીને શેરીસા કેનાલ પાસે લાવીને દશરથજી અને તેના મિત્ર ગિરીશજીને કેનાલમાં ફેંકી દીધા હતા ત્યારબાદ તેઓ કાર લઈને કચ્છ જતા રહ્યા હતા જ્યાંથી રાપર પોલીસે તેમને ઝડપ્યા હતા બીજી તરફ દશરથજીની લાશ કડી પંથકની નર્મદા કેનાલમાંથી મળી આવી હતી જેથી રાપર પોલીસે પકડેલા તમામ આરોપીને સાંતેજ પોલીસને સોંપ્યા હતા સાંતેજ પોલીસે તેમની પૂછપરછ કરતા આ તમામે દશરથજી તેના મિત્ર ગિરીશજીને કેનાલમાં નાખી દીધા હોવાની કબુલાત કરી હતી તેના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ સામે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.હત્યાની બીજી ઘટનામાં વાપી તાલુકાના છીરી ગામમાં બન્યો છે. આરોપી પિંકુ સિંગે તેના જીજા તનિક સિંગની છરીના ઘા મારીને હત્યા કરી નાખી હતી. બિહારના સિંગ પરિવાર સાથે સંબંધિત તનિક સિંગ અને તેનો સાળો પિંકુ સિંગ વાપીના છીરી વિસ્તારમાં રહેતા હતા. તાજેતરમાં તહેવાર વખતે પિંકુ સિંગે તેના જીજાને તેની બહેનને પરેશાન કરવા બાબતે ઠપકો આપ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, પિંકુ સિંગને શંકા હતી કે તેના જીજાને અન્ય મહિલા સાથે આડા સંબંધ છે. આ કારણે તેની બહેન માનસિક રીતે પરેશાન રહેતી હતી. ધૂળેટીની ઉજવણી વખતે આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારપછી આવી પિંકુ સિંગે છરી વડે તેના જીજાની હત્યા કરી નાખી હતી. ઘટનાની જાણ થતાં ડુંગરા પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પોલીસે ટૂંક સમયમાં જ આરોપી પિંકુ સિંગની ધરપકડ કરી લીધી છે. હાલમાં પોલીસ આ હત્યા પાછળના અન્ય કારણો શોધવા માટે તપાસ હાથ ધરી હતી.ત્રીજી ઘટનામાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં જમીન વિવાદે એક વૃદ્ધની હત્યા થઈ છે. નાની કોરવાડ ધનકી ફળિયામાં રહેતા ઓગણએંસી વર્ષીય કાશીરામ શિંગાડા પર તેમના કુટુંબી દેવરામ ગોંડુંભાઈ સિંગાડાએ લાકડી વડે હુમલો કર્યો હતો. દરમિયાન રાત્રે કાશીરામ શિંગાડાનો પરિવાર લગ્નપ્રસંગમાં હાજરી આપવા ગયા હતાં. આ દરમિયાન જમીન વિવાદને લઈને દેવરામે કાશીરામ સાથે બોલાચાલી કરી હતી. ઉશ્કેરાયેલા દેવરામે લાકડી વડે કાશીરામ પર હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા કાશીરામ ઓટલા પર પડી ગયા હતા. બીજા દિવસે સવારે પરિવારજનોએ કાશીરામને લોહીલુહાણ હાલતમાં જોયા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે ધરમપુર સ્ટેટ હોસ્પિટલ અને ત્યાંથી વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પણ સારવાર દરમિયાન મોત થયું હતું. વધુ માહિતી મુજબ છ વર્ષ પહેલા બાપદાદાની જમીન વેચાણ બાબતે બંને વચ્ચે વિવાદ થયો હતો. ત્યારથી બંને વચ્ચે મનદુઃખ ચાલતું હતું. પોલીસે આરોપી દેવરામ વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આમ આડાસંબંધની શંકામાં બે હત્યા અને જમીનના ડખ્ખામાં એક મળી ત્રણ હત્યા અલગ અલગ ગામ શહેરમાં થઇ હતી.

# વેરા વસુલાત વિભાગની ૯૫ ટકા કામગીરી પૂર્ણ

**૪૧૦ કરોડના લક્ષ્યાંક સામે આવક ૩૯૧ કરોડને પાર : બાકી રહેતા દિવસોમાં રિકવરી ઝુંબેશ થશે તે જ : ગઈકાલે ૬ મિલકતોને કરવામાં આવી સીલ**



રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકાનુ વેરા વસુલાત વિભાગ હાલ જે ગતિએ કાર્ય કરી રહ્યું છે તેને જોતા એ વાત સ્પષ્ટ છે કે જે ૪૧૦ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો તેનાથી હવે માત્ર ૨૦ કરોડ જ દૂર છે અને જે ખૂબ સારી કામગીરી કહી શકાય ત્યારે હજુ પણ બાકી રહેતા દિવસોમાં ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે કુલ છ મિલકતને સીલ કરવામાં આવી હતી અને ૨૧ મિલકતો માંથી રિકવરી પણ થઈ હતી પ્રેમ કરી કુલ ગઈકાલે ૭૦.૭૪ લાખ રૂપિયાની રિકવરી થયેલી છે. વોર્ડ નંબર પાંચમાં આવેલા સંત કબીર રોડ પર એક યુનિટને નોટિસ ફટકારવામાં આવી હતી જેની સામે એક લાખ રૂપિયાની રિકવરી થઈ તો બીજી તરફ વોર્ડ નંબર સાતમાં પ્રેમીલા રોડ પર આવેલા વ્યાપાર ભવન માં બે મિલકતો માંથી તો ૭૩૫૦૦ અને ૬૮૬૯૪ રૂપિયા રિકવર થયા છે.

એવી જ રીતે પ્રેમીલા રોડ પર આવેલા સ્વસ્તિક ભવન માંથી એક મિલકતમાં ૬૧૫૦૦ રિકવર થયા જ્યારે કવિ નાનાલાલ માર્ગ પર શિરોમણી કોમ્પ્લેક્સમાં એક મિલકતને સીલ કરવામાં આવી.

વિજય પ્લોટ ચારમાં એક યુનિટનેસિલ કરવામાં આવ્યું હતું. જ્યારે આ જ વિસ્તારમાં એક યુનિટને સીલ કરવામાં આવી હતી. ભીલવાસ ચોક પાસે આવેલા અંબિકા આર્કેડ માં પણ યુનિટને સીલ કરવામાં આવ્યું જ્યારે ટાગોર રોડ પર આવેલા યુનિટને સીલ કરી નોટિસ ફટકારવામાં આવી હતી. વેલનાથ સોસાયટી માં પણ હાલ યુનિટને સીલ કરવામાં આવી છે.

વોર્ડ નંબર ૧૩ માં શિવાનંદ હોસ્પિટલ નજીક કેજી સોસાયટીમાં શ્રીનાથજી કોમ્પલેક્ષ માં સીલ કરવામાં આવ્યું હતુ તો સમ્રાટ ઈન્ડસ્ટ્રીયલ એરીયા માં એક યુનિટમાંથી ૯૬,૨૦૦ ની રિકવરી થઈ હતી તો સામે ઉમાકાંત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પણ યુનિટ પાસેથી ૫૬૦૦૦ રિકવર થયા હતા. વાત કરવામાં આવે વોર્ડ નંબર ૧૪ ની તો ગાયત્રી મૈન રોડ ઉપર આવેલા એક યુનિટને નોટિસ ફટકારવામાં આવી હતી અને કુલ ૧૦.૬૩ લાખ રૂપિયાની રિકવરી થઈ હતી જ્યારે કેનાલ રોડ પર આવેલા એક યુનિટને નોટિસ સામે ૮૪ હજાર રૂપિયાનો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો.

વોર્ડ નંબર ૧૮ ની જો વાત કરવામાં આવે તો રણુજા મંદિર પાસે શ્રમજીવી સોસાયટીમાં એક યુનિટને નોટિસ સરકારમાં આવી હતી અને ૭૦,૦૦૦ ની રિકવરી પણ થઈ હતી જ્યારે ઢેબર રોડ પ્રગતિ પ્લોટ શિવમ એન્ટરપ્રાઇઝ સામે આવેલ મિલકતમાંથી ૮૭,૦૦૦ ની રિકવરી થઈ હતી તો બીજી તરફ પ્રગતિ પ્લોટ વિરાણી આધાર યશ્વીન ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૫૫૦૦૦ થી વધુ ની રિકવરી થઈ. તો કોઠારીયા રેલવે ફાટક પાસે આવેલા એટલાસ ઈન્ડ એરિયામાં કે.એસ.પ્રોડક્ટ્સ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૮,૭૫૦ થઈ. એવીજ રીતે પ્રગતિ પ્લોટ વિરાણી આધાર શ્રીનાથજી ઈન્ડ એરિયામાં ૧-યુનિટની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૭,૫૦૦, ગોંડલ રોડ પર નાગબાઈ પરા નજીક ૪૦૨/૩૦૪ કોર્નર પર ૧-યુનિટની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૭૯,૬૫૨, કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૯,૭૫૦ થઈ. તો બીજી તરફ ગોંડલ રોડ પર આવેલા એક યુનિટના બાકી માંગના સામે સીલની કાર્યવાહી કરતા ૫૧,૦૦૦ નો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો જ્યારે કોઠારીયા મેન રોડ પર આવેલા એક યુનિટના બાકી માંગના સામે સીલની કાર્યવાહી કરાતા કુલ ૬૨ હજારનો પીડીસી ચેક મળ્યો છે એવી જ રીતે નેહરુનગરમાં એક યુનિટના બાકી માંગણા સામે કુલ રિકવરી ૩૫,૦૦૦ ની થઈ. ત્યારે કુલ વેરા વસુલાત વિભાગને જે આવક થઈ છે તે આંકડો ૩૯૧.૮૮ કરોડ પહોંચ્યો છે જ્યારે હવે માત્ર ૧૯ કરોડ રૂપિયા જ બાકી છે.

રાજ્યભરમાં ઠેકઠેકાણે ગમે તેમ કરીને બાળાઓ, યુવતિઓ, સગીરાઓને ફસાવી બળજબરીના કિસ્સામાં સતત વધારો

# હવસખોરો હાલી નીકળ્યા છેઃ બળાત્કારના પાંચ ચોંકાવનારા કિસ્સા

**છ વર્ષની બાળાનું અપહરણ કરી ઢગાએ દેહ પીંખ્યોઃ બસ્સો કેમેરા ચેક કરી પોલીસને તેર ટીમોએ હવસખોરને દબોચ્યોઃ બીજા બનાવમાં યુવતિના સેંથામાં સિંદુર પુરી બળાત્કાર ગુજારી તરછોડી દેવાઇઃ ત્રીજામાં બાળાનો કુટુંબી કાકાએ દેહ પીંખી ગર્ભ રાખી દીધોઃ ચોથામાં સગીરાને મિત્રતામાં ફસાવી બળજબરીઃ પાંચમી ઘટનામાં વિધર્મીએ પહેલા પરિણીતાને બહેન બનાવી, રાખડી બંધાવી છેલ્લે દૂષ્કર્મ આચર્યુ**



રાજકોટઃ દૂષ્કર્મ, છેડતી, અપહરણ સહિતની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. રોજબરોજ કોઇને કોઇ બાળકી, સગીરા, યુવતિ કે પછી કયારેક તો બાળકો પણ હવસખોરીનો શિકાર બની રહ્યા છે. વધુ આવી ચોંકાવનારી પાંચ ઘટનાઓ સામે આવી છે જેમાં છ વર્ષની બાળકીનું અપહરણ કરી પાશવી બળાત્કાર ગુજારાયો હતો. શૈતાને પોલીસે ઝડપી લીધો હતો. બીજી તરફ એક સોળ વર્ષની બાળાને કૌટુંબીક કાકાએ વારંવાર હવસખોરીનો શિકાર બનાવી ગર્ભ રાખી દીધો હતો. ત્રીજી ઘટનામાં યુવતિના માથામાં સિંદુર પુરી લગ્નનું નાટક કરી બળાત્કાર ગુજારી પછી તરછોડી દીધી હતી. ચોથા બનાવમાં એક સગીરાને મિત્રતા અને પ્રેમજાળમાં ફસાવી ઢગાએ દેહ પીંખ્યો હતો. પાંચમી ઘટનામાં વિધર્મી યુવાને પહેલા એક પરિણીતાને ધર્મની બહેન બનાવી હતી પછી તેની સાથે બળજબરી આચરી લીધી હતી. એટલુ જ નહિ તેણીના ફોટા એડીટ કરી વાયરલ કરવાની ધમકી પણ આપી હતી. દૂષ્કર્મની પ્રથમ ખળભળાટ મચાવતી ઘટના જોઇએ તો સુરતમાં છ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેના પર પાશવી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. કતારગામ મીનાક્ષીવાડી પાસે ફૂટપાથ પર શ્રમજીવી પરિવાર છ વર્ષીય બાળકી સાથે રહે છે. શ્રમજીવી પરિવાર કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સાંજે પરિવાર જમીને મીનાક્ષીવાડી પાસેના ઈવી સ્ટેશન પાસે ફૂટપાથ પર સૂઈ ગયો હતો. દરમિયાન રાત્રિના સમયે એક અજાણ્યો શખસ આવી સૂતેલી છ વર્ષીય બાળકીનું ઘમાં જ મોઢું દબાવી દઈ ચકીને તેનું અપહરણ કરી લઈ જતો રહ્યો હતો. બાદમાં ત્યાં નજીક આવેલા નગરપાલિકાના સ્પોર્ટસ કોમ્પ્લેક્સ મેદાનમાં લઈ જઈ તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં મધરાત્રિએ આરોપી હવસ સંતોષી બાળકીને એકલી છોડી ભાગી ગયો હતો. બાળકી જ્યાં રહેતી હતી ત્યાં તેના પડાવ પર આવી હતી. દરમિયાન બાળકીને બ્લીડિંગ શરૂ થયું હતું, જેથી માતા બાળકીને સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખાતે લઈ આવી હતી.

તપાસમાં તેણી સાથે બળાત્કાર ગુજારાયાનું ખુલ્યું હતું. હાલમાં સારવાર માટે બાળકીને હોસ્પિટલના લેબર રૂમમાં દાખલ રાખવામાં આવી છે. આ ઘટના અંગે કતારગામ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચને જાણ થતાં જ પોલીસ દોડતી થઇ હતી. પોલીસે સ્મિમેર ખાતે પહોંચી બાળકીનું નિવેદન લેતાં ગંભીર ગુનો હોવાનું જાણવા મળતાં જ ક્રાઈમ બ્રાન્ચના-છ પીઆઇ, તેર પીએસઆઈ સહિત સ્થાનિક કતારગામ પોલીસની, સિંગણપોર પોલીસની ટીમ મળી કુલ દોઢસો પોલીસ માણસોએ અલગ-અલગ ટીમો બનાવીને આજુબાજુના પડાવ અવાવરૂ જગ્યાઓ અને બસ્સો જેટલા સીસીટીવી કેમેરા ચેક કરી તપાસ હાથ ધરી હતી. સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજ તથા હ્યુમન સોર્સિસથી ઓળખ કરી બાળકી ઉપર દુષ્કર્મ આચરનાર આરોપી અજય અશોક વર્મા (રહે. ધનારડી ગામ તા. ઉતરોલા જિ.બલરામ ઉત્તરપ્રદેશ)ને કાસાનગર ગુરુકુળ રોડ પરથી ઝડપી પાડયો હતો. પોલીસે પકડેલો નરાધમ અજય પચ્ચીસ વર્ષનો અને પરિણીત છે અને તેની પત્નિ વતન ઉત્તરપ્રદેશ રહે છે. તે છેલ્લા દોઢ મહિનાથી શેરડી રસના મશીન પર કામ કરે છે અને કતારગામમાં રૂમ ભાડે રાખીને રહેતો હતો. વધુમાં પોલીસે જણાવ્યા મુજબ અજય વર્માએ બે વર્ષ અગાઉ સુરતમાં રહીને પીઓપીનું કલરકામ કર્યું હતું. આ બનાવ અંગે વધુ તપાસ પોલીસ કરી રહી છે.દૂષ્કર્મની બીજી ઘટના જોઇએ તો ઇચ્છાપોર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષ ૯ માસની વય ધરાવતી બાળા હાલ તેની માતાને ઘરકામમાં મદદ કરે છે. ઇચ્છાપોર વિસ્તારમાં રહેતા સીમાના કૌટુંબિક સગા કાકાએ છ માસ અગાઉ આ બાળાની એકલતાનો લાભ લઈ ઘરમાં ઘૂસી જઈ દરવાજો બંધ કરી જબરદસ્તી દુષ્કર્મ કર્યુ હતુ. એ બાદ શરીરસંબંધ બાંધવા બાબતે બધાને કહી દઈ બદનામ કરવાની ધમકી આપી ફરીવાર બળાત્કાર ગુજાર્યો હતો. એના પગલે બાળાને હાલ પાંચ માસનો ગર્ભ રહી જવા પામ્યો છે. સમગ્ર હકીકત સામે આવતાં સીમાની માતા દ્વારા ઈચ્છાપોર પોલીસ મથકમાં કૌટુંબિક દિયર વિરૂધ્ધ બળાત્કાર પોક્સો ધમકી હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હવસોખોરી ઉતારી નાંખી હતી.

ત્રીજા બનાવમાં ત્રીજા બનાવમાં મૂળ યુપીના અયોધ્યા જિલ્લાનાં રૂદૈલી તાલુકાના સાલારપુર ગામની ત્રેવીસ વર્ષીય યુપીવાસી દોઢ મહિનાથી પુણા વિસ્તારમાં ઈડલી-સંભારની લારી ચલાવે છે. ત્રણ વર્ષ અગાઉ તેનો સંપર્ક સુરતનાં સહારા દરવાજા ખાતે માર્કેટમાં મજૂરીકામ કરતા હમવતની મોહિત માયારામ યાદવ સાથે થયો હતો. મોહિત જ્યારે વતનમાં જતો એ વેળા તેને મળવા માટે જતો હતો. આ દરમિયાન તેણે આ યુવતિના માથામાં સિંદૂર પૂરી ભવિષ્યમાં લગ્ન કરશે એવો વિશ્વાસ આપી શરીરસંબંધ બાંધ્યો હતો. દરમિયાન તેમના સંબંધની જાણ તેણીના પરિવારને થઈ જતાં મોહિતે લગ્ન કરી સાથે રહીશું કહેતાં તેણી ઘર છોડી સુરત આવી ગઈ હતી. થોડો સમય સાથે રાખી શારીરિક સંબંધ બાંધ્યા બાદ સમજાવી પટાવી `હાલ આપણે વતનમાં જવું પડશે, હું તને પરત લઈ આવીશ' કહી વતનમાં મૂકી આવ્યો હતો. બાદ મોહિતે પોતાનો મોબાઈલ નંબર બદલી નાખી તેણીનો સંપર્ક કાપી નાખ્યો હતો. અંતે છેલ્લા દોઢ માસથી સુરત આવી આજીવિકા માટે પુણા વિસ્તારમાં ઈડલી-સંભારની લારી ચાલુ કરી આ યુવતિએ મોહિતની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ કોઈ ભાળ નહીં મળતાં અંતે પુણા પોલીસ મથકમાં મોહિત યાદવ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ચોથા બનાવમાં એક પરિવારની ૧૬ વર્ષ ૧૦ માસની બાળાએ અભ્યાસ છોડ્યા બાદ તેની માતાને ઘરકામમાં મદદ કરે છે. સ્થાનિક વિસ્તારમાં રહેતા પ્રવીણ ઉર્ફે સોનુ દીપક પવાર નામના ઓગણત્રીસ વર્ષના ટેમ્પો ડ્રાઈવર શખ્સે સાથે મિત્ર દ્વારા સંપર્ક કરી આ સગીરા સાથે મિત્રતા કેળવી હતી. એ બાદ પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી તે બાળાને વતનમાં ભગાડી ગયો હતો અને વારંવાર શરીરસંબંધ બાંધ્યા હતા. પછી તે લિંબાયત પરત આવ્યો હતો. પોલીસે બળાત્કાર પોક્સો હેઠળ કાર્યવાહી કરી હતી.

પાંચમી ઘટના વડોદરાના પાદરા તાલુકાના એક ગામમાં રહેતી અને હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી પરિણીતાને બહેન બનાવ્યા બાદ તેની સાથે અઘટિત માંગણી અને દુષ્કૃત્ય કરનાર વિધર્મી યુવાન સામે આખરે પોલીસ ફરિયાદ નોધાઇ છે. ચોવીસ વર્ષની પરિણીતાએ વડુ પોલીસ સ્ટેશનમાં સોહિલ યુનુસ વ્હોરા (રહે. દિવાન કોલોની, મુવાલ) સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મારી પુત્રીની બર્થ ડે હતી ત્યારે મારા પતિનો મિત્ર સોહિલ ઘેર આવ્યો ત્યારે પ્રથમ મુલાકાત થઇ હતી.

તેણે મારા પતિ પાસેથી મોબાઇલ નંબર મેળવ્યા બાદ તે રોજ મેસેજ કરતો હતો અને બાદમાં મારી પાસેથી ઇન્સ્ટાગ્રામનું આઇડી મેળવીને હું જે વીડિયો અપલોડ કરૂ તેને લાઇક તેમજ કોમેન્ટ કરતો હતો. રક્ષાબંધનના દિવસે સોહિલ મારા ઘેર આવ્યો હતો અને મારે તને બહેન બનાવવી છે તેમ કહી રાખડી બંધાવી હતી. ત્યારબાદ તે મેસેજ મોકલતો તો હું તેને ભાઇ સમજીને રિપ્લાય આપતી હતી. થોડા દિવસો બાદ તેણે વોટ્સએપ પર મેસેજ મોકલેલ કે મને તારાથી લવ થઇ ગયો છે, તારે મારી સાથે પ્રમ સંબંધ રાખવો છે તેમ પૂછ્યું હતું પરંતુ મેં કોઇ જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ મેં મારા કેટલાંક ફોટા તેને આપ્યા હતા તે ફોટા એડીટ કરીને ગંદા બનાવી વાઇરલ કરી દઇશ તેવી ધમકી આપી વીડિયોકોલથી મને શરીર ખુલ્લુ બતાવવા કહેતો હતો. બે મહિના પહેલા હું નોકરી પર હતી ત્યારે રાત્રે અગિયાર વાગે તે આવ્યો હતો અને હોસ્પિટલની પાછળ આવ મારે તને મળવું છે તું આવીશ તો તારા ફોટા સહિત બધુ ડીલીટ કરી દઇશ અને તને હેરાન નહી કરૂં તેમ કહી બળજબરી આચરી લીધી હતી. આમ દૂષ્કર્મના પાંચ વધુ કિસ્સા સામે આવ્યા હતાં.

### દારૂ, સિગારેટ, ગાંજા સહિતના માદક પદાર્થો ઓછા હતાં ત્યાં હવે આ નવું આવ્યું

# કેપ્સ્યુલ-કફ શિરપનો નશામાં ઉપયોગ: ૨૬ાા લાખનો જથ્થો ઝડપી લેવાયો

## મેડિકલ સ્ટોરની આડમાં દુ:ખાવામાં રાહત આપવાના નામે વેંચાતી દવાનો ખરેખર તો થાય છે નશો કરવામાં ઉપયોગ: રાજ્યભરમાં સપ્લાય થતી હોવાની શંકાએ તપાસનો ધમધમાટ



રાજકોટ: આજના મસયમાં યુવાનો તો ઠીક સગીરો, ટીનેજર્સ પણ અલગ અલગ નશાના રવાડે ચડી રહ્યા છે. દારૂ, સિગારેટ, ગાંજા સહિતના માદક પદાર્થ પછી હવે કોડીન સિરપ અને કેપ્સ્યુલનો નશાના રવાડે યુવાધન ચડી રહ્યું છે. મેડિકલ સ્ટોરની આડમાં ધમધમતા નશાકારક કફ સીરપ અને ટ્રામાડોલ કેપ્સ્યુલના કારોબાર ઠેકઠેકાણે ફુલ્યોફાલ્યો છે. આ વચ્ચે વડોદરામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે આવા એક કારસ્તાનનો પર્દાફાશ કર્યો છે. બે દિવસ અગાઉ વાઘોડિયા રોડ પરના નિવાસસ્થાનેથી ઝડપાયેલા ૭.૮૯ લાખના કોડીન કફ સીરપની તપાસ કરી રહેલી એસઓજી પોલીસને વધુ ૨૬.૫૪ લાખનો જથ્થો મળી આવ્યો હતો. આવી નશાકારક કેપ્સ્યુલ, સિરપની ઠેકઠેકાણે સપ્લાય થતી હોવાની શંકાએ તપાસ શરૂ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો વાઘોડિયા રોડ ઉપર આવેલી કોલેજો નજીક મેડિકલ સ્ટોર ધરાવતા બંને યુવાનોએ વાઘોડિયાના શ્રીપોર ટીમ્બી ગામ, ગાયત્રી મંદિર સામે પાલ્મ એકઝોટીકાની ૬૭ નંબરની દુકાનમાં મોટાપાયે જથ્થો સંગ્રહ કર્યો હોવાથી પોલીસ, એફએસએલ અને ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓને સાથે રાખી તપાસ કરતા ૧૦.૯૭ લાખની કોડીન કફ સીરપની વધુ ૪૭૮૫ બોટલ અને નશો કરવા માટે વપરાતી ૧૫.૫૭ લાખ કેપ્સ્યુલનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે આ જથ્થો કોની પાસેથી લાવવામાં આવ્યો અને કોને-કોને સપ્લાય કરાતો હતો? તેની વિગત મેળવવા બંનેની સઘન પૂછપરછ હાથ ધરી છે. શહેરમાં ધમધમતા નશાના કારોબારને નેસ્તનાબુદ કરવા માટે વડોદરા શહેરની સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ પોલીસ સતત પ્રયાસો કરે છે. જેને પગલે બે દિવસ પહેલા ખટંબા નજીક મેડિકલ સ્ટોર ધરાવતા વિપુલ સતીષભાઇ રાજપૂત અને કેયુર રમેશભાઇ રાજપૂતને કલાદર્શન ચાર રસ્તા નજીકના રતિલાલ પાર્કના મકાનમાંથી કોડીન કફ સીરપની ૨૫૭૦ બોટલ ઝડપી પાડી, બન્નેની એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

આ બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર રાતડા અને તેમની ટીમ દ્વારા બન્ને આરોપીને અદાલત સમક્ષ રજૂ કરી છ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. પોલીસે બંનેની સઘન પૂછપરછ હાથ ધરતા ચોંકાવનારી વિગતો સપાટી પર આવી હતી. ખટંબા નજીક મેડિકલ સ્ટોર ધરાવતા બન્ને આરોપીઓએ શ્રીપોર ટીમ્બી નજીકના પાલ્મ એકઝોટીકામાં એક દુકાન ભાડે રાખી તેનો ગોડાઉન તરીકે ઉપયોગ કરતા હોવાની અને તેમાં વધુ જથ્થો હોવાની કબુલાત એસઓજી પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવતા દવાઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. જેમાં કોડીન કફ સીરપની ૪૭૮૫ બોટલ અને યુવાનોમાં નશો કરવા માટે વપરાતી ટ્રામાડોલ હાઇડ્રોઇક્લોરાઇડ ટેબલેટ ૧.૫૯ લાખ નંગ મળી આવતા પોલીસે ૨૬.૫૪ લાખનો દવાનો જથ્થો કબ્જે કર્યો હતો.

આ જથ્થાની તપાસ કરી એફએસએલ અને ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓએ પણ આ નશાકારક દવા હોવાનું જાહેર કર્યું હતું. દવાની દુકાન ચલાવનાર આ બન્ને યુવાનો પાસેથી આટલો મોટો જથ્થો ક્યાંથી આવ્યો, તેનો મેઈન સપ્લાયર કોણ છે અને નશાનો કારોબાર કરનાર કોણ-કોણ આ જથ્થો લઈ જતા હતા તેની પોલીસે તપાસ હાથ ધરી છે. વડોદરા શહેર અને જિલ્લામાં યુવાનો નશો કરતા હોવાથી તેમની જરૂરિયાતને પહોંચી વળવા નશાનો કારોબાર કરતા ઝડપાયેલા વિપુલ રાજપૂત અને કેયુર રાજપૂતની એસઓજીએ ધરપકડ કરી અગાઉ ૫.૭૮ લાખ અને વધુ ૨૬.૫૪ લાખનો કોડીન સિરપ અને ટ્રામાડોલ કેપ્સ્યુલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ ટ્રામાડોલ નોનસ્ટીરોઇડ એન્ટીઇમ્ફલીમેન્ટ્રી ડ્રગ્સ છે. જે દુ:ખાવામાં રાહત આપવા માટે વપરાય છે પરંતુ આ કેપ્સ્યુલથી નશો થતો હોવાના કારણે યુવાધન નશો કરવા માટે તેને વાપરે છે. રાજ્યભરમાં ધીમે ધીમે આવી ગોળીઓનો ઉપયોગ વધી રહ્યાની શક્યતા વચ્ચે વિશેષ તપાસ યથાવત રખાઈ છે.



# ભગવાનના ડીલર

## વધુ એક ભુવો તોડબાજીમાં ઝડપાયો : ધરમનો ધંધો



માર્કેટમાં ગમે તેવી મંદી હોય એક ધંધો એવો છે કે જે કાયમ ધમધોકાર ચાલતો રહે છે, એ ધર્મનો ધંધો છે. આલીશાન મંદિરોથી માંડીને દેરીઓ સુધી મહાવ્યવસાય ધમધમી રહ્યા છે. અનેક લોકો તો પોતે ભગવાનના એજન્ટ કે ડીલર હોય તેમ રજૂ થઈ રહ્યા છે. ધર્મના નામે ધંધા કરતા તત્વો વારંવાર ઉઘાડા પડે છે, પણ આ ધંધામાં મંદી આવતી નથી એ હકીકત છે.

ગઈકાલે રાજકોટ પાસે મેટોડામાં વધુ એક ભુવાનો પર્દાફાસ થયો છે. મહેશ નામનો ભુવો દસ વર્ષથી દુકાન ચલાવતો હતો. એક પરિવારને આર્થિક ભરડામાં ફસાવીને રૂપિયા ચાઉં કરી જતા આ ઘટના બહાર આવી અને મોટી મોટી વાતો કરનારો ભૂવો જાહેરમાં માફી માંગવા લાગ્યો હતો. જાહેર થયેલી વિગતો પ્રમાણે આ ભૂવાએ અનેક પરિવારોને ખંખેર્યા છે અને જુગારનું નેટવર્ક ચલાવે છે.

આવા તત્વો ધર્મ ક્ષેત્ર માટે શરમ છે આવા તત્વોના કારણે સાચા મહાત્માઓ પ્રત્યે પણ અવિશ્વાસ પેદા થઈ જાય છે. જોકે ભુવા પર્દાફાસના સમગ્ર પ્રકરણ અંગે તટસ્થ બનીને ચિંતન કરવા જેવું છે.

અહેવાલો પ્રમાણે વિજ્ઞાન જાથા પોલીસ તંત્રને સાથે રાખીને ઓપરેશન કર્યું હતું. આવા ઓપરેશનો અવારનવાર થતા રહે છે. પ્રથમ નજરે પ્રવૃત્તિ સારી દેખાય છે પણ અનેક પ્રશ્નો સર્જનારી છે. દરેક પર્દાફાસ પોલીસને સાથે રાખીને પોલીસના જોરે થાય છે અને પ્રસિદ્ધિ જાથા લે છે. સવાલ એ થાય છે કે પોલીસ શા માટે ઓપરેશન કરતી નથી ? પોલીસને કોણ રોકે છે ?

મેટોડાના ભુવાના પર્દાફાસ બાદ જાથાએ નિવેદન આપ્યું કે અંધશ્રદ્ધા વિરોધી કાયદો બન્યો પણ અંધ શ્રદ્ધાને પ્રવૃત્તિ ઓછી થઈ નથી. સવાલ એ થાય છે કે વિજ્ઞાન જાથા ભૂવાઓના પર્દાફાસ વર્ષોથી કરે છે છતાં ધર્મના ધતિંગ ઓછા થયા નથી એટલે કે આ પ્રવૃત્તિ અસરકારક રહેતી નથી.

અંધશ્રદ્ધા બંધ થાય એ સારી બાબત જ છે, પરંતુ જાથા વારંવાર પર્દાફાસ કરે છે છતાં પ્રવૃત્તિ ઘટવાને બદલે વધી રહી છે એ હકીકત છે. આનું કારણ શું હશે ? પર્દાફાસ બાદની સ્થિતિ જુઓ તો જે ભુવાનો પર્દાફાસ થાય છે તેની સામે કાયદાકીય પગલા ભરાતા નથી. ભુવો માફી માંગે એટલે પ્રકરણ પૂરું કરી દેવામાં આવે છે, આવું શા માટે ? રંગે હાથે પકડાયેલાઓને માફી આપી દેવાનો અધિકાર જાથા કે પોલીસ પાસે છે કે ગતકડા રૂપે બધું ચાલતું રહે છે ?

અંધશ્રદ્ધા દૂર કરવાનું મિશન હોવું જોઈએ પરંતુ જાથાની પ્રવૃત્તિ પર્દાફાસ કરીને પ્રસિદ્ધિ લેવા પૂરતી જ મર્યાદિત બની ગઈ હોય તેમ લાગે છે. આ સમગ્ર પર્દાફાસ પ્રવૃત્તિમાં પોલીસ માત્ર મહેમાન કલાકારની જ ભૂમિકા ભજવે તે યોગ્ય છે ? પરદા પાછળ કંઈ જૂદું તો રંધાતું નથી ને ? લોકોએ યાદ રાખવું જોઈએ કે ભગવાન-માતાજીએ કોઈની નિમણૂક પોતાના એજન્ટ કે ડીલર તરીકે નથી કરી. ખોટા કુંડાળામાં ફસાવવાનું બંધ કરો.

# ભૂતાન પર ટ્રાવેલ પ્રતિબંધ લગાડતા ટ્રમ્પ

## રેડ લીસ્ટમાં ભુતાનનું નામ : ભૂટાની લોકો અમેરિકા પહોંચ્યા પછી વારંવાર વિઝા નિયમોનું કરે છે ઉલંઘન



નવીદિલ્હી, તા. ૧૭

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા બાદ કડક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. હવે ટ્રમ્પે ૪૩ દેશોની યાદી તૈયાર કરી છે, જ્યાં લોકો પર ટ્રાવેલ પ્રતિબંધ લગાવવાની યોજના છે. આ સમગ્ર યાદીમાં ત્રણ શ્રેણીઓ છે. પ્રથમ લાલ, બીજો નારંગી અને ત્રીજો પીળો. તે દેશોને રેડ લિસ્ટમાં રાખવામાં આવ્યા છે, જ્યાં કોઈ વ્યક્તિ અમેરિકામાં પ્રવેશ કરી શકશે નહીં. આ યાદીમાં અફઘાનિસ્તાન, ઉત્તર કોરિયા, ઈરાન, યમન, સોમાલિયા, સુદાન અને સીરિયા જેવા દેશોનો સમાવેશ થાય છે, જ્યાં અશાંતિ છે કે અમેરિકા સાથે સંબંધો ખરાબ છે. પરંતુ આ યાદીમાં એક દેશ ભૂટાન પણ છે. આ યાદીમાં ભૂટાનનું નામ આવવું ચોંકાવનારું છે. તેનું કારણ એ છે કે ભૂતાનને દુનિયાનો સૌથી ખુશ દેશ માનવામાં આવે છે. તેમ છતાં ભૂટાનને રેડ લિસ્ટમાં કેમ રાખવામાં આવે છે?

ટ્રમ્પ વહીવટીતંત્રના સૂત્રોનું કહેવું છે કે આ યાદીમાં ભૂટાનને સામેલ કરવા પાછળ કેટલાક કારણો છે. આ કારણો છે કે ભૂટાની લોકો અમેરિકા પહોંચ્યા પછી વારંવાર વિઝા નિયમોનું ઉલ્લંઘન કરે છે. તેઓ ઘણીવાર વિઝામાં ઉલ્લેખિત સમયગાળા પછી પણ અમેરિકામાં રહે છે. આવી સ્થિતિ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે. આ સિવાય ગેરકાયદેસર માર્ગો દ્વારા અમેરિકા પહોંચનારા ભૂટાનીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. અમેરિકા પણ આનાથી ચિંતિત છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીનું કહેવું છે કે ગયા વર્ષે ૩૭ ટકા ભૂટાનીઓએ વિઝા નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. હવે રેડ લિસ્ટમાં મૂકાયા બાદ ભૂટાનના દરેક વ્યક્તિએ લાંબી તપાસમાંથી પસાર થવું પડશે. ત્યારપછી જ તેમના વિઝા આપવામાં આવશે અને ઘણા કિસ્સામાં તેમની અરજી કોઈ કારણ આપ્યા વિના નકારી કાઢવામાં આવશે.

એટલું જ નહીં, હાલમાં અમેરિકામાં હાજર ભૂટાનીઓનું પણ વધારાનું ચેકિંગ કરવામાં આવશે. આ નિર્ણયથી ખાસ કરીને ભૂટાનના તે લોકોને મુશ્કેલી થશે જેઓ અભ્યાસ વગેરે માટે અમેરિકા જઈ રહ્યા છે. આ નિર્ણય અમેરિકા અને ભૂટાન વચ્ચેના સંબંધોને પણ અસર કરશે, જે સામાન્ય રીતે સારા રહ્યા છે. ભૂતાનના વિદેશ મંત્રાલયે પણ ઔપચારિક માંગ કરી છે કે અમેરિકા તેના નિર્ણયની સમીક્ષા કરે. વાસ્તવમાં અમેરિકાએ ૧૧ દેશોને રેડ લિસ્ટમાં સામેલ કર્યા છે. તેમાં અફઘાનિસ્તાન, સોમાલિયા, સીરિયા, ઉત્તર કોરિયા, લિબિયા, યમન અને સુદાન જેવા દેશોનો સમાવેશ થાય છે. આ દેશોમાં અશાંતિ છે. આતંકવાદ ફાટી નીકળે કે ગૃહયુદ્ધ જેવી સ્થિતિ હોય. આવી સ્થિતિમાં, આ દેશોને ટ્રાવેલ પ્રતિબંધની સૂચિમાં રાખવાનો અર્થ છે, પરંતુ ભૂતાનને લઈને લેવાયેલો નિર્ણય ચોંકાવનારો છે.

સમૃદ્ધિ અને સ્થિરતા માટે તેની પ્રતિષ્ઠા હોવા છતાં, ભૂટાનના વધતા સ્થળાંતર દરે યુએસ તપાસને આકર્ષિત કરી છે. ભૂટાનથી મુલાકાતીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હોવા છતાં, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીનો નાણાકીય વર્ષ ૨૦૨૩ નો અહેવાલ દર્શાવે છે કે ભૂટાનના વિદ્યાર્થીઓ અને વિનિમય મુલાકાતીઓ માટે ઓવરસ્ટેનો દર ૨૬.૬% હતો. આ દર્શાવે છે કે ભૂટાનના એક ક્વાર્ટર કરતા વધુ વિદ્યાર્થીઓ અને વિનિમય મુલાકાતીઓ તેમના અધિકૃત સમયગાળાની બહાર યુએસમાં રોકાયા હતા. દરમિયાન, વ્યાપાર અથવા પ્રવાસી વિઝા પર યુ.એસ.માં પ્રવેશતા ૧૨.૭% ભૂટાની નાગરિકો વધુ સમય રોકાયા હતા, જે વિઝા પાલનના વ્યાપક મુદ્દાને પ્રકાશિત કરે છે.

# શંકરાચાર્ય દિલ્હી સરકાર પર ખફા





ગૌ પ્રતિષ્ઠા પ્રતીક્ષા આંદોલન હેઠળ રામલીલા મેદાનમાં ધારણા કરવા માંગી હતી પરવાનગી છતાં ન મળી

નવીદિલ્હી, તા. ૧૭

જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજે દિલ્હી સરકારના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે ગાય પ્રતિષ્ઠા પ્રતિક્ષા આંદોલન હેઠળ ૧૭ માર્ચે રામલીલા મેદાનમાં ધરણા કરવાની પરવાનગી માંગી હતી, પરંતુ પ્રશાસને તેને રદ કરી દીધી હતી. તેના પર શંકરાચાર્યએ કહ્યું કે ગાય ભક્તોને શાંતિપૂર્ણ રીતે તેમના મંતવ્યો વ્યક્ત કરતા રોકવા એ લોકશાહીની વિરુદ્ધ છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે તેમણે માતા ગાયની ગરિમા અને સુરક્ષાના મુદ્દે રામલીલા મેદાનમાં શાંતિપૂર્ણ ધરણાની મંજૂરી માંગી હતી. સરકારે અરજી ફગાવી દીધી હતી, જેને શંકરાચાર્યે ગાય ભક્તોના અવાજને દબાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

વહીવટીતંત્રનું કહેવું છે કે આ નિર્ણય ગુપ્તચર વિભાગ (ક્રંઈઞ) અને અન્ય સરકારી એજન્સીઓ પાસેથી મળેલી માહિતીના આધારે લેવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર રામલીલા મેદાનમાં લાખો ગાય ભક્તો એકઠા થઈ શકે છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થા પર અસર થઈ શકે છે. આ કારણોસર પરવાનગી રદ કરવામાં આવી હતી. શંકરાચાર્યએ કહ્યું કે સરકાર હવે ગાય ભક્તોને તેમની માંગણીઓ શાંતિપૂર્ણ રીતે રજૂ કરવા દેતી નથી, જે લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે તેમણે સરકાર અને તમામ વિપક્ષી પાર્ટીઓને ગાય પ્રત્યે પોતાનું વલણ સ્પષ્ટ કરવા માટે ૧૭ માર્ચ સુધીનો સમય આપ્યો છે. અનેક હિન્દુ સંગઠનો અને સંત સમાજો પણ ગાય ભક્તોના સમર્થનમાં આગળ આવ્યા છે. તેમનું કહેવું છે કે માતા ગાય ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો અભિન્ન અંગ છે. તેમની સુરક્ષા માટે સરકારે નક્કર પગલાં લેવા જોઈએ. શંકરાચાર્ય અને તેમના સમર્થકો હવે સરકારના આગામી પગલાની રાહ જોઈ રહ્યા છે, અને આગળની વ્યૂહરચના પર વિચાર કરી રહ્યા છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ દિલ્હી સરકારના આ નિર્ણયની ટીકા કરી હતી અને કહ્યું હતું કે ગાય ભક્તોને તેમના મંતવ્ય વ્યક્ત કરતા રોકવા એ ખોટું છે. તેમણે કહ્યું કે માતા ગાયોની સુરક્ષા અને સંરક્ષણ માટે ચલાવવામાં આવી રહેલું આંદોલન સંપૂર્ણપણે અહિંસક અને શાંતિપૂર્ણ છે, પરંતુ સરકાર તેને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. હકીકતમાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ ૧૭ માર્ચના રોજ રામલીલા મેદાનમાં ધરણાં માટે મંજૂરી માંગી હતી. સરકારે અરજીને દફતરે કરી છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે, અમે ગૌ પ્રતિષ્ઠા આંદોલન અનુક્રમે ૧૭ માર્ચના રોજ રામલીલા મેદાનમાં શાંતિ પૂર્વક બેસવા માટે પરવાનગી માંગી હતી, પરંતુ હવે પરવાનગી રદ કરવામાં આવી છે, જે લોકશાહીમાં ખોટું છે.

શંકરાચાર્યએ કહ્યું કે, આ સરકારમાં હવે એવો સમય આવી ગયો છે કે, ગૌભક્તોને મેદાનમાં બેસીને શાંતિપૂર્વક પોતાની વાત કરવાથી પણ રોકવામાં આવી રહ્યા છે. અમે સરકાર અને તમામ વિપક્ષોને ગૌમાતા પ્રત્યે પોતાનો મત સ્પષ્ટ કરવા માટે ૧૭ માર્ચ સુધીનો સમય આપ્યો હતો.

# સુરક્ષા-સંરક્ષણ મુદ્દે ભારત અમેરિકાના સંબંધો ગાઢ બને તે જરૂરી

## વડાપ્રધાન મોદી અને ટ્રમ્પ બંને સારા મિત્રો : ગબાર્ડ

નવીદિલ્હી, તા. ૧૭

યુએસ નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે સોમવારે રક્ષા મંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન બંનેએ ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને મજબૂત કરવા પર ચર્ચા કરી હતી. ગબાર્ડ હાલમાં ભારતના અઢી દિવસના પ્રવાસે છે. રાજનાથ સિંહ અને ગબાર્ડ વચ્ચેની બેઠકમાં સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને વધારવાના માર્ગો પર ચર્ચા થઈ હતી. દરમિયાન તુલસી ગબાર્ડે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સમાન લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ગબાર્ડે કહ્યું હતું કે બંને નેતાઓ 'ખૂબ સારા મિત્રો' છે અને ગયા મહિને વોશિંગ્ટન ડીસીમાં તેમની એક શાનદાર મુલાકાત થઈ હતી.

ગબાર્ડ રવિવારે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને પણ મળ્યા હતા અને ભારત-યુએસ સંબંધોના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. ગબાર્ડ પોતાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળવાના છે. અમેરિકાના નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટરનું પદ સંભાળ્યા બાદ ગબાર્ડની ભારતીય વડાપ્રધાન સાથે આ બીજી મુલાકાત હશે. ગબાર્ડ ભારત પહોંચી ગયો છે. તેઓ એક સાથે ભારત, જાપાન, થાઈલેન્ડ અને ફ્રાંસના પ્રવાસે છે. આ દરમિયાન તે ભારતના ટોચના સરકારી અધિકારીઓને પણ મળશે. ગબાર્ડે કહ્યું હતું કે તેમની મુલાકાતનો હેતુ દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે. તેણીએ એક પોસ્ટમાં લખ્યું હતું કે, હું ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના બહુ-દેશ પ્રવાસ પર જઈ રહી છું. હું તેમને સારી રીતે ઓળખું છું કારણ કે હું આ પેસિફિક ટાપુઓના જૂથમાં મોટો થયો છું. હું જાપાન, થાઈલેન્ડ અને ભારત જઈશ અને પછી વોશિંગ્ટન ડીસી પરત ફરતી વખતે ફ્રાંસમાં થોડો સમય રોકાઈશ.

તેના કાર્યકાળના શરૂઆતના દિવસોમાં આ ક્ષેત્રની મુલાકાત લઈને, ગબાર્ડે સંકેત આપ્યો છે કે એશિયા-પેસિફિક ક્ષેત્ર ટ્રમ્પ વહીવટીતંત્રની નીતિઓનો એક મહત્વપૂર્ણ ભાગ છે. એશિયા પેસિફિક ક્ષેત્રમાં ભારત અને જાપાન મોટી શક્તિઓ છે.

થાઈલેન્ડની ભૌગોલિક સ્થિતિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચીન આ સમગ્ર વિસ્તારમાં પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે. આવી સ્થિતિમાં, ગબાર્ડનો શ્રેષ્ઠ પ્રયાસ એ છે કે તે ક્ષેત્રની શક્તિઓને ચીન વિરુદ્ધ એક કરે.

નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટર તરીકે ગબાર્ડની આ પ્રથમ ભારત મુલાકાત છે. આ પહેલા ફેબ્રુઆરી ૨૦૨૫માં વડાપ્રધાન મોદી અમેરિકાના પ્રવાસે હતા ત્યારે વોશિંગ્ટન ડીસીમાં ગબાર્ડને મળ્યા હતા.

તે મીટિંગ દરમિયાન પીએમ મોદીએ ગબાર્ડને પોસ્ટની પુષ્ટિ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભારત-યુએસ મિત્રતાના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે, વોશિંગ્ટન ડીસીમાં યુએસ ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબાર્ડને મળ્યા. ''તેણીની પોસ્ટની પુષ્ટિ કરવા બદલ તેણીને અભિનંદન આપ્યા અને ભારત-યુએસ મિત્રતાના વિવિધ પાસાઓની ચર્ચા કરી, જેમાંથી તેણી હંમેશા મજબૂત સમર્થક રહી છે.

'' આ પ્રવાસ દરમિયાન, ગબાર્ડ ૧૮ માર્ચે દિલ્હીમાં રાયસીના ડાયલોગમાં મુખ્ય ભાષણ આપશે. આ ભારતની મોટી કોન્ફરન્સ છે, જેમાં વૈશ્વિક રાજનીતિ અને કૂટનીતિ પર ચર્ચા કરવામાં આવી છે.




શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજનું એક સૂત્ર છે, કે શાંતિ પમાડે એ ધર્મ!



મિત્રો- શુભ સવાર.
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આટલો મોટો પરિવાર છે, અને સૌ કોઈને બેન પ્રત્યે સ્નેહ હોય એટલે મેસેજથી કંઈક મોકલતા હોય, એમાં પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજનું એક સૂત્ર હતું, શાંતિ પમાડે એ ધર્મ! સાંપ્રત સમયમાં જે રીતે ધર્મનું અનુસરણ થઈ રહ્યું છે, એ શાંતિ પમાડતું નથી, કારણ કે મન શાંત થતું નથી! અને એટલે જ કહી શકાય કે આપણી ધર્માંધતા જ આપણને ધર્મથી વિમુખ કરી રહી છે. સમાજનો મોટો હિસ્સો આવી રીતે સમજ્યા વગર ધર્મને અનુસરતો હોવાને કારણે સમાજ પણ અશાંત રહે છે. કારણ કે સુખને આનંદ માની લેવાની આપણી ભૂલને કારણે આ બધું છે. સુખ ક્ષણિક હોય છે, તે ભોગની સમાપ્તિએ સમાપ્ત થઈ જાય છે, એટલે નવા ભોગની ઈચ્છાનો જન્મ થાય છે, એ ન મળે ત્યાં સુધી અસુખ,અને મળે ત્યારે સુખ! આમ જીવન સુખ દુઃખ રુપી શ્વાસના લય તાલ વગર ચાલતું રહે છે,જેનો થાક છે. મનની ઈચ્છાઓ સમાપ્ત થતી નથી, એ તેની ચંચળતાનું મુખ્ય કારણ છે. ભારતીય સમાજ ઘણી વાતે વિભાજિત છે,પણ મુખ્યત્વે એક કર્મ અને બીજો ધર્મ! પણ બે માંથી એકપણનો મર્મ સમજ્યા વગર! ધર્મ એ જીવનની સુવ્યવસ્થિત પદ્ધતિનું નામ છે, અને એટલે એમાં શિસ્ત માટે સંયમ નિયમ છે ! કર્મ! જે સારુ છે, પણ મોટેભાગે પ્રસિદ્ધિ માટે થતું હોય પરિણામ નથી આપતું! ખેર ફરી કર્મ ધર્મનાં લેખાંજોખાં કરીશું. પણ મોટાભાગના ધર્મો મનને મારવાનું કહે છે, મન દુશ્મન છે, તેના પર સંયમન પ્રાપ્ત કરવા સાધક પોતાની જાત પર રીતસર જુલ્મ કરતો હોય, એવું પણ આપણે ઘણાં ધર્મમાં જોઈએ છીએ! જ્યારે હિન્દુ સનાતન ધર્મમાં મનને મિત્ર બનાવવાની વાત આવી છે, જે એકદમ યોગ્ય છે. અન્ય ધર્મથી સનાતન ધર્મ અમુક રીતે જુદો પડે છે, અને એટલે જ તે શ્રેષ્ઠ છે. એમાં સંસારી જીવને કોઈ દીન કે હીન ભાવનો સામનો કરવો પડતો નથી, કે પછી પરાણે કોઈ ન ગમતી વાતને જીંદગી ભર વેઢારવી પણ પડતી નથી. આજે અન્ય સંસ્કૃતિ તરફ આકર્ષિત યુવાન જાણે તો ખરાં, કે સનાતન ધર્મમાં જેટલી સ્વતંત્રતા છે એટલી બીજે ક્યાંય નથી, અને એ પણ સુખ, સંતોષ, શાંતિ આનંદ પ્રેમ અને પ્રસન્નતાની ગેરંટી સાથે.

મનને મિત્ર બનાવવું હોય તો મૌન રહેવું પડે, એકાંતમાં રહેવું પડે, તેની હિલચાલ તેની ચંચળતા બધું જ સમજવું પડે. આખરે દરેક વ્યક્તિનું મન પોતાના મૂળભૂત સ્વભાવ અનુસાર જ ઈચ્છા કરતું હોય છે, એટલે એ રીતે વ્યક્તિએ પોતાનો મૂળભૂત સ્વભાવ નક્કી કરવાનો હોય, જેમ કે ઉદાર છે, પ્રેમાળ છે ,સહિષ્ણુ છે, દયાળુ છે, કે પછી લોભી છે, લાલચું છે, ઈર્ષાળુ છે, નિંદક છે, આગ્રહી છે, અહમવાદી છે!કે માનવતા વાદી! ટૂંકમાં સકારાત્મક છે, કે નકારાત્મક! એવું નક્કી થતાં મન સાથે દોસ્તી કરીને જો નકારાત્મક હોય તો કંઈ પણ સર્જનાત્મક ક્રિયા કરી એના મૂળભૂત સ્વભાવમાં થોડો ફેરફાર કરી શકાય, અને નહીં તો અન્યની નહીં પણ પોતાના અવગુણની નીંદા કરવી એને સુધારવું, કે પછી કોઈ બીજું એને એટેન્શન આપતું નથી, માટે મન આ રીતે વર્તે છે, એ બધું જ જાણવું પડે! અને આ પરિસ્થિતિમાં એની પર કોઈ પણ પ્રકારનનુ દબાણ એ પરિસ્થિતિ ને વધુ બગાડી શકે છે. માટે એ માર્ગ તો ક્યારેય યોગ્ય નથી! ભોગ એ ખરાબ નથી, એટલે કે મનની ઈચ્છા કે શરીરની જરૂરિયાત પૂરી કરવી એ જ તો ધર્મ છે, પણ એની માત્રા નિયત હોવી બહુ જરૂરી છે. જરુરીયાતને નામે ભોગની અધિકૃતતાનું જતન થાય તો જ એ પતન તરફ દોરે, માટે જરૂરી એટલું જ! એટલે કે ભૂખ લાગી છે તો ખાવું જ પડે! આદિદેવ જગતગુરુ શંકરાચાર્યે ભૂખને રોગ કહ્યો છે, અને આહારને ઔષધિ! માનવીની શારીરિક ભૂખને તો હજી પણ પહોંચી શકાય, પણ બીજીએ કેટલીય ભૂખ હોય છે, જેનું સમયે નિદાન થાય નહીં તો એ સામાજિક અપરાધ કરતાં પણ અચકાતા નથી! અને એટલે જ ઉંમર પહેલાં સાધુ સાધ્વીજી બનાવી દેવાય તો ખતરો છે, અને પછી એના કૌભાંડનો પાર નથી. બીજી સમાજમાં શ્રેષ્ઠ દેખાવાની પણ હોડ લાગી હોય, એવું ચિત્ર સ્પષ્ટ થાય છે, માનવીને પદ પ્રતિષ્ઠાની પણ ભૂખ હોય છે. ઉંમર થતાં બધાથી તિરસ્કૃત થવાની બીક, કે પછી માન સન્માન અને પ્રેમની પણ ભૂખ લાગે છે, અને આ બધું જ મનનાં અવલોકનથી પોતાની પ્રત્યે અન્યના વ્યવહાર અને પોતાના બીજા સાથેના વ્યવહારનું યોગ્ય મુલ્યાંકન કરી, મનને મિત્ર બનાવી શકાય છે.

સનાતન ધર્મમાં સંસારીને નીચો માનવામાં આવતો નથી, એની માટે મુક્તિ દ્વાર બંધ થઈ જતું નથી! ઉલટાનું કહેવામાં આવે છે, કે તું પણ સમ્યક ભોગ ભોગવીશ તો નિત્ય સંન્યાસી કહેવાઈશ! અને તને પણ જીવ શિવ મિલનનાં એ સાક્ષાત્કારની અનૂભૂતિના આવિર્ભાવનો હક્ક છે, અને તેથી આ રીતે ધર્મ માટે કે ઈશ્વર પ્રાપ્તિ માટે એને સંસારથી વિમુખ કરવામાં આવતો નથી. એ જ્યાં છે ત્યાં જ તેને સ્થિર અને શાંત થવાનું છે, ઉપરાંત કોઈ પણ લીંગ સ્વરૂપ એટલે કે પુરુષ અને સ્ત્રીનો બાદ પણ સનાતન ધર્મમાં નથી. દરેકના પોતાના તેમજ અન્ય સંબંધો પ્રત્યે સમ રહીને સહજ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, એની માટે એને હિમાલય કે ગિરનારની ગિરિકંદરાઓમાં જવાનું નથી. સંબંધો કાપીને એકાંતમાં રહેવાનું નથી, ભગવા વસ્ત્ર પહેરવાના નથી, બધા વચ્ચે રહીને બધાના સુખ દુઃખનું વિચારીને જ શાંત રહી શકાય છે, પ્રસન્ન રહી શકાય છે, અને કર્તવ્ય કર્મની નિષ્ઠાથી કરેલું દરેક કર્મ તેની આ યાત્રાના મુકામો સરળ બનાવતાં જાય છે,એ જ એનું કાર્યક્ષેત્ર છે, અને એ કાર્ય કરવાથી જ શાંતિ મળશે! પોતાનાં કર્તવ્ય કર્મની જવાબદારીથી વિમુખ થઈ ને ક્યારેય શાંતિ મળશે નહીં.

માનવી બીજું બધું કરી શકે છે, પણ પોતાની જાતનું અભિમાન એને શાંત થવા દેતું નથી હું એટલે કોણ? મને આમ કીધું? હવે હું એને છોડીશ નહીં! આજે તો બતાવી જ દઉં મારી તાકાત! આમ થોડું જ્ઞાન કે વિદ્યા કે પદ પ્રતિષ્ઠા મળવાથી આ અહમ્ બળવાન બને છે, અને અહમ્ બ્રહ્માસ્મિની જેમ આતંક મચાવે છે! એટલે કે બધી જ પ્રકારનું જ્ઞાન હોય, મન પણ સંયમમાં હોય, એટલે કે ભોગની ઈચ્છા કરતો ન હોય, પણ અહમને કારણે ક્રોધ પર કાબુ ન્હોય, તો અત્યાર સુધીનું કરેલું બધું જ નિષ્ફળ જાય છે. સનાતન ધર્મમાં અહમને નાથવા માટે આપણી પર પણ કોઈ પરમશક્તિ છે, અને એની આગળ આપણે કંઈ જ નથી એવી વાત મૂકી છે. જેને કારણે માનવીય અહંકારની વૃત્તિ દાબમાં રહે, અને એ ઈશ્વર બધાનું બધું જ જોતો હોય છે, એનાથી કંઈ જ છુપાવી શકાતું નથી, અને અંતે તો એ જ બધું કરે છે, ખોટું હું કરું હું કરું એમ કરવું નહીં! ઉપરાંત કર્મના સિદ્ધાંત કે પાપ પુણ્યની ગઠરીની વાત પણ છે. એટલે અમુક પ્રકારનો ભય કે ડર પણ આપણને અનુસાશનમા રાખવા જરૂરી છે,અને એ સનાતન ધર્મમાં છે. પણ જો ભય મુક્ત જીવવું હોય તો નિમિત્ત માત્ર બનીને જીવવું એ જ શ્રેષ્ઠ છે! આમ જુવો તો સાવ સહેલું છે! પણ એવું થતું નથી એટલે આ આખી સાયકલ ચાલે છે. તો આપણે સૌ આપણા મનને મિત્ર બનાવી અને એની ઈચ્છાઓ પર કાબુ મેળવી શકીએ અને ભગવત ગીતામાં કહ્યા મુજબ જીતેન્દ્રિય બની નિત્ય સંન્યાસી બની જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### જિંદગીની સફરનો ઓચિંતો અંતઃ વધુ ચાર પરિવારોએ મોભી, આધારસ્તંભ ગુમાવતાં શોકની કાલીમા

# માતા-પિતા ઘરે પહોંચ્યા તો એકનો એક યુવાન દિકરો લટકતો મળ્યો!

## રૈયા રોડ પર ક્વાર્ટરમાં ઘટનાઃ એકવીસ વર્ષના યુવાને અકળ કારણે જીવ દીધોઃ ભગવતીપરામાં સાત વર્ષની બાળાને તાવ ભરખી ગયોઃ માજોઠીનગરમાં પાંચ વર્ષની બાળા માટે વિજકરંટ વેરી બન્યોઃ શારદાનગરના જમીન-મકાનના ધંધાર્થીને હૃદયે દગો દીધો





રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. અનેક પરિવારો પોતાના સ્વજનોને ઘરના આધારસ્તંભને ઓચીંતા ગુમાવી દેતા હોય છે. આવી વધુ ચાર ઘટના સામે આવી છે જેમાં એક બનાવમાં માતા-પિતાના એકના એક આધારસ્તંભ એવા એકવીસ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. બીજી બે ઘટનામાં માસુમ બાળકીઓ કાળનો કોળીયો બની ગઇ હતી. સાત વર્ષની બાળાને તાવ ભરખી ગયો હતો તો પાંચ વર્ષની બાળા માટે વિજકરંટ વેરી બન્યો હતો. ચોથી ઘટનામાં જમીન મકાનના ધંધાર્થીનું હૃદય રોગના હુમલાને કારણે મૃત્યુ થયું હતું. આ તમામના મૃત્યુ સિવિલ હોસ્પિટલમાં થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરના રૈયા રોડ પર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં એકવીસ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. માતા-પિતા બહારગામ ગયા હોઇ ત્યાંથી સાંજે ઘરે આવ્યા ત્યારે એકનો એક દિકરો લટકતો જોવા મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ત્રિલોક પાર્ક પાસે ક્વાર્ટરમાં રહેતાં રવિ કનુભાઇ રાઠોડ નામના યુવાને ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર રવિ બે બહેનનો એકનો એક વચેટ ભાઇ હતો અને માતા-પિતાનો એક જ આધારસ્તંભ હતો. તે ખાનગી કોલેજમાં ઇલેક્ટ્રીક મેઇન્ટેન્સનું કામ સંભાળતો હતો. માતા-પિતા બે દિવસથી બહારગામ હતાં. ગઇકાલે સાંજે તેઓ પરત આવ્યા ત્યારે ઘરમાં દિકરો લટકતી હાલતમાં મળતાં કલ્પાંત સર્જાયો હતો. કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી. મૃતક યુવાનની અંતિમવિધી તેના વતન વિછીયાના અજમેર ગામે કરવામાં આવી હતી. દિકરાએ આવુ પગલુ શા માટે ભર્યુ? તેનાથી માતા-પિતા પણ અજાણ હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજી ઘટનામાં ભગવતીપરા વિસ્તારમાં સાત વર્ષની બાળકીને તાવ ભરખી ગયો હતો. તો બીજા બનાવમાં પાંચ વર્ષની બાળકીનું વિજકરંટ લાગવાથી મોત થયું હતું. ભગવતીપરા ગાંધી સ્મૃતિ સોસાયટીમાં રહેતી ફરીદા હાજીશા શાહમદાર નામની સાત વર્ષની બાળાને તાવ-શરદી હોઇ તબિયત બગડતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ફરીદા બે ભાઇ અને ત્રણ બહેનમાં નાની હતી. તેના પિતા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. ફરીદા ધોરણ-૨માં અભ્યાસ કરતી હતી. લાડકવાયી દિકરીના મોતથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

અન્ય એક ઘટનામાં પણ બાળકીનું મૃત્યુ થયું હતું. જેમાં ભાવનગર રોડ નજીક માજોઠીનગરમાં રહેતી પાંચ વર્ષની બાળકી ધારા વિજયભાઇ સાવલિયા તેના ઘેર હતી ત્યારે લોખંડની સીડીને અડવા જતા તેને વીજકરંટ લાગતા કમકમાટી ભર્યુ મોત નિપજ્યુ હતું. બનાવને પગલે થોરાળાના જયેશભાઇ નિમાવત સહિતે કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની તપાસમાં ધારા ત્રણ બહેન અને એક ભાઇમાં નાની હતી. પોલીસની વધુ તપાસમાં ખુલ્યા મુજબ થોડા દિવસ પહેલા માજાઠીનગરમાં ડિમોલિશન થયું હતું ત્યારે વિજયભાઇનું મકાન પણ અડધું તોડી પડાયું હતું. દરમિયાન મકાનમાં સીડીને વાયર અડી જતા વીજકરંટ લાગ્યો હતો અને બાળકી સીડી સાથે ચોંટી ગઇ હતી. બાળકીને બચાવવા પાડોશીઓ દોડી ગયા હતાં. પણ જીવ બચ્યો નહોતો. આ બનાવથી વિસ્તારમાં પણ અરેરાટી વ્યાપી ગઇ હતી.

મૃત્યુની ચોથી ઘટનામાં હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યો હતો. યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોક નજીક શારદાનગર શેરી નં. ૬માં રહેતાં એકાવન વર્ષના દિનેશભાઇ માધવજીભાઇ રાંક સાંજે સાડા છએક વાગ્યે ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર દિનેશભાઇ મુળ કાલાવડના નાના વડાળાના વતની હતાં અને બે ભાઇમાં નાના હતાં. તેઓ જમીન મકાન લે-વેંચનું કામ કરતાં હતાં. સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. આ તમામ બનાવોમાં સિવિલ હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જે તે પોલીસ સ્ટેશનોને જાણ કરતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજકોટ - અમદાવાદ હાઈવે ૬ લેન કરવા ૩૩૫૦ કરોડનો થશે ખર્ચ



## મુસાફરીમાં ૪૫ મિનિટની સમય બચત સાથે ૧૫ ટકા સુધી ઇંધણના ઉપયોગમાં મળશે રાહત

રાજકોટ, તા. ૧૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર છેલ્લા ઘણા સમયથી માળખાગત સુવિધાઓના વિકાસ માટે તમામ સંભવત પ્રયત્નો કરી રહ્યું છે જેના ભાગરૂપે હાલ જે હાઇવે છે તેને પ્રાથમિક તબક્કે શુદ્રઢ બનાવવા અને સિક્સલેન બનાવવા માટેનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે જેનાથી જે મુસાફરીનો સમય હોય તેમાં પણ બચાવ થઈ શકે અને ઈંધણમાં પણ બચાવ થાય હાલ આ તમામ બાબતોને ધ્યાને લઈ ગઈકાલે રાજ્ય સરકાર દ્વારા રાજકોટ થી અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ કે જે સિક્સલેન બની રહ્યો છે તેના માટે ૩૩૫૦ કરોડનો ખર્ચ થશે તેવું જાણવા મળ્યું છે.

આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ સંપૂર્ણ ડેવલપ થઈ જતા મુસાફરીના સમયમાં પણ આશરે ૪૫ મિનિટનો ઘટાડો થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે

સામે ૧૦ થી ૧૫ ટકા જેટલું ઈંધણમાં પણ બચાવ થશે તેવું હાલ સરકારનું માનવું છે ત્યારે રાજ્ય સરકાર તરફથી આ હાઈવે ને ઝડપભેર પૂર્ણ કરવા માટેના હાલ દરેક સંભવત પગલાંઓ લેવા માટે એજન્સીઓને પણ સૂચિત કરી દેવામાં આવી છે.

ગઈકાલે વિધાનસભામાં અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિશે મુખ્યમંત્રી વતી વિગતો આપતા સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીયકરણ કરવા માટે કુલ રૂ. ૩,૩૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. કુલ ૨૦૧.૩૩ કિ.મી. લાંબા આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પૈકી પ્રથમ તબક્કામાં હાથ ધરવામાં આવેલ ૧૯૭ કિ.મી.માંથી ૧૯૩ કિ.મી. એટલે કે ૯૮ ટકા કામગીરી ભૌતિક રીતે પૂર્ણ કરવામાં આવી છે.

જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, અમદાવાદ-રાજકોટના છ માર્ગીયકરણ બાદ નાગરિકોના મુસાફરી સમયમા અંદાજે ૩૦ થી ૪૫ મિનિટ સુધીની બચત સાથે કુલ મુસાફરી સમય ઘટીને ૨.૩૨ કલાકનો થવાનો અંદાજ છે. જેના પરિણામે વાહનોના ઇંધણમાં અંદાજિત ૧૦ થી ૧૫ ટકા સુધીની બચત થશે.

આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી આપતા મંત્રીએ કહ્યું કે અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કુલ ૩૮ ફલાયઓવર-અન્ડરપાસના સ્ટ્રકચરની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે પૈકી ૩૪ ફલાયઓવર-અન્ડરપાસ સ્ટ્રકચરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ ૪ સ્ટ્રકચરની કામગીરી પ્રગતિ હેઠળ છે.

આ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીયકરણ કરતા વારંવાર અકસ્માત થતા હોય તેવા બ્લેક સ્પોટના સ્થળે વર્ષ ૨૦૧૯ની સાપેક્ષે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ અકસ્માતમાં આશરે ૪૧ ટકાનો ઘટાડો થયો છે.

આ રસ્તા પર કુલ ૩૪ બ્લેક સ્પોટ હતા જે પૈકી હાલમાં કુલ ૩૧ બ્લેક સ્પોટનો નિકાલ કરવામાં આવ્યો છે અને બાકી ૩ જેટલા બ્લેક સ્પોટનો ઝડપથી નિકાલ કરાવમાં આવશે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

# પ્રમોટેડ IAS માટે યોજાશે ઇન્ડકશન પ્રોગ્રામ

## મસુરી ખાતે ૫ મેથી ૧૩ જૂન યોજાશે તાલીમ કાર્યક્રમ : ૪૬૦ અધિકારીઓની યાદી તૈયાર



નવીદિલ્હી, તા. ૧૭

આ વર્ષથી કેન્દ્ર સરકાર ઈઅજ કેડરમાં બઢતી પામેલા રાજ્ય નાગરિક સેવા અધિકારીઓ માટે તેના સામયિક તાલીમ કાર્યક્રમમાં કેટલાક ફેરફારો કરી રહી છે, જેમાં ૨૦૧૫ થી IAS કેડરમાં બઢતી પામેલા તમામ રાજ્ય અધિકારીઓનો સમાવેશ થાય છે. જ્યારે ૨૦૧૫ થી ૨૦૨૪ ની વચ્ચે IAS કેડરમાં પ્રમોશન પામેલા વિવિધ રાજ્ય નાગરિક સેવાઓના ૪૬૦ થી વધુ અધિકારીઓ વિસ્તૃત તાલીમ કાર્યક્રમ માટે મસૂરીમાં લાલ બહાદુર નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન ખાતે આવે છે, ત્યારે તેમની પાસે તાલીમમાંથી નાપસંદ કરવાનો કોઈ વિકલ્પ રહેશે નહીં, જેમ કે ઘણીવાર થાય છે.

ઉપરાંત, તેઓને ''ઓલ ઈન્ડિયા બેસ્ટ પ્રેક્ટિસ'' અને ''ઓલ ઈન્ડિયા પરિપ્રેક્ષ્ય'' પર એક નવું પ્રશિક્ષણ મોડ્યુલ આપવામાં આવશે જેથી તેઓ સમજી શકે કે સીધા ભરતી કરાયેલ IAS અધિકારીઓ સેવામાં શું લાવે છે. ગુજરાત, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ સહિતના વિવિધ રાજ્યોના મુખ્ય સચિવોને મોકલવામાં આવેલા સંદેશાવ્યવહાર અનુસાર, કર્મચારી અને તાલીમ વિભાગ (DoPT) એ જણાવ્યું હતું કે, LBSNAA, મસૂરી ભારતીય વહીવટી સેવા (IAS)માં બઢતી પામેલા અધિકારીઓ માટે ઇન્ડકશન ટ્રેનિંગ પ્રોગ્રામ (ITP) આયોજિત કરે છે અને તેમને સમગ્ર દેશમાં રાજ્યની સર્વોત્તમ નાગરિક સેવા પ્રદાન કરે છે '' સત્તાવાર સંદેશાવ્યવહારમાં, જેની એક નકલ સચિવાલય સાથે છે, DoPT એ ખેદ વ્યક્ત કર્યો કે ''છેલ્લા કેટલાક જૂથો દરમિયાન, સંબંધિત રાજ્ય સરકારો દ્વારા નામાંકિત અધિકારીઓ તાલીમમાં હાજર રહ્યા ન હતા અને છેલ્લી ક્ષણે વિવિધ આધારો પર મુક્તિ માંગી હતી.''

જો કે, કર્મચારી અને તાલીમ વિભાગે ભારપૂર્વક કહ્યુંઃ ''કૃપા કરીને ધ્યાનમાં લેવામાં આવે કે એકવાર નામાંકન કરવામાં આવે અને સ્વીકારવામાં આવે, તે પછીથી પાછું ખેંચી શકાતું નથી. ઉપરોક્ત ધ્યાનમાં રાખીને, હું તમને વિનંતી કરું છું કે ઉક્ત ઇન્ડકશન તાલીમ માટે નામાંકિત અધિકારીઓને સમયસર તાલીમમાં હાજર રહેવા જણાવ્યું હતું.

પ્રથમ બેચના ભાગરૂપે, ૧૫૦ અધિકારીઓને ૫ મે અને ૧૩ જૂન, ૨૦૨૫ ની વચ્ચે ૧૨૭મા ઇન્ડકશન તાલીમ કાર્યક્રમમાંથી પસાર થવા માટે પસંદ કરવામાં આવ્યા છે, અને 'પહેલા આવો-પહેલા સેવા'ના ધોરણે તેમાં ભાગ લેવાની અપેક્ષા છે. ''આઈએએસમાં સામેલ કરાયેલા અધિકારીઓ માટે આ તાલીમમાંથી પસાર થવાની આ એક વખતની તક છે,'' તે જણાવે છે.

તાલીમ કાર્યક્રમ માટે ઓળખવામાં આવેલા કુલ ૪૬૭ અધિકારીઓમાંથી સૌથી વધુ ૧૦૬ ઉત્તર પ્રદેશના છે. પછીનું સ્થાન તમિલનાડુનું છે, જ્યાંથી ૪૯ની પસંદગી કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા તૈયાર કરાયેલી યાદી અનુસાર, ૩૬ મધ્યપ્રદેશના, ૩૨ પશ્ચિમ બંગાળના અને ૨૯ AGMUT કેડરના છે. આ પછી, ગુજરાત અને કર્ણાટકના ૨૯-૨૯, તેલંગાણાના ૨૩, આસામ-મેઘાલય કેડરના ૧૫, છત્તીસગઢના ૧૪, ઓડિશાના ૧૩, પંજાબના ૧૨, રાજસ્થાન અને નાગાલેન્ડના ૧૧-૧૧ અને આસામ અને આંધ્રપ્રદેશના ૧૦-૧૦ અધિકારીઓ છે. કેડરના રાજ્યો જ્યાં અધિકારીઓને સિંગલ ડિજિટમાં પસંદ કરવામાં આવ્યા છે તેમાં ત્રિપુરા (૯), ઉત્તરાખંડ (૯), ઝારખંડ (૯), હિમાચલ પ્રદેશ (૫), બિહાર (૩), કેરળ (૨), મહારાષ્ટ્ર (૨) અને મિઝોરમ (૧)નો સમાવેશ થાય છે, કારણ કે આ તમામ અધિકારીઓ તેમના ગૃહ રાજ્યોને અનુરૂપ ૨૩ કેડરના છે.

# છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે ખનન મુદ્દે સરકારને ૩૦૯ કરોડની આવક

## ખનીજ ચોરી અંગે કુલ ૧૭,૬૯૫ કેસ નોંધાયા : રાજ્યના કોઈ પણ વિસ્તારમાં ખનીજ ચોરીને નહીં આવે બક્ષવામાં



રાજકોટ, તા. ૧૭

ભૂતકાળમાં સમગ્ર રાજ્યભરમાં ખનીજ ચોરીનું પાપ છાપરે ચડી પોકારતું હતું ત્યારે હવે આ અંગે ગુજરાત રાજ્ય સરકાર અત્યંત મક્કમ પગલાંઓ લઈ રહી છે જેને લઈને જે પણ ખનીજ ચોરી કરતા લોકો હોય અથવા મોટા ચોર હોય તેના પર કાયદા પિયા પગલા લેવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે ગત બે વર્ષમાં કુલ ૧૭ હજારથી વધુ કેસ નોંધવામાં આવ્યા હતા અને સરકારને પણ આશરે ૩૦૯ કરોડથી વધુની આવક થઈ હતી ત્યારે આવનારા દિવસોમાં હવે રાજ્યના કોઈ પણ વિસ્તારમાં ખનીજ ચોરી થતી હશે તેના પર આખરી કાર્યવાહી કરવા માટે હાલ રાજ્ય સરકાર દ્વારા તખતો તૈયાર કરી લેવામાં આવ્યો છે. હવે જોવાનું એ રહ્યું કે સૌરાષ્ટ્રમાં પણ ખૂબ વ્યાપક પ્રમાણમાં ખનીજ ચોરી થઈ રહી છે તેના પર આકરા પગલા લેવામાં આવે અને નકર આયોજન હાથ ધરી ખનીજ ચોરો પર તવાઈ બોલાવવામાં આવે તે ખૂબ જરૂરી છે. હાલ સમગ્ર રાજ્યમાં જો સૌથી વધુ ખનીજ ચોરી થતી હોય તો તે મહીસાગર અને પંચમહાલ જિલ્લો છે જેના પર સરકારે આકરા પગલાં લેવાનું શરૂ કર્યું છે.

વિધાનસભા ગૃહ ખાતે મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં ખનીજ ચોરીના કેસો અંગે પૂછાયેલા પ્રશ્નનો ખાણ અને ખનીજ વિભાગ વતી જવાબ આપતા મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોઇપણ વિસ્તારમાં ગેર કાયદેસર રીતે ખનીજનું ખનન થતું હશે તેના વિરુદ્ધ કડક પગલાં ભરવામાં આવે છે. ગેરકાયદે રીતે ખનીજના ખનન, વહન અને સંગ્રહના નિવારણ બાબતે રજુઆત અંગે તપાસ હાથ ધરી નિયમ અનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ગેરકાયદેસર ખનન, સંગ્રહ અને વહન અન્વયે ૧૭,૬૯૫ કેસ કરી રૂ. ૩૦૯.૨૫ કરોડની વસુલાત કરવામાં આવી છે.

મંત્રી રાજપૂતે ઉમેર્યું હતું કે, છેલ્લાં એક વર્ષમાં મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં કુલ ૭૭૯ કેસમાં રૂ. ૮૧૬.૭૩ લાખની નોટીસ ઇસ્યુ કરવામાં આવી છે. જેમાં મહિસાગર જિલ્લામાં ૧૫૪ કેસ કરી રૂ. ૨૨૯.૯૩ લાખની નોટીસ ઇસ્યુ કરાઈ છે તથા પંચમહાલ જિલ્લામાં કુલ ૬૨૫ કેસ કરી ૫૭૫.૫૯ લાખની નોટીસ ઇસ્યુ કરવામાં આવી છે.

# ૯ લાખના ચેક રીટર્ન કેસમાં કોર્ટમાં હાજર રહેવા હુકમ

## અનાજ ખરીદ્યા બાદ બાકીની રકમના આપેલા ચેક થયા રીટર્ન

રાજકોટ મિરર, તા.૧૭

રાજસ્થાનના જોધપુરના ભાડવસીયા મુકામે પદમાવતી ટ્રેડીંગના નામે અનાજ કઠોળનો ટ્રેડીંગનો ધંધો કરતા નિતેશ જૈનએ રાજકોટના સુરાણી ટ્રેડસના પ્રોપરાઈટર સંજય પોપટભાઈસુરાણી પાસેથી ખરીદેલા અનાજ કઠોળની ચુકવવાની બાકી રહેતી રૂ. ૯ લાખની રકમ સામે આપેલા ચેક બેન્કમાંથી વસુલાયા વગર પરત ફરતા કોર્ટે આરોપીને હાજર રહેવા હુકમ કર્યો છે.



રાજસ્થાનના પદમાવતી ટ્રેડીગના નામે અનાજ કઠોળના ટ્રેડીંગનો ધંધો કરતા આરોપી નિતેશ જૈનએ રાજકોટના સુરાણી ટ્રેડ્સના નામે અનાજ કઠોળનો હોલસેલનો ધંધો કરતા સંજય પોપટભાઈ સુરાણી પાસેથી રૂ.૧૪,૩૧,૨૪૦નું અનાજ ખરીદ્યું હતું.

આ રકમ સામે રાજસ્થાનના વેપારીએ રૂ. ૫,૩૧,૨૪૦ રોકડા ચૂકવી બાકીના રૂ.૯ લાખના ચેક આપ્યા હતા. આ ચેક બેંકમાં રજુ કરતા વસુલાયા વગર પરત ફરતા રકમ ચુકવવા ફરિયાદીએ જણાવ્યું હતું. પરંતુ દેણદારએ અસહકાર આપતા તેમની સામે કોર્ટમાં ફરિયાદ કરવામાં આવતા પદમાવતી ટ્રેડીંગના નિતેશ જૈનને અદાલતમાં હાજર થવા સમન્સ ઈસ્યુ કર્યું છે.

ઉપરોકત કામમાં ફરીયાદી સંજય સુરાણી વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ,ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણમ રોકાયા હતા.

# વધુ એક દિલની દગાખોરીઃ બેતાલીસ વર્ષના યુવાન સાઈટ પર ઢળી પડ્યા

## રોણકીમાં બનાવઃ અટીકા પારસ સોસાયટીના પરિવારે એકનો એક દિકરો ગુમાવ્યો

રાજકોટઃ હૃદય રોગના હુમલાની ઘટનાઓમાં વધુ એક બનાવ ઉમેરાઇ ગયો છે. વધુ એક પરિવારના આધારસ્તંભ દિકરાની જિંદગી ખતમ થઇ ગઇ છે. શહેરના અટીકા વિસ્તાર આહિર ચોક ન્યુ પારસ સોસાયટી-૩માં રહેતાં બેતાલીસ વર્ષના યુવન ઉમેશભાઇ છગનભાઇ લીંબાસીયા બપોરે રોણકી ગામે નાયરા પંપની પાછળ અમુલ્ય પ્રાઇમ્સ નામની બિલ્ડીંગ સાઇટ પર હતાં ત્યાં ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે તેમને નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

હાર્ટએટેકથી મૃત્યુ થયાનું જણાવાયું હતું. મૃત્યુ પામનાર ઉમેશભાઇ એક બહેનથી મોટા હતાં અને માતા-પિતાના એક જ દિકરા હતાં. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે ત્યાં કડીયા કામ કરવા માટે ગયા ત્યારે આ બનાવ બન્યો હતો. સિવિલ હોસ્પિટલ ચોકીના આસી સબ ઈન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઈએ જાણ કરતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી.

### ત્રંબાના વડાળીમાં સગીર વયના ભત્રીજાએ કાકાને પતાવી દીધાની ઘટનામાં બહાર આવી ચોંકાવનારી-લાલબત્તી સમાન વિગતો

# 'લાફો' અને 'અણગમતી ઈન્સ્ટા સ્ટોરી'...વાત હત્યા સુધી પહોંચી

## આ ગયે હૈ મેદાનમેં, અબ બાદશાહ કે સાથે બેગમ ભી નાચેંગી...એવી સ્ટોરી ભત્રીજાએ મુકતાં કુટુંબી કાકાએ તેને લાફો મારતાં વળતા ઘા રૂપે ભત્રીજાએ છરીઓ ઝીંકીઃ બે સંતાને પિતા ગુમાવ્યાઃ વિધવા માતાએ એકનો એક આધાર, બે બહેનોએ એક જ વીરો, પત્નિએ ભરથાર ગુમાવ્યો

રાજકોટઃ નહિ જેવી વાતે કે પછી સામાન્ય બબાલ પણ હવે હત્યા સુધી પહોંચી જાય છે. માણસોની સહનશક્તિ સાવ ખતમ થઇ રહી હોય તે પ્રકારની ચોંકાવનારી અને લાલબત્તી સમાન ઘટનાઓ સતત વધી ગઇ છે. લોકો એક બીજાનો જીવ લઇ લેતા પણ અચકાતા નથી, કોઇને પતાવી દેવા એ હવે સાવ રમત વાત થઇ ગઇ હોય તેવી ઘટનાઓ સતત સામે આવતી રહે છે. રાજકોટના ત્રંબાના વડાળી ગામમાં બત્રીસ વર્ષના યુવાનને તેના જ સગીર વયના કુટુંબી ભત્રીજાએ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાની ઘટનામાં ચોંકાવનારી અને લાલબત્તી સમાન વિગતો સામે આવી છે. ભત્રીજાએ પોતાના મોબાઇમલાં ઈન્સ્ટાગ્રામ પર આ ગયૈ હે મેદાનમાં અબ બાદશાહ કે સાથે બેગમ ભી નાચેંગી! એ પ્રકારની સ્ટોરી મુકતાં કાકાએ ગુસ્સે થઇ તેને લાફો મારતાં વળતા ઘા રૂપે ભત્રીજાએ છરીના ઘા દઇ મોત દઇ દીધુ હતું.

મોબાઇલ ફોનમાં સોશિયલ મિડીયાનો ઉપયોગ સારો અને ખરાબ એમ બંને રીતે થઇ રહ્યો છે. સોશિયલ મિડીયામાં લોકો જાતજાતની ને ભાત ભાતની રીલ્સ, સ્ટોરી મુકતાં હોય છે. જો કે ઘણીવાર બીજાને ચીડવવા કે ભીડવવા માટે પણ આવી રીલ્સ, સ્ટોરીનો સહારો લેવામાં આવતો હોય છે. આવી જ ઘટના ત્રંબાના વડાળી ગામે બની છે. રાજકોટ શહેરની ભાગોળે ભાવનગર હાઇવે પર આવેલા ત્રંબા નજીકના વડાળી ગામે રાતે હત્યાની ઘટના બનતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વડાળીમાં પાડાસણ રોડ પર રહેતાં બત્રીસ વર્ષના ભરતભાઇ નાગજીભાઇ મુછડીયા નામના યુવાનને તેના જ કુટુંબી સગીર ભત્રીજાએ પડખા, વાંસામાં છરીના ઘા ઝીંકી પતાવી દેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આરોપીને રાતોરાત ક્રાઇમ બ્રાંચની ટીમે સકંજામાં લીધો હતો. 'આ ગયે હૈ મેદાનમેં, અબ બાદશાહ કે સાથ બેગમ ભી નાચેગી!'... સગીર ભત્રીજાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં આવુ સ્ટેટસ મુકતાં કાકા ભરતભાઇને ન ગમતાં તેણે લાફો મારતાં સગીર ભત્રીજો ઉશ્કેરાયો હતો અને છરીના કાકાને ઝીંકી દીધા હતાં. આ ઘા એટલા ઉંડા હતાં કે હોસ્પિટલમાં કાકાનો મૃતદેહ જ પહોંચ્યો હતો.






**આજના સમયમાં સોશિયલ મિડીયા પર રીલ્સ, સ્ટોરીનો ઉપયોગ મનોરંજનની સાથે સાથે બીજાને 'ચીડવવા' કે 'ભીડવવા' માટે વધુ થાય છેઃ આ ઘટનામાં સ્ટોરી મુક્યાનું મનદુઃખ એકનો જીવ લઇ ગયું**

હત્યાના બનાવની વિશેષ વિગતો જોઇએ તો વડાળીમાં રહેતાં ભરતભાઇ મુછડીયા પર રાતે તેની બાજુમાં જ રહેતાં કુટુંબી ભત્રીજાએ છરીના ઘા મારી દેતાં માથા, વાંસામાં ગંભીર ઇજા થતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇ સહિતે કરતાં આજીડેમ પીઆઇ એ. બી. જાડેજા, પીએસઆઇ જે. જી. રાણા, રાઇટર લક્ષ્મણભાઇ મકવાણા, મેરૂભા ઝાલા, હારૂનભાઇ ચાનીયા સહિતે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. ડીસીપી જગદીશ બાંગરવા, એલસીબી ઝોન-૧ પીએસઆઇ બી.વી. ચુડાસમા અને ટીમ તથા ક્રાઇમ બ્રાંચ પીઆઇ એમ. એલ. ડામોર, પ્રદિપસિંહ જાડેજા સહિતની ટીમ પણ દોડી ગઇ હતી.પોલીસે હત્યાનો ભોગ બનનાર ભરતભાઇના કુટુંબી ભાઇ મયુરભાઇ રાજાભાઇ મુછડીયા (ઉ.વ.૩૮)ની ફરિયાદ પરથી તેના કુટુંબી સગીર ભત્રીજા વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૩ (૧), જીપીએક્ટ ૧૩૫ (૧) મુજબ હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

ઘટનાની વિગતો જણાવતાં મયુરભાઇએ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે વિગતો આપતાં જણાવ્યું હતુ કે હત્યાનો ભોગ બનનાર ભરતભાઇ મારા કાકા નાગજીભાઇનો દિકરો થતો હતો. ભરતભાઇ બે બહેનનો એકનો એક મોટો ભાઇ હતી. તેનાથી નાની બે બહેનો સાસરે છે. ભરતભાઇના લગ્ન હલેન્ડાના પ્રેમજીભાઇ સોહલીયાની દિકરી નીતાબેન સાથે થયા મહતાં. ભરતભાઇને સંતાનમાં બે પુત્ર શિવમ અને દીકુ છે. આ બંને દિકરા છ અને બાર વર્ષના છે. રવિવારે રાતે સાડા આઠેક વાગ્યે હું અને મારા ઘરના સભ્યો ઘરે હતાં ત્યારે બહાર દેકારો થતાં અમે બહાર જતાં મારા કાકાના દિકરા ભરતભાઇ સાથે કુટુંબી ભત્રીજો બોલાચાલી કરતો જોવા મળ્યો હતો. અમે ત્યાં પહોંચ્યા એ પહેલા જ ભત્રીજાએ કાકા ભરતભાઇને છરીનો ઘા માથા, પડખામાં મારી દેતાં ભરતભાઇ લોહીલુહાણ થઇ પડી ગયો હતો. ત્યાં બીજા કુટુંબીઓ ભેગા થઇ ગયા હતાં. તેણે અમને વાત કરી હતી કે ભરતભાઇ અને સગીર ભત્રીજાને મોબાઇલમા સ્ટેટસ રાખવા મામલે ઝઘડો થયો હતો.

ત્યારપછી અમે કાર મારફત ભરતભાઇને રાજકોટ સારવાર માટે ખસેડ્યો હતો. રસ્તામાં ૧૦૮ મળતાં તેના મારફત રાજકોટ સિવિલમાં પહોંચાડ્યો હતો. પરંતુ અહિ તેણે દમ તોડી દીધાનું ડોક્ટરે જણાવ્યું હતું. દરમિયાન આ ઘટનામાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની રાહબરીમાં પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ ડોડીયા, પીએસઆઇ મોવલીયા, પ્રદિપસિંહ જાડેજા, વિશાલભાઇ, કનકસિંહ સોલંકી, તુલસીભાઇ, દિપકભાઇ સહિતની ટીમોએ રાતે જ સકંજામાં લઇ આજીડેમ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી. ક્રાઇમ બ્રાંચની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આરોપીએ અગાઉ એક વખત પોતાના મોબાઇલમાં વાંધાજનક સ્ટેટસ રાખ્યું હતું ત્યારે ઝઘડો થયો હતો.

ફરીથી આ સગીર ભત્રીજાએ 'આ ગયે હૈ મેદાનમેં, અબ બાદશાહ કે સાથ બેગમ ભી નાચેગી!' એવી સ્ટોરી ઇન્સ્ટાગ્રામ સ્ટોરીમાં રાખતાં કાકા ભરતભાઈને તે ન ગમતાં ઝઘડો થતાં તેણે તેને લાફા મારી લીધા હતાં. આથી તેણે ઉશ્કેરાઇ જઇ કાકાને છરીના ઘા ઝીંકી દીધા હતાં. આ ઘા કાકા માટે જીવલેણ સાબીત થયા હતાં.

ઉલ્લેખનિય છે કે સોશિયલ મિડીયાનો ઉપયોગ એ હદે પણ ન કરવો જોઇએ કે કોઇના માટે એ જીવલેણ નીવડી શકે. આ ઘટના પણ આવી બાબત સામે લાલબત્તી ધરી રહી છે. આ બનાવમાં આરોપીનો કબ્જો સંભાળી આજીડેમ પોલીસ વધુ તપાસ કરશે. હત્યાનો ભોગ બનનાર ભરતભાઇ બે બહેનનો એકનો એક મોટો ભાઇ હતો અને કડીયા કામની મજૂરી કરતો હતો. પિતા હયાત નથી. વિધવા માતા લક્ષ્મીબેન, પત્નિ નીતાબેન, બે માસુમ પુત્રો આ ઘટનાથી નોધારા થઇ ગયા છે. ઇન્સ્ટાગ્રામની સ્ટોરીને કારણે શરૂ થયેલા આ ડખ્ખાએ એક પરિવારની બે બહેનના એકના એક ભાઇ, વિધવા માતાના આધાર, પત્નિના ભરથાર અને બે બાળકોના પિતાને એક જ ઝાટકે છીનવી લીધા હતાં. આ ઘટનાએ ચકચાર સાથે શોક ફેલાવી દીધો છે.

# સગીરાના અપહરણમાં આરોપી સહિત ત્રણ ઝડપાયા

## LCB ઝોન-૨ ની ટીમે લોઠડામાંથી સગીરા સાથે આરોપી, તેના ભાઈ અને પિતાની કરી ધરપકડ

રાજકોટ મિરર, તા.૧૭

આજથી દોઢેક મહિના પહેલા ૨૭મી જાન્યુઆરીના રોજ ગાંધીગ્રામ - ૨ યુનિ. પોલીસમાં નોંધાયેલ અપહરણના ગુન્હામાં ક્ઈઇ ઝોન-૨ ની ટીમે સગીરા, તેમને ભગાડી જનાર આરોપી અને આરોપીના ભાઈ અને પિતા મળી ત્રણને લોઠડામાંથી દબોચી લીધા છે. આ ગુન્હામાં દુષ્કર્મની કલમ પણ ઉમેરાઈ છે.

મળતી વિગતો મુજબ ગાંધીગ્રામ-૨ યુનિ. પોલીસમાં એક સગીરાનું લલચાવી, ફોસલાવી અપહરણ થઈ ગયાનો ગુન્હો નોંધાયા બાદ હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ દાખલ કરાઈ હતી. આ ગુન્હાની તપાસ એલસીબી ઝોન -૨ ને સોંપાતા ટેકનીકલ સોર્સીસ અને સીસી ટીવી ફૂટેજના આધારે તપાસ માટે પોલીસે જુદી જુદી ટીમો બનાવી હતી.

દરમિયાન બાતમીના આધારે ભોગ બનનાર સગીરા તેમજ આરોપીઓને લોઠડા ગામમાંથી દબોચી લેવાયા હતા. આરોપી મનીષ ઉર્ફે મનીયો અરવિંદભાઇ અધેરા (ઉ.વ.૨૦), અરવિંદ કરશન અધેરા (ઉ.વ.૫૨) અને વિકાસ અરવિંદ અધેરા (ઉ.વ.૨૨)ને પકડી પાડી આગવી ધાબે પૂછપરછ કરતા આરોપીએ પોલીસને હકીકત કહી હતી કે મનીષ સગીરાને ભગાડી પ્રથમ તેના જેતપુર રહેતાં કાકાના ઘરે ગયો હતો. જ્યાંથી તેના કાકાએ આરોપીના પિતાને જાણ કરતાં તેઓ પિતા-પુત્ર જેતપુર દોડી ગયાં હતાં અને બાદમાં ચારેય ત્યાંથી લોઠડા રહેવા આવતાં રહ્યાં હતાં. અહીં તેઓ ભાડાના મકાનમાં જેટલાં રૂપિયા તેની પાસે હતાં. તેનું કરિયાણું લઈ મકાનમાં જ પડ્યાં રહેતાં હતાં. હાલ પોલીસે આરોપી સામે દુષ્કર્મ સહિતની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે.



# ગોંડલમાં રેશનીગ જથ્થો સગેવગે થઈ જતો હોવાની વ્યાપક ફરિયાદો

## દુકાનદારો અને સંબંધિતોની મીલીભગતના આક્ષેપો : ગ્રાહકોને નથી મળતું પુરતું રાશન : કુલદીપસિંહ જાડેજા

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૭

ગોંડલમાં રેશનકાર્ડ ઘરાકોને પુરતું રાશન ન મળતું હોવાની ફરિયાદ મચ્છરમાંથી જિરાફ જેવડી થઇ ગઈ હોવાની ગ્રાહકોમાં ફરિયાદો ઉઠી છે. સંબધિત અધિકારીઓ અને રેશનીંગ દુકાનદારોની મિલીભગતથી રેશનીગ પુરવઠો બારોબાર પગ કરી જતો હોવાની આશંકા મજબૂત બની છે. આ બાબતે તાકીદે તપાસ કરીને ગરીબોની ફરિયાદ ધ્યાને લેવા સ્થાનિક અગ્રણી કુલદીપસિંહ જાડેજાએ અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને લેખિતમાં રજૂઆત કરી છે.



કુલદીપસિંહ જાડેજા-ગોંડલ

રજુઆતમાં ગોંડલના યુવા અગ્રણી કુલદીપસિંહ જાડેજાએ રાજ્યના અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને જણાવ્યુ છે કે ગોંડલમાં આવેલ રેશનકાર્ડ દુકાનદારો નાગરિકોને મળવા પ્રાપ્ત જથ્થો આપતા નથી. ઘઉં, ચોખા, ખાંડ સહિતની વસ્તુઓ માત્ર અડધી આપવામાં આવે છે. સરકાર ગામડાના છેવાડાના માણસ સુધી રેશન પહોંચે તેવા પ્રયત્નો કરે છે પરંતુ રેશનીંગ પરવાનેદારો અને અધિકારીઓની ક્યાંક ને કયાંક મીલી ભગતના લીધે સામાન્ય માણસને રેશનીંગનો પુરવઠો અપૂરતો મળતો હોવાની બુમરાણ મચી છે.

તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું છે કે શહેરની બીજી અનેક રેશનકાર્ડ દુકાનો ચાર્જમા ચલતી હોવાથી જેના લીધે પણ લોકોને રાશન લેવામાં મુશ્કેલી પડે છે. એક જ વ્યક્તિ પાસે અનેક દુકાનો ચાર્જ હોવાથી મહિનામાં માત્ર બે દિવસ દુકાનો ખુલ્લી રાખી લોકોને બે દિવસમાં જથ્થો લઇ જવા દબાણ પણ કરવામાં આવતું હોવાની ફરિયાદો ઉઠી છે.

રજુઆતમાં કુલદીપસિંહ જાડેજાએ એવું પણ જણાવ્યું છે કે, જે તે દુકાનો પરથી લોકોને આપવાની આવતી રાશનની વિગતો દર્શાવાતુ બોર્ડ બહાર લગાવવામાં આવે તે જરૂરી છે. કારણ કે રાશનધારક પોતાને મળવા પ્રાપ્ત રાશનનો જથ્થો જાણી શકે. આ તમામ બાબતોની ગંભીરતા લઈને આવા દુકાનદારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લેખિતમા રજૂઆત કરાઈ છે.

# સિડનીમાં BAPS મંદિરમાં ઉજવાયો રંગોત્સવ

### મહંત સ્વામી મહારાજ-ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝની ઉપસ્થિતિમાં ભવ્યતાથી ઊજવાયો રંગોત્સવ

રાજકોટ મિરર, તા.૧૭

ઓસ્ટ્રેલિયાના સિડની મહાનગર ખાતેબી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક મહંત સ્વામી મહારાજ અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝની ઉપસ્થિતિમાં ભવ્યતાથી રંગોત્સવ ઉજવાયો હતો. મહંત સ્વામી મહારાજ વતી સંતોએ તેમનું પુષ્પહાર અને અમૃત કળશ દ્વારા સન્માન કર્યું હતું. આ પ્રસંગે બી.એ.પી.એસ. સંસ્થા અને મહંત સ્વામી મહારાજના કાર્યોથી પ્રભાવિત થઈ તેમણે પોતાની ભાવોર્મિઓ રજૂ કરતા જણાવ્યું,'અહીં આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવું એ ખરેખર સદ્ભાગ્યની વાત છે. મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આવા પવિત્ર સ્થાન પર, આજના ખાસ ઉત્સવદિને મને આજે અહીં મારી સાથી સભ્યો સાથે આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવાનો મોકો મળ્યો. મહંત સ્વામી મહારાજનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરું છું. તેઓ જે સંદેશ આપે છે તે બધા જ ઓસ્ટ્રેલિયનવાસીઓ માટે છે, કે બીજાના ભલામાં આપણું ભલું છે. સ્વામીજી, અમે આપના ખૂબ આભારી છીએ કે આપે ભારતથી અહીં પધારી આ ઉત્સવ માટે સિડની શહેરની પસંદગી કરી. બી.એ.પી.એસ. સંસ્થાના ૧૧૫ કરતા વધુ વર્ષોના ઈતિહાસમાં આ લાભ બીજીવાર અમને મળી રહ્યો છે. દસ વર્ષ પહેલાં આપે જે જગ્યાને પ્રસાદીભૂત કરી હતી, આજે એ જ જગ્યાએ ઉપસ્થિત રહી અમે ધન્યતા અનુભવીએ છીએ.



ઓસ્ટ્રિલયન લોકો વતી હું આપને કહેવા માંગુ છું કે આપનું અહીં સદાય સ્વાગત છે. રંગોનો આ મહાન ઉત્સવ, સૌને આસુરી પર દૈવીના વિજયનો ઉત્તમ સંદેશ આપે છે. રંગોનો આ ઉત્સવ ભારતીયોએ ઓસ્ટ્રેલિયન કેલેન્ડરને આપેલી એક ઉત્તમ ભેટ છે. આજે આપણે એક એવા સ્થાનની ઉજવણી કરી રહ્યા છીએ જે આ દેશને મળેલી અમૂલ્ય ભેટ છે અને એ છે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર. સ્વામીજીના સંકલ્પ મુજબ આ ભવ્ય મંદિર અહીં આકાર લઈ રહ્યું છે. આ મંદિર એ માત્ર ભક્તિનું સ્થાન નહીં, શાંતિ અને પવિત્રતાનું સ્થાન છે. કોઈપણ ભેદભાવ વગર દરેકને ગૌરવનો અનુભવ થાય તેવું સ્થાન છે. આ મંદિરનું નિર્માણ કાર્ય સંપૂર્ણપણે પૂર્ણ થશે ત્યારે તે ઓસ્ટ્રિલિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર હશે. શાંતિની શોધ કરનારા સૌ કોઈ માટે આ એક અતુલ્ય સ્થાન હશે.

હિન્દુ સમુદાય આ દેશનું એક અભિન્ન અંગ છે. અને તેના માટે જેટલું કરીએ એટલું ઓછું છે. ઓસ્ટ્રિલિયા આજે જે કાંઈ પણ છે તેના કારણોમાં પેઢીઓથી આપ સૌએ ઓસ્ટ્રેલિયા માટે જે કર્યું છે તે પણ છે. અને આપ સૌ આ આધુનિક ઓસ્ટ્રિલિયાનો એક ખૂબ જ અગત્યનો ભાગ છો. સ્વામીજી શીખવે છે કે સંપ એ શક્તિ છે. જ્યારે સંપથી કાર્ય કરીએ છીએ ત્યારે કશું જ અશક્ય નથી.

૧૯૯૧માં જ્યારે એક પ્રવાસી યુવાન તરીકે મે ભારતની પ્રથમ મુલાકાત લીધી ત્યારથી મને ભારત અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અનહદ લગાવ રહ્યો છે. તેમાંય નવી દિલ્હી ખાતે અક્ષરધામની મુલાકાત મને આજે પણ યાદ છે. ઓસ્ટ્રિલિયામાં આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે. હું માનું છું કે આ મંદિર ઓસ્ટ્રેલિયાના અક્ષરધામ તુલ્ય હશે. આપના સમુદાયમાં એક મહાન શક્તિ છે. બી.એ.પી.એસ.ના તમામ સ્વયંસેવકો અને આપના સમુદાયના સૌ સભ્યોએ આ માટે ગૌરવ અનુભવવું જોઈએ. સ્વામીજી, આપને પ્રણામ સાથે ઓસ્ટ્રેલિયામાં, આપના ઘરમાં, આપનું સ્વાગત છે.'

પૂજ્ય મહંત સ્વામી મહારાજે સિડની ખાતે મંદિરના વિશાળ પરિસરમાં, તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની વિશાળ પ્રતિમાના પ્રાંગણમાં બેઠેલા દેશ-વિદેશના હજારો ભક્તો-ભાવિકોને ભક્તિરંગથી રંગ્યા હતા.

# RTE હેઠળ આવક મર્યાદા વધારાતા જીલ્લા ભાજપે આવકારી

## રૂ.૧.૨૦ લાખમાંથી વધારીને રૂ.૬ લાખ આવક મર્યાદા કરાતા સરકારનો નિર્ણય ગરીબ-મધ્યમ વર્ગીય લોકો માટે હિતકારી : અલ્પેશ ઢોલરીયા

રાજકોટ મિરર, તા.

ગરીબ અને મધ્યમવર્ગના હિતમાં સતત સંવેદનશીલ નિર્ણયો લેતી ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને અભિનંદન પાઠવતા રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, ભાજપની રાજ્ય સરકાર હંમેશા પ્રજાહિતલક્ષિ નિર્ણયોમાં ગરીબ અને મધ્યમવર્ગના બાળકોના ભવિષ્યના શિક્ષણની ચિંતા કરે છે.

અગાઉના નિર્ણયમાં ૧.૨૦ લાખની વાર્ષિક આવક મર્યાદાના કારણે જરૂરયાતમંદ બાળકો આર.ટી.ઈ. હેઠળ શાળાઓમાં પ્રવેશ લેવાથી વંચિત રહેતા હોવાથી આજના વર્તમાન સમયને ધ્યાનમાં લઇ પ્રજાના હિતલક્ષી ખુબ જ સુચારુ નિર્ણયો લઈ આ વાર્ષિક ૬.૦૦ લાખની આવકમર્યાદાના વધારાના કારણે વધુમાં વધુ ગરીબ અને મધ્યમવર્ગના બાળકો આ યોજનાનો લાભ લઈ શકશે.



શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તા.૧૬/૦૩/૨૦૨૫ના રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી રખાઈ હતી પરંતુ ઓનલાઈન અરજી કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂ.૧.૫૦ લાખ આવક મર્યાદા હતી, જે શિક્ષણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૫ના પત્રથી મળેલ મંજુરી અન્વયે હવેથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તાર બન્ને માટે વાર્ષિક રૂ. ૬ લાખ કરવામાં આવી છે.

પરિણામે વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા બાળકોના વાલીઓ વેબસાઈટ પર તા. ૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર સુધી ઓનલાઈન અરજી કરી શકશે તેમજ અન્ય કેટેગરી તથા અગાઉ કોઈ કારણસર અરજી ન કરી શકનાર અરજદારો પણ આ સમયગાળા દરમિયાન અરજી કરી શકશે.

તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઇન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઇન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

# જિલ્લાની સહકારી પ્રવૃતિ આગવી ઓળખ સમાન : લલિત રાદડિયા

## રાજકોટ જિલ્લા સહકારી સંઘ, જિલ્લા રજીસ્ટ્રાર (સ.મં.)રાજકોટ અને શિવશકિત શરાફી સહકારી મંડળી લી.ના સંયુકત ઉપક્રમે રાજકોટ તાલુકાની સહકારી સંસ્થાઓનો વન-ડે સેમીનાર યોજાયો

રાજકોટ મિરર, તા.૧૭

રાજકોટ જિલ્લા સહકારી સંઘ, જિલ્લા રજીસ્ટ્રાર (સ.મં.),રાજકોટ તથા શિવશકિત શરાકી સહકારી મં.લી.,રાજકોટના સંયક્ત ઉપક્રમે આંતર રાષ્ટ્રીય સહકારીતા વષે-૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત તા. ૧૫-૦૩-૨૦૨૨૫ ને શનિવારના રોજ હોટલ ક્રિષ્નાપાર્ક, ગાંડલ રોડ, રાજકોટ ખાતે વન-ડે સેમીનાર યોજાયો હતો.

આ સેમીનારનું અધ્યક્ષ સ્થાન રાજકોટ જિલ્લા કો-ઓપ. કોટન માકેટીંગ યુનિયન લી. (રાજકોટ) ના ચેરમેન, રાજકોટ ડિસ્ટ્રી. બેંકના ડિરેકટર લલીતભાઈ રાદડીયાએ સંભાળ્યું હતું. સેમીનારમાં જીલ્લા સંઘના ચેરમેન દિનેશ ભુવા, માનદમંત્રી મનસુખલાલ સંખાવરા, શિવશકિત શરાફી મંડળીના ચેરમેન હરગોપાલસિંહ જાડેજા, કુલદિપસિંહ જાડેજા, સહકારી આગેવાન ધીરૂભાઈ ધાબલીયા, સહકારી આગેવાન અને ગરૂદતાત્રેય શરાફી મંડળીના ચેરમેન ટપુભાઈ લીંબાસીયા, રા.લો. સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા, જેતપુર તાલકા સંઘના ચેરમેન પ્રવિણભાઈ ગજેરા, ડિસ્ટ્રી. બંકના ડિરેકટર શેલેષભાઈ



ગઢીયા, સહકારી આગેવાન યજ્ઞેશભાઈ જોષી, જિલ્લા સંઘના ડિરેકટરઓ, મહિલા સમિતિના સહ કન્વીનર બિદીંયાબેન મકવાણા, સભ્યો, નિવૃત જજ બુધવાણી, જીલ્લા રજી. (સ.મં.) રાજકોટના ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ ગીતાબેન જીવાણી, ડિસ્ટ્રી. બંકના જનરલ મેનેજર વી.એમ. સખીયા, જસદણ તાલકા સંઘના મેનેજર, જિલ્લા સંઘના એકઝી.ઓફિસર જયાબેન ત્રિવેદી, નાગરિક બેંકના નિવૃત ઓફિસર ડો. હિતેષભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમીનારના અધ્યક્ષસ્થાનેથી રાજકોટના ચેરમેન લલીતભાઈ રાદડીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાની સહકારી પ્રવૃતિ ખુબ સારી પ્રગતિદાયક બની છે, તેનું કારણ આપણે સૌ સાથે મળી કામ કરીએ છીએ, જેના કારણે જિલ્લાની સહકારી પ્રવૃતિ આખા રાષ્ટ્રમાં એક આગવી ઓળખ ધરાવે છે, તેઓએ વધુમાં રાજકોટ ડિસ્ટ્રી. બેન્કની કામગીરી વિશે માહિતી માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમીનારમાં જીલ્લા રજી. સ.મં., રાજકોટએ જણાવ્યું હતું. કે રાજકોટ જિલ્લામાં જિલ્લા સંઘ ધ્વારા શિક્ષણની કામગીરી બહુ સારી રીતે થાય છે, અને આવા અનેક સેમીનારો, શિબિરો, કાર્યક્રમો યોજવામાં આવે છે. પરિણામે મંડળીઓએ પોતાના નફામાંથી કાઢેલ શિક્ષણફંડની રકમ તાત્કાલીક જિલ્લા સંઘમાં જમા કરાવી આપવી જોઈએ જેથી શિક્ષણની પ્રવૃતિને વેગ મળી શકે. તેઓએ જણાવ્યું હતું કે, ૨૦૨૫ ના વષેને કેન્દ્ર સરકારના સહકાર ખાતા ધ્વારા ''આંતર રાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫'' જાહેર

કરવામાં આવ્યું છે, જેથી દરેક મંડળીઓએ આ વષેની ઉજવણી કરે અને સહકારીતા ધ્વારા સારા રાષ્ટ્રના નિર્માણમાં ભાગીદાર બનીએ તેવું જણાવ્યું હતું.

આ સેમીનારમાં જિલ્લા સંઘના ચેરમેન દિનેશ ભુવાએ આઠ જિલ્લાને કાર્યક્ષેત્ર ધરાવતા ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટના પારડીમાં હાઈ-વે ઉપર આવેલ જગ્યા ઉપર રાજય સ્તરના એક વિશાળ સહકારીતાને સમૃધ્ધ બનાવવા માટે અધતન સુવિધા સહીતના તાલીમ કેન્દ્રનું કર્મઠ કિશાન નેતા અને સહકારીતાના યુગપરૂષની યાદમાં ''વિઠલભાઈ રાદડીયા તાલીમ ભવન'' બનાવવામાં આવનાર છે, તેમાં સહકારી સંસ્થાઓને સાથ અને સહયોગ આપવા જણાવ્યું હતું.

આ સેમીનારમાં ગરૂદતાત્રેય શરાફી મંડળીના ચેરમેન ટપુભાઈ લીંબાસીયાએ જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃતિએ નાના માણસોના ઉત્કર્ષ માટેની પ્રવૃતિ છે, તેની જયોત હંમેશા પ્રજવલીત રહે અને પ્રકાશ ફેલાવતી રહે તે જોવાની ફરજ આપણા સૌની છે.

આ સેમીનારમાં રાજય સંઘ ધ્વારા સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર તાલુકા સહકારી સંઘોની શિલ્ડ અને પ્રમાણપત્ર હરિફાઈ યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે રાજકોટ લોધીકા સંઘ, દ્વિતીય ક્રમે જેતપુર તાલુકા સંઘ અને તૃતીય ક્રમે જસદણ તાલુકા સંઘ આવતા જેઓને જિલ્લા સંઘ તરફથી પ્રોત્સાહન રૂપે અનુક્રમે ૫,૦૦૦/- રૂમ.૪,૦૦૦/- અને રૂ. ૩,૦૦૦/- રોકડ પરસ્કાર રાજ કોટનના ચેરમેન લલીતભાઈ રાદડીયા અને સહકારી આગેવાનોના વરદ હસ્તે આપવામાં આવ્યા હતા. આ સેમીનારમાં વિષય તજજ્ઞ તરીકે રાજકોટ નાગરિક બંકના નિવૃત ઓફિસર ડો. હિતેષભાઈ શકલે સેવા આપી હતી.

આ સમગ્ર સેમીનારનું સંચાલન વ્યવસ્થાપન કેન્દ્રના અધ્યાપક મનીષાબેન ભાગીયાએ કર્યું હતું. સેમીનારમાં શરૂઆતમાં સ્વાગત પ્રવચન જિલ્લા સંઘના એકઝી. ઓફિસર જયાબેન ત્રિવેદીએ, આભારવિધી સહકારી આગેવાન યજ્ઞેસભાઈ જોષીએ કરી હતી. સેમીનારમાં રાજકોટ તાલુકાની સહકારી સસ્થાઓના પ્રમુખ-ચેરમેન, મેનેજર-મંત્રીઓએ બહોળી સંખ્યામાં જોડાયા હતા. સેમીનારને સફળ બનાવવા જિલ્લા સંઘ તથા શિવશકિત શરાફી મંડળીના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

---

### જો તું મારો ચેક નહીં આપે તો તને ઉપાડી લેશું, હું રાજકોટનો ડોન છું..

# અવંતિ પાર્કમાં પ્રૌઢને ઉછીના પૈસા લેનારની લુખ્ખી ધમકી



રાજકોટ મિરર તા.૧૭

શહેરના શીતલ પાર્ક અવંતી પાર્ક પાસે રહેતા પ્રૌઢને મામાના દીકરાને ઉછીના પૈસા અપાવ્યા બાદ બાહેંધરી પેટે આપેલો ચેક પરત આપવાની બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ શીતલ પાર્ક પાસે અવંતી પાર્કમાં રહેતા નરેન્દ્રભાઈ મગાભાઈ સાંગપાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે આજથી બે વર્ષ પહેલા સફલ એપાર્ટમેન્ટ, નાના મૌવા પાસે રહેતા મામાના દીકરા ધનસુખભાઈના પુત્ર બીપીનભાઈ ધનસુખભાઈ મકવાણાને બે લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા. અને આ રકમની બાહેંધરી પેટે નરેન્દ્રભાઈને એક કોરો ચેક તેની સહી કરી આપ્યો હતો.

દરમિયાન આજે બપોરે ૩ વાગ્યા નરેન્દ્રભાઈ પોતાના ઘરે હતા ત્યારે બીપીનનો ફોન આવ્યો હતો કે તમને મારો જે ચેક આપ્યો છે તે મને પરત કરી દો. આ સમયે નરેન્દ્રભાઈને કહ્યું હતું કે ભાઈ તું મારા પૈસા પાછા આપી દે એટલે હું તને તારો ચેક પાછો આપી દઈશ. આવી વાજબી વાત સમજવાને બદલે બીપીન નરેન્દ્રભાઈને ફોનમાં ગાળો આપવા લાગ્યો હતો અને બીપીને કહ્યું કે જો ''તું મારો ચેક નહીં આપે તો તને ઉપાડી લેશું, હું રાજકોટનો ડોન છું'' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે ગાંધીગ્રામ પોલીસમાં બિપિન ધનસુખ મકવાણા સામે ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# જુગારના બે દરોડામાં ૮ ઝડપાયા

## રૂ. ૨૯,૭૭૦નો મુદ્દામાલ કબજે કરતી ભાયાવદર અને ધોરાજી તાલુકા પોલીસ

રાજકોટ મિરર તા.૧૭

ધોરાજી તાલુકા અને ભાયાવદર પોલીસે જુગારના બે દરોડા પાડી જાહેરમાં જુગાર રમતા ૮ શખ્શોને રૂ.૨૯, ૭૭૦નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ જિલ્લાના ભાયાવદર પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન ઢાંક ગામ બસ સ્ટેન્ડ પાસે આવતા બાતમી મળી હતી કે મેરવદર ગામે રામાપીર વાળી શેરીમાં ખુલ્લા પટમાં ૫ શખ્શોને જુગાર રમે છે. આવી બાતમી મળતા પોલીસે દરોડો પાડતા ઉપલેટા તાલુકાના મેરવદર ગામમાં રહેતા લાલજીભાઈ મંગાભાઈ વિંઝુડા, ભલાભાઈ નાગજીભાઈ મકવાણા, રાજેશભાઈ નાથાભાઈ મકવાણા, નરેશભાઈ આલાભાઈ સાગઠિયા, પોરબંદર જીલ્લાના કૃતિયાણા તા. ના માલણકા ગામમાં રહેતા હમીરભાઈ પીઠાભાઈ વિંઝુડાને રૂ. ૧૦,૦૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં ધોરાજી તાલુકા પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન ભુતવડ તા.ના નવાપરામાં જયાબેન ઝરવરિયાના મકાનમાં જુગાર રમતા ત્રણ શખ્શોને ઝડપી પાડ્યા હતા. જેમા ધોરાજી તાલુકાના ભરતભાઈ ઉર્ફે મુકેશ વાલજીભાઈ ઝરવરીયા, ઉપલેટા તાલુકાના વરજંગ જાળી ગામમાં રહેતા મનોજ રવજીભાઈ સિહોરા, મનોજ રવજીભાઈ સિહોરાને રૂ. ૧૯,૭૫૦ના મુદ્દામાલ સાથે પકડી કાર્યવાહી હાથ ધરી હતી

---

# પોલીસે ધમકીખોરોની શરુ કરી શોધખોળ

રાજકોટ મિરર તા.૧૭

રાજકોટ જિલ્લાના શાપર વેરાવળ તાલુકાના ગુજરાત કાસ્ટિંગ કારખાનાની ઓરડીમાં રહેતા યુવાન હોળીના તહેવારમાં ટેપ વગાડવા બાબતે પાડોશીએ ના પાડતા ૨ ભાઈઓએ યુવાનને સાવરણીથી હુમલો કરતાની ફરિયાદ શાપર વેરાવળ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ પડવલા ગામની સીમ, ઈશ્વર વેબ્રિજની પાછળ, ગુજરાત કાસ્ટિંગ કારખાનાની ઓરડીમાં મૂળ જ્ઞાનપુર તા. કુલુવર જી. આરા બિહારના વતનીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા. ૧૪ના ધુળેટીનો તહેવાર હોવાથી કારખાનામાં રજા હોવાથી ધૂળેટીના તહેવાર અનુસંધાને ટેપ વગાડતા હતા. બપોરે ત્રણ વાગ્યે આસપાસ તેમની બાજુમાં રહેતા નરેન્દ્ર અને મહેન્દ્ર બંને ભાઈઓએ આવીને કહ્યું કે તું ટેપ ધીમુ વગાડ. ત્યારે તેમણે કહ્યું કે આજે ધુળેટી છે, હું ટેપ ધીમું જ વગાડું છું તેવી વાત કરતા નરેન્દ્ર અને મહેન્દ્ર બંને જણા એકદમ ઉશ્કેરાઈને ગાળો આપવા લાગ્યા હતા.

પણ ગાળો આપવાની ના પડતા વધારે ઉશ્કેરાઈ જતા ઝપાઝપી કરવા લાગતા તેમના સગર્ભા પત્ની બહાર આવતા છોડાવવા વચ્ચે પડતા બંને શખ્સોએ તેમના પત્નીને ધક્કો મારી નીચે પછાડી દઈને સાવરણી વડે માર મારવા લાગ્યા હતા,

એટલુજ નહિ મહેન્દ્ર તેણીને ઢસડવા લાગ્યો ત્યારે દેકારો કરવા લાગતા આજુબાજુમાં રહેતા માણસો ભેગા થઈ જતાં વધુ મારમાંથી છોડાવ્યા હતા. આ બંને ભાઈઓએ કહ્યું હતું કે હવે પછી તું ટેપ વગાડીશ તો તમને બધાને પતાવી દઈશું તેવી ધમકી આપી હતી. ત્યારબાદ આ બંને ભાઈઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. બનાવ સમયે તેમના પત્નીને માથામાં ઈજા થતા ૧૦૮ મારફતે રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ કર્યા હતા. આ બારાની શાપર વેરાવળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હુમલાખોર સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

---

### મોરબી રોડની સોસાયટીમાં કેટરર્સના ધંધાર્થીના ઘરમાં ચાવી બનાવવાના બહાને આવી છ લાખથી વધુના દાગીના-રોકડ ઉસેડી ગયા હતાં

# ચોરીનો ભેદ ખુલ્યોઃ બે સિકલીગરને ૭ લાખના માલ સાથે પકડી લેવાયા

## ચોરાઉ દાગીના સોની બજારમાં વેંચે એ પહેલા ક્રાઈમ બ્રાંચની ટીમે પકડ્યાઃ એક શખ્સ અગાઉ ચોરીના ચાર ગુનામાં સામેલ



રાજકોટઃ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં કબાટ કે ઘરોની ચાવી બનાવવાના બહાને આવતાં સીકલીગર ગેંગના શખ્સો અવાર-નવાર કબાટમાંથી રોકડ, દાગીના સફાચટ કરી જતાં હોવાના કિસ્સા બનતા રહે છે. આવો જ એક બનાવ શહેરના મોરબી રોડ વિસ્તારમા ગિરિરાજ પાર્ટી પ્લોટની બાજુમાં ખોડિયારપાર્કમાં રહેતા અને કેટરિંગનો ધંધો કરતાં રમેશભાઇ તુલસીભાઇ સીતાપરા નામના વેપારીના ઘરમાં બન્યો હતો. જેમાં ચાવી બનાવવાના બહાને બે સરદારજી છ લાખ ઘરમાં ચાવી બનાવવાના બહાને આવેલા બે શખ્સ રૂા. ૬. ૬ લાખની ચોરી કરી ગયા હતાં. આ મામલે બી-ડિવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ક્રાઇમ બ્રાંચે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી સીકલીગર ગેંગના બે શખ્સને સોની બજારમાં ચોરાઉ દાગીના વેંચે એ પહેલા દબોચી લઇ રોકડ-દાગીના મળી સાત લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ચોરીના બનાવનો ભેદ ઉકેલવા બી-ડિવીઝનની સાથે ક્રાઇમ બ્રાંચ, એલસીબીની ટીમ પણ ભેદ ઉકેલવા મહેનત કરી રહી હતી. આ દરમિયાન ક્રાઇમ બ્રાંચના એએસઆઇ અનિલભાઇ સોનારા, સમીરભાઇ શેખ અને કોન્સ. જીલુભાઇ ગરચરને ચોક્કસ બાતમી મળી હતી કે રમેશભાઇના ઘરમાં થયેલી ચોરીના દાગીના વેંચવા બે શખ્સ સોની બજારમાં આવ્યા છે. તેના આધારે સિકલીગર ગેંગના બે શખ્સ પોપટસીંગ ઉર્ફે મલખાન ગોકુલસીંગ સીકલીગર તથા શેરૂસીંગ સુનિલસીંગ સીકલીગરને દબોચી લીધા હતાં. આ બંને દાહોદમાં ગોદી રોડ સીંગલ ફળીયા ખાતે રહે છે. આ બંને ચોરાઉ દાગીના વેંચે એ પહેલ દબોચી લઇ તેની પાસેથી સોનાનો સેટ, બે વીંટી, ચેઇન, કાનસર, બુટી, રોકડા સાંઇઠ હજાર, એક મોબાઇલ ફોન કબ્જે કર્યા હતાં. ઘરધણી રમેશભાઇ ગત પાંચમી તારીખે ઘરની ડેલીએ બેઠા હતાં ત્યારે પાડોશી મગનભાઇના ઘરે ચાવી બનાવવા બે સરદાર આવ્યા હોઇ ત્યાંથી ચાવી બનાવી તે બહાર નીકળતાં રમેશભાઇએ મુખ્ય દરવાજાના તાળાની ડુપ્લીકેટ ચાવી તેની પાસે બનાવી હતી.

ત્યારબાદ રમેશભાઇએ ઘરમાં રહેલા કબાટની ચાવી બનાવી દેવાનું કહેતા બંને કબાટની ચાવી બનાવી રહ્યા હતા તે વખતે તે બંને શખ્સે તિજોરીની પણ ડુપ્લીકેટ ચાવી બનાવી દેવાનું કહેતા રમેશભાઇએ તિજોરીની અસલ ચાવી તેને આપી હતી, જે ચાવીથી તે બંને શખ્સો અવારનવાર તિજોરી ખોલબંધ કરતા હતા અને આ બંને શખ્સે તિજોરીની અસલ ચાવી બગાડી નાખી હતી, અને બંનેએ કહ્યું હતું કે, સાંજ પડી ગઇ છે, કાલે સવારે નવ વાગ્યે કબાટ-તિજોરીની ડુપ્લીકેટ ચાવી બનાવી આપશું, તેમ કહી બંને શખ્સ ચાવી સાથે જતા રહ્યા હતા.

બીજા દિવસે તેઓ આવ્યા નહોતા. શંકા જતાં બપોરે તિજોરીનું તાળું તોડતાં અંદર રાખેલા કુલ રૂા. ૬,૦૬,૭૦૦ની કિંમતના ૮૩.૪૨૦ ગ્રામ સોનાના દાગીના જોવા મળયા નહોતા. આમ આ બંને સરદાર શખ્સ ચાવી બનાવવાના બહાને તિજોરીમાંથી હાથફેરો કરી ગયાની ખબર પડી હતી. ઝડપાયેલો શેરસીંગ ઉર્ફે મલખાન અગાઉ રાજકોટ ભક્તિનગર, એ-ડિવીઝન, અમદાવાદ પોલીસમાં બે મળી ચોરીના ચાર ગુનામાં પકડાયો હતો અને અગાઉ પાસામાં ધકેલાયો હતો. જ્યારે શેરૂસીંગ અમદાવાદ વટવામાં ચોરીમાં પકડાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ એ. એસ. ગરચર, એએસઆઇ અનિલભાઇ સોનારા, સમીરભાઇ શેખ, હેડકોન્સ. દિવ્યરાજસિંહ ઝાલા, કોન્સ. જીલુભાઇ ગરચર, હરપાલસિંહ જાડેજા, ધર્મરાજસિંહ રાણા, અર્જુન ડવ, ગોપાલભાઇ પાટીલ, અશ્વિનભાઇ પંપાણીયાએ આ કામગીરી કરી હતી. આ રીતે ચાવી બનાવી આપવાના બહાને આવતાં અમુક શખ્સો સીકલીગર ગેંગના હોઇ શકે છે. ચાવી બનાવવાનું કામ સોંપીએ ત્યારે કાં તો પહેલેથી જ કબાટમાંથી કિમતી ચીજવસ્તુ કાઢી લેવી, કાં તો સતત નજર રાખવી. જેથી આ પ્રકારની ચોરીથી બચી શકાય.

---

### સુભાષનગરના શખ્સ સહિત ત્રણને પકડી લઇ યુનિવર્સિટી પોલીસને સોંપાયા

# બહુ ગાજેલા સગીરાના અપહરણ પ્રકરણમાં સુત્રધાર મનિયો અને મદદગાર પિતા-ભાઇ ઝડપાયા



એલસીબી ઝોન-૨ ટીમે રાજકોટના લોઠડાની રૂમમાંથી પકડ્યાઃ એકાદ મહિનાથી અહિ રહેતાં હતાંઃ અપહૃત સગીરા પણ મળી આવીઃ પિતાએ હેબીયર કોપર્સ દાખલ કરી હતી

રાજકોટઃ શહેરના બહુ ગાજેલા અપહરણ પ્રકરણમાં અંતે એલસીબી ઝોન-૨ ટીમે સગીરાનું અપહરણ કરનાર મુખ્ય આરોપી અને સાથે તેને મદદ કરનારા તેના પિતા તથા ભાઇને પકડી લઇ સગીરાને મુક્ત કરાવી છે. શહેરના રૈયા રોડ પર સુભાષનગર-૮માં રહેતો મનિષ ઉર્ફે મનીયો અરવિંદભાઇ અઘેરા નામનો વીસ વર્ષનો શખ્સ સગીરાને ભગાડી જતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

પિતાએ હાઇકોર્ટમાં હેબીયર કોપર્સ પણ દાખલ કરી હતી. આ ગુનામાં સુત્રધાર સાથે તેનો પિતા, ભાઇ પણ સામેલ હોવાનું ખુલતાં યુનિવર્સિટી પોલીસે ત્રણેયની તસ્વીરો સાથે યાદી જાહેર કરી કોઇને જોવા મળે તો પોલીસને જાણ કરવા અપીલ કરી હતી. આ દરમિયાન ત્રણેય આરોપીને રાજકોટના લોઠડા ગામની ઓરડીમાંથી પકડી લેવાયા છે. સાથે સગીરા પણ હતી.

સુષભાનગરમાં રહેતો મનિષ ઉર્ફે મનીયો અઘેરા સત્તર વર્ષની સગીરાને અપહરણ કરી ભગાડી ગયો હતો. આ બનાવમાં તેને તેના પિતા અરવિંદ કરસનભાઇ અઘેરા અને તેના ભાઇ વિકાસ અરવિંદભાઇ અઘેરાએ પણ મદદ કરી હતી. આ ત્રણેય તેના ઘરેથી ગાયબ થઇ ગયા હતાં.

આ મામલે ૨૭/૧/૨૫ના રોજ ગુનો દાખલ થયા બાદ પિતાએ હાઇકોર્ટમાં હેબીયર્સ કોપર્સ દાખલ કરી હતી. તેમજ પોલીસ કાર્યવાહી કરતી ન હોવાની રજૂઆત કરી હતી. દરમિયાન મુખ્ય આરોપી, તેના પિતા અને ભાઇ તેમજ અપહૃત સગીરાને એલસીબી ઝોન-૨ ટીમે રાજકોટના લોઠડા ગામેથી દબોચી લીધા છે.

અહિ ઓરડી ભાડે રાખીને રહેતાં હતાં. ધોરણ-૧૨માં અભ્યાસ કરતી સત્તર વર્ષની સગીરા ગૂમ થતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરતાં તેને સુભાષનગરનો મનિષ ઉર્ફે મનીયો અઘેરા ભગાડી ગયાનું જણાતાં અપહરણની ફરિયાદ દાખલ કરાવી હતી.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલ અને ટીમે તપાસ શરૂ કરતાં મનિષ ઉપરાંત તેના પિતા અને ભાઇ પણ સુભાષનગરના ઘરેથી ગૂમ થઇ ગયાનું અને અપહરણમાં તેની પણ મદદગારી હોવાનું ખુલતાં આરોપીઓની તસ્વીરો સાથે યાદી પ્રસિધ્ધ કરાવી હતી અને કોઇને આ લોકો જોવા મળે તો પોલીસને જાણ કરવા અનુરોધ કર્યો હતો. દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમે સીસીટીવી ફૂટેજ, ખાનગી બાતમીદારો, ટેકનીકલ સોર્સના માધ્યમથી આરોપીઓને શોધી કાઢ્યા છે.

ત્રણેય આરોપીઓ લોઠડા ગામે ઓરડીમાં ભાડેથી રહેતાં હોવાની અને અપહૃત સગીરા પણ સાથે હોવાની ચોક્કસ બાતમી મળતાં મનિષ ઉર્ફે મનિયો અને તેના પિતા તેમજ ભાઇને ત્યાંથી પકડી લઇ યુનિવર્સિટી પોલીસને સોંપ્યા હતાં. આ ત્રણેય મોટે ભાગે રૂમમાં પુરાઇ રહેતાં હતાં. જમવાનું લેવા જવા માટે જ નીકળતાં હતાં.

આ ત્રણેય બાપ બેટા અને અપહૃત સગીરા લોઠડા ગામે ઓરડી ભાડે રાખીને એકાદ મહિનાથી રહેતાં હોવાની માહિતીને પગલે ત્રણેયને પકડી લેવાયા હતાં. સાથે સગીરા પણ હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અંતર્ગત એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, શક્તિસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ. કુલદિપસિંહ રાણા, કોન્સ. મનિષાબેન રામ, અંકિતાબેન ગોજીયાએ આ કામગીરી કરી હતી. વિશેષ તપાસ યુનિવર્સિટી પોલીસ કરી રહી છે. તબિબી પરિક્ષણ બાદ વધારાની કલમ ઉમેરવા કાર્યવાહી થશે.

### ચોરટાઓ જ્યાં ત્રાટકે ત્યાંથી કંઇને કંઇ ચોરી જ જાય, પણ આ વખતે સાવ નવતર ચોરી થઇ

# ટ્રાન્સફોર્મરમાંથી લાખોની કોપર પ્લેટ, ઓઇલની ચોરી!



## બામણબોરમાં બનાવઃ કંપનીના રાજકોટ રહેતાં માલિકે એરપોર્ટ પોલીસને જાણ કરીઃ આ પ્રકારની ચોરીથી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ભારે ચર્ચાઃ મોટા વાહનનો ચોરીમાં ઉપયોગ થયાની શક્યતા

રાજકોટઃ શહેરમાં શહેરની ભાગોળે ચોરી, ચિલઝડપ, લૂંટ સહિતની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. ચોરટાઓ જ્યાં ત્રાટકે ત્યાંથી કંઇ ને કંઇ તો ચોરી જ જતાં હોય છે. જે હાથમાં આવે તે ઉસેડી જવાની આદત તસ્કરોની હોય છે. દરમિયાન હવે એક ચોંકાવનારી ઘટનામાં રાજકોટના બામણબોરમાં આવેલી રાજકોટના રહેવાસીની કંપનીના કમ્પાઉન્ડમાં આવેલા અગિયાર લાખની કિંમતના વિજ ટ્રાન્સફોર્મર (ટી.સી.)ને તોડીને તેમાંથી કોપરની પ્લેટો, ઓઇલ મળી ચારેક લાખની ચીજવસ્તુ ચોરી જવામાં આવી છે. ચોરટાઓ કોઇ મોટુ વાહન લઇને આ ચોરી કરી ગયાની શક્યતાએ તપાસ થઇ રહી છે. ચાલુ ટ્રાન્સફોર્મરને ડીઓમાંથી છુટુ કરી નીચે પાડી દઇ આ ચોરી કરવામાં આવી હોઇ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં આ નવતર ચોરીને પગલે ચકચાર જાગી છે.

વિગતો પર નજર કરીએ તો બામણબોરમાં આવેલી કંપનીના કમ્પાઉન્ડમાં લગાવાયેલા ટ્રાન્સફોર્મરને મેઇન લાઇનમાંથી અલગ કરી બાદમાં ટ્રાન્સફોર્મર તોડી અંદરથી ઓઇલ અને કોપરની પ્લેટો મળી ચાર લાખની ચીજવસ્તુ ચોરી જવામાં આવતાં ચર્ચા જાગી છે. આ બનાવમાં એરપોર્ટ પોલીસે રેસકોર્ષ રીંગ રોડ જુના એરપોર્ટ રોડ પર વસુંધરા રેસિડેન્સી પેટ્રીયા સ્યુટસ હોટેલ સામે રહેતાં અને વેપાર કરતાં પાંસઠ વર્ષના જયપ્રકાશભાઇ ઇન્દ્રચંદભાઇ મુન્દ્રાની ફરિયાદ પરથી એફઆઇઆર દાખલ કરી ચોરી કરનારાઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે.

જયપ્રકાશભાઇ મુન્દ્રાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને વેપાર કરી ગુજરાન ચલાવુ છું. બામણબોર ગામે રેવન્યુ સર્વે નં. ૮૯માં શરદ ઇન્ડસ્ટ્રીઝ નામે મારે ફેક્ટરી છે. આ કંપની સ્વસ્તિક રબ્બર ઇન્ડસ્ટ્રીઝને મેં ભાડેથી આપેલી છે.

તેમણે આગળ કહ્યું હતું કે મારી કંપનીના કમ્પાઉન્ડમાં ૬૩૦ કે.વી.નું ટ્રાન્સફોર્મર એટલે કે ટી. સી. આવેલુ છે, જે ટ્રાન્સફોર્મર જે તે સમયે મેં અગિયાર લાખ રૂપિયામાં ખરીદ કર્યુ હતું. ૧૬મીએ રવિવારે સવારે નવેક વાગ્યે હું ઘરે હતો ત્યારે કંપનીમાં મેન્ટેનન્સનું કામ સંભાળતા સંગ્રામભાઇ ધનાભાઇ રંગપરાએ મને ફોન કરી જાણ કરીી હતી કે હું કંપનીમાં કામ ચાલુ કરવા જતાં લાઇટ ન હોઇ ટ્રાન્સફોર્મરવાળા કમ્પાઉન્ડમાં તપાસ કરવા જતાં ટ્રાન્સફોર્મર નીચે પડેલુ જોવા મળ્યું છે.

તેમજ સામાન વેરવિખેર પડ્યો છે. મને એવુ લાગે છે કે દિવાલ પાસે કોઇ ગાડી ઉભી રાખી ટ્રાન્સફોર્મર કાપી તેમાંથી કોપરની પ્લેટો અને ઓઇલ ચોરી જવાયું છે. ત્યાર પછી મેં કંપનીના સીસીટીવી કેમેરા ચેક કરતાં રાતે બાર કલાક ચોવીસ મિનીટ સુધી કેમેરા ચાલુ હતાં. એ પછી બંધ થઇ ગયા હતાં.



રાતે બાર પછી આ ટ્રાન્સફોર્મર (ટી.સી.)ને મેઇન લાઇનમાંથી અલગ કરી ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી ચોર કોપરની પ્લેટો તથા ૭૫૦ લિટર ઓઇલ જેની અંદાજીત કિમત ૪ લાખ ગણાય તે ચોરી ગયાનું જણાયુ હતું. એરપોર્ટ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આઇ. એન. સાવલીયાના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. બી. મિસ્ત્રીએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ચોરીની ઘટનાઓ તો અગાઉ પણ બની ચુકી છે અને અવાર-નવાર ચોરીઓ થતી રહે છે. પરંતુ મોટે ભાગે ચોરટાઓ રોકડ કે બીજી ચીજવસ્તુઓ ચોરી જતાં હોય છે.

પરંતુ આ વખતે સાવ નવતર બનાવમાં આખેઆખુ વિજ ટ્રાન્સફોર્મર નીચે પાડી દઇ તેમાંથી ઓઇલનો જથ્થો અને કોપર પ્લેટો ચોરી જવામાં આવતાં ચર્ચા જાગી છે. આ નવતર ચોરટાઓને શોધવા પોલીસની ટીમો કામે લાગી છે. સીસીટીવી કેમેરા ચેક કરવા કવાયત શરૂ થઇ છે.

# રહેણાંક મિલકતોની ચકાસણી કરતું ફાયર વિભાગ

## ફાયર એનઓસી નો અભાવ અથવા તો બંધ હાલતમાં જો ફાયર સાધનો દેખાશે તો ફટકારવામાં આવશે નોટિસ

રાજકોટ, તા. ૧૭

ટીઆરપી અગ્નિકાંડ જેવી ઘટના થતા થતા રહી ગઈ છતાં પણ ધૂળેટીના દિવસે જે એટલાન્ટિસ એપાર્ટમેન્ટમાં આગ લાગી તેમાં ત્રણ લોકોના મોત નીપજ્યા. ત્યારે ગઈકાલે મહાનગરપાલિકાના ફાયર વિભાગના ત્રણ ઝોનના અલગ અલગ વોર્ડમાં જે હાઈરાઈઝ રહેલા બિલ્ડીંગો આવેલી છે તેમાં ફાયર એનઓસી છે કે કેમ અને સાધનોની સ્થિતિ કેવી છે તે અંગેનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગઈકાલે કાલાવડ રોડ થી માંડી કોઠારીયા રોડના અલગ અલગ એપાર્ટમેન્ટમાં આ અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી જેમાં બેદરકારી અથવા તો વાપરવાહી દેખાય તો નોટિસોની પણ બજવણી શરૂ કરવામાં આવશે. અત્યાર સુધી જે તપાસ હાથ ધરવામાં આવી હતી તે તપાસ માત્ર ને માત્ર કોમર્શિયલ પૂરતી જ સીમિત હતી પરંતુ હવે રહેણાંકને પણ આવરી લેવામાં આવ્યું છે.

હાલ જે ધુળેટીના દિવસે ઘટના ઘટી તેમાં કોની બેદરકારી માનવી તે અંગે હજુ સુધી કોઈ નક્કર નિર્ણય અથવા તો જવાબદારી ફિક્સ થઈ નથી ત્યારે ભવિષ્યમાં આ પ્રકારની કોઈ દુર્ઘટના ન ઘટે તેને લઈ ગઈકાલથી તમામ ૧૮ વોર્ડમાં રહેણાક એપાર્ટમેન્ટમાં ફાયરની ટીમો દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી જે અંગે ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી દ્વારા માર્ગદર્શન અને આદેશ કરવામાં આવ્યો હતો હાલ આ તપાસમાં ફાયર વિભાગ ના તમામ કર્મચારીઓ તથા અધિકારીઓ ફિલ્ડમાં નજરે પડ્યા હતા.



ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડની ઘટના બાદ પૂર્વ કમિશ્નરના કાર્યકાળમાં રાજકોટમાં ફાયર સેફટી માટે મોટામાં મોટી ડ્રાઇવ કરવામાં આવી હતી. સરકારે આપેલી વ્યાખ્યા મુજબ શાળા-કોલેજ, હોટલ, રેસ્ટોરન્ટ, લગ્ન હોલ, કોમર્શિયલ બિલ્ડીંગ સહિતના એસેમ્બલીની વ્યાખ્યામાં આવતા બિલ્ડીંગોમાં સઘન ચેકીંગ કરાયું હતું. થોડા સમયમાં ૧૫૮૦ જેટલા બિલ્ડીંગને ફાયર સેફટી માટે નોટીસ ફટકારવામાં આવી હતી. આ પૈકી ૬૭૦ જેટલી મિલ્કતો સીલ કરી દેવામાં આવી હતી. જે સીલ ખોલવા માટેના નિયમોની અમલવારી કરવા માટે પણ કમીટીની રચના કરવામાં આવી હતી. સોગંદનામાના આધારે લગ્ન હોલ જેવી મિલ્કતો ખોલવા મંજૂરી આપવામાં આવી હતી. ૫૦૦ મીટરથી ઓછા બાંધકામવાળા કે ૧૫ મીટરથી નાની ઉંચાઇના બિલ્ડીંગોને રાહત આપવામાં આવી હતી. પરંતુ તે વખતે માત્ર કોમર્શિયલ બિલ્ડીંગમાં તપાસ કરાઇ હતી. હવે રહેણાંક વિસ્તારમાં ચેકીંગ શરૂ કરાયું છે. એસેમ્બલીની વ્યાખ્યામાં આવતી મોટા ભાગની મિલ્કતો ચકાસાઇ ગયાનું મનપા સુત્રો કહે છે.

# ધોરાજી નગરપાલિકામાં આજે નવાજૂનીના એંધાણ

રાજકોટ, તા. ૧૭

ધ ા ે ર ા જી નગરપાલિકાના નવા હોદેદારોની વરણી બાદ ભાજપમાં ઘૂઘવાટ જોવા મળી રહ્યા ના અહેવાલ મળી રહ્યા છે ત્યારે આજે ધોરાજી નગરપાલિકામાં કંઈક મોટી નવાજૂની થાય તેવી ચહલ પહલ ની ચર્ચા અને આંતરિક ગપસપ થઈ રહ્યાના વાવડ મળી રહ્યા છે. આજે શું થાય તે અંગે ધોરાજી શહેર અને ભાજપમાં ઉત્તેજના જાગી છે .



# સૌરાષ્ટ્ર કલાકેન્દ્રને અશાંતધારામાં સમાવવા માંગ

## પોલીસ કમિશનરને કરવામાં આવી રજૂઆત

## વિવિધ શેરીઓના રહેવાસીઓએ પાઠવ્યુ આવેદન



રાજકોટ, તા. ૧૭

લોકોની સુખાકારી અને સલામતી જળવાઈ રહે તે માટે સરકાર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેમાં પણ હાલ અશાંત ધારો જે લાગુ થયો તેને લઈને પહેલા ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હતા પરંતુ હવે હાલની સ્થિતિને ધ્યાને લઇ વિવિધ વિસ્તારોના લોકો તેમના વિસ્તારને અશાંતધારામાં સમાવવા માટે અરજીઓ કરી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર વિસ્તારના રહેવાસીઓ તેમના વિસ્તારને અશાંતધારામાં સમાવવા માટે અરજીઓ કરી રહ્યા છે .

સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર વિસ્તારમાં આવેલ શેરી નં.૩,૪,૫ને પણ અશાંત ધારામાં સમાવેશ કરવા પોલીસ કમિશનર સમક્ષ રહેવાસીઓએ રજૂઆત કરી આવેદનપત્ર પાઠવ્યું હતું. પોલીસ કમિશનરને કરેલ રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતુ કે સૌરાષ્ટ્ર કલાક કેન્દ્ર (અઘાટ) પ્રાઈવેટ સોસાયટી શેરી નં.૪ની નજીક આવેલ શેરી નં.૩ તથા શેરી નં.૫નો સમાવેશ થાય છે જેથી શેરી નં.૩, ૪ અને ૫ તમામને અશાંતધારાના કાયદા હેઠળ સમાવવા માટે અરજી કરવામાં આવી રહી છે.

તેમની નજીકમાં આવેલી પ્રકાશ સોસાયટી તેમજ સૌ.કલા કેન્દ્ર સોસાયટીનો અશાંત ધારાની અંદર સમાવેશ થયેલ છે જેથી તે વિસ્તારની ડેમોગ્રાફી તથા સુખ સમૃધ્ધિ જળવાય છે ફક્ત શેરી નં.૩,૪,૫ અશાંત ધારામાં ન આવતો હોવાથી થોડા સમયમાં એક બે મકાનો અન્ય કોમ્યુનિટીમાં વેચાઈ ગયા છે. જેમાં હવે કઈ પણ થઈ શકે તેમ ન હોય પણ આ થોડોક વિસ્તાર જ અશાંત ધારામાં નથી આવતો જેથી અન્ય લોકોની ઈન્કવાયરી થઈ રહી હોવાથી આવતા સમયમાં બીજી જ્ઞાતિના લોકોની વસ્તી વધતી જશે તો આસપાસનો વિસ્તાર પણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડે તેમ હોય જેથી આ મામલે નિવડો લાવવા રજૂઆત કરવામાં આવેલ છે.

### ઠગાઇના કિસ્સાઓ અટકતા નથીઃ ગામના ગરીયા ફેરવી ગજવા ભરવાની વધુ બે ઘટના

# ઘર અપાવી દેવાની લાલચ દઇ ગઠીયાઓ છત્રીસ લાખ ખાઇ ગયા

## બીજી ઘટનામાં શિક્ષકે ગઠીયાગીરી આચરીઃ બિલ્ડર ગ્રુપમાં ભાગદારીના નામે મહિલાના ત્રણ કરોડ ખાઇ ગયોઃ બીજા છ લોકોના પણ લાખો ઉસેડી લીધા

રાજકોટઃ ગામને ગમે તેમ કરીને છેતરી લેવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. કોને કેવી રીતે છેતરવા તે ગઠીયાઓ લેભાગુઓ સારી રીતે જાણતા હોય છે. આવી વધુ ઘટનાઓસામે આવી છે જેમાં વિધવાઓ, દિવ્યાંગોને મુખ્યમંત્રી આવાસ યોજનામાં ઘર અપાવી દેવાની લાલચ આપી લાખોની ઠગાઇ કરવામાં આવી છે. બીજી તરફ એક શિક્ષકે બિલ્ડર ગ્રુપમાં ભાગીદારીની લાલચ આપી મહિલાને ત્રણ કરોડ પંદર લાખનો ધુંબો મારી દીધો છે. આ જ શિક્ષકે બીજા છ લોકોને પણ લાખોમાં છેતર્યા હતાં.

ઠગાઈની પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમરાઈવાડી વિસ્તારમાં રહેતા છત્રીસ વર્ષીય મહિલા નીલમ બહેન અલ્પેશભાઈ જાદવ સાથે છેતરપિંડી થઈ હતી. તેમણે મકાન લેવા માટે ભાવેશભાઈ ઠક્કર નામના વ્યક્તિને રૂપિયા આપ્યા હતા. એક વર્ષ થઈ ગયું હોવા છતાં નહતો રૂપિયા પરત આવ્યા કે ન તો મકાન મળ્યું. જેથી, તેમણે આનંદ નગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. નીલમ બહેનના પતિ અલ્પેશભાઈ ઠક્કર હેન્ડીકેપ હોવાથી અને આર્થિક સ્થિતિ નબળી હોવાથી પોતાનું ઘર ખરીદવું તે એક સ્વે સમાન હતું તેમછતાં જેમ-તેમ રૂપિયા એકઠા કરીને મકાન લેવા પ્રયાસો કરતા ૩૬ લાખ જેટલા રૂપિયા ગઠિયો સેરવી ગયો હતો. આનંદ નગર વિસ્તારમાં આવેલા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવીશ તેવું કહીને ભાવેશભાઈ ઠક્કરે ફક્ત નીલમ બહેન જાદવ જ નહીં પરંતુ તેમના સગા-સંબંધી અને આસપાસ રહેતા અન્ય સાત મહિલાઓના પણ રૂપિયા પડાવી લીધા હતા.

દરમિયાન નીલમબહેન તેમના પતિના મિત્ર દ્વારા ભાવેશભાઈ ઠક્કરના સંપર્કમાં આવ્યા હતા અને આનંદ નગર રોડ પર આવેલા રેડિયો મિર્ચી રોડ ખાતે પીએનટીસી કોમ્પ્લેક્સમાં આવેલી ભાવેશભાઈ ઠક્કરની ઓફિસ પર મકાન સંબંધિત વાતચીત કરવા મળવા પહોંચ્યા હતા. અહીં તેમણે ભોળવીને નીલમ બહેનને પોતાના વિશ્વાસમાં લીધા હતા તથા જણાવ્યું હતું કે, અન્ય વિધવા કે હેન્ડીકેપ લોકોને પણ હું મકાન અપાવીશ કારણ કે, સરકારી કામકાજ કરૂ છું અને અત્યાર સુધીમાં અનેક લોકોને મકાન અપાવ્યા છે. જેથી, વિશ્વાસમાં આવીને નીલમ બહેને તેમના સંબંધિત અને આસપાસ રહેતા અન્ય સાત મહિલાઓ સાથે વાતચીત કરીને ભાવેશભાઈ ઠક્કરનો સંપર્ક કરાવ્યો હતો અને તેમણે પોતાના રૂપિયા મકાન લેવા બાબતે ભાવેશભાઈને આપ્યા હતા.





સાત જેટલી વિધવા મહિલાઓએ ટુકડે-ટુકડે કરીને ૩૮ લાખ રૂપિયા ભાવેશભાઈ ઠક્કરને આપ્યા હતા. ઘણા લાંબા સમય સુધી કોઈ પ્રક્રિયા આગળ ન વધતા નીલમ બહેને ભાવેશભાઈ સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ ૨,૦૦,૦૦૦ રૂપિયા રોકડા આપ્યા હતા અને બાકીના છત્રીસ લાખ રૂપિયા વીસ દિવસમાં પરત કરશે એવું સોગંદનામુ પણ કર્યું હતુ. તે વાતને પણ છ મહિના વીતી ગયા હોવા છતાં હજુ સુધી રૂપિયા પરત કર્યા નથી અને છત્રીસ લાખ સેરવી લીધા છે. જ્યારે નીલમ બહેને તેમના ઘરે જઈને રૂપિયાની માંગણી કરી તો ભાવેશભાઈ તેમના પત્નિ ડિમ્પલ બહેન અને પિતા નરેશભાઈએ અપશબ્દો બોલીને ત્યાંથી ભગાડી દીધા હતા અને ફરીથી ઘરે ન આવવા ધમકી આપી હતી.

ઠગાઇની અન્ય અઘટનામાં મંદીના માહોલમાં ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતી મહિલાને દોઢગણા વળતરની લાલચ આપીને કડીના શિક્ષકે બિલ્ડર્સના ગ્રુપમાં ભાગીદારી હોવાની વાતો કરી રૃપિયા ૩.૧૫ કરોડનું રોકાણ મેળવી મુદ્દતે વળતર સહિત રકમ આપવાના બદલે જમીન લખી આપ્યા પછી તે વેચી મારીને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાઇ છે. સાથે આ શિક્ષક દ્વારા કડીને છ વ્યક્તિઓનું પણ રૂપિયા ૧૯.૧૭ કરોડનું ફૂલેકુ ફેરવ્યાનું જણાવાયું છે. સરગાસણમા સાગરવિલામાં રહેતા અને અમદાવાદના શાહીબાગમાં વીઆઇપી પેથોલોજી લેબોરેટરીનું સંચાલન કરતાં નિરૃપાબેન િતેશભાઇ પટેલ નામના પિસ્તાલીસ વર્ષિય મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મહેસાણાના કડી શહેરમાં રાધે ધરતી સિટીમાં રહેતા કનુભાઇ ઉર્ફે કનૈયાલાલ મણિલાલ પટેલ, અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર સુપર બંગ્લોઝમાં રહેતા કનુભાઇ સાકાભાઇ પટેલ અને સોલમાં સહજ વિલા બંગ્લોઝમાં રહેતા કલ્પેશ ધનજીભાઇ પ્રજાપતિને દર્શાવ્યા છે.

જ્યારે નિરૂપાબેનના દિયર કડીમાં શિક્ષક હોય તેના મારફત આરોપી શિક્ષક કનૈયાલાલ અને તેની શિક્ષક પત્ની સુધાબેનના સંપર્કમાં આવ્યા હતાં. બાદ ઘરે આવીને કનૈયાલાલે તેઓ વિશાખા ગ્રુપમાં બિલ્ડર, ભાગીદાર હોવાનુ જણાવીને જમીન, ફલેટ, પ્લોટની સ્કીમમા રોકાણ કરનારને માસિક ત્રણ ટકા સુધી અને વર્ષમાં દોઢગણા પૈસા પરત કરતા હોવાની લાલચ આપી રોકાણ કરવા જણાવ્યુ હતું. પોતે શિક્ષક તરીકે રોકાણના નાણાની જવાબદારી લેવાની પણ વાત કરીને વિશઅવાસ ઉભો કરતાં મહિલાએ તથા તેના સગા અને મિત્રોએ મળીને રૃપિયા ૩.૧૫ કરોડનું રોકાણ કર્યુ હતુ અને આ નાણા આરટીજીએસથી ચેકથી આપ્યા હતાં.

તેની સામે પ્રોમીશરી નોટમાં હાથ ઉછીના નાણા મેળવ્યાનું લખી આપ્યુ હતું. પરંતુ મુદત વિત્યે વળતર કે મુળ રકમ પરત નહીં કરતાં ઉઘરાણી કરી ત્યારે રતનપુર ગામની પોતાની જમીન ગીરવે લખી આપી હતી. પરંતુ આ જમીન તેણે વેચી મારીને છેતરપિંડી કરી હતી. સીઆઇડી ક્રાઇમ દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં આરોપી કડીમાં રહેતા અન્ય ૬ વ્યક્તિઓને પણ રૃપિયા ૧૯.૧૭ કરોડનો ચુનો લગાડયાનું જણાવાયું હતું. આમ વધુ બે ઠગાઇના ગુના સામે આવ્યા હતાં.



# એનર્જી ડ્રિંક્સ

# તુમ એક ગોરખ ધંધા હો...

## બ્રાન્ડ ચાર્જ, ધંધો ચાર્જ.. માઈન્ડ ડલ, બોડી ડલ..

**પીણાના માર્કેટમાં એનર્જી ડ્રિંક્સનો દબદબોઃ ભારતમાં એનર્જી ડ્રિંક્સનું માર્કેટ ૧૦ ટકાના દરે વધે છેઃ સમજયા વગર ગટગટાવતા નહીંઃ એનર્જી ડ્રિંક્સ ટૂંકાગાળા માટે શકિત-સ્ફુર્તિનો અહેસાસ કરાવે, લાંબાગાળે તન-મન તોડેઃ એનર્જીની ફિલીંગનું રહસ્ય... એનર્જી ડ્રિંક્સમાં કેફીન છેઃ એનર્જી ડ્રિંક્સની સ્થાનિક,રાષ્ટ્રીય-વૈશ્વિક બ્રાન્ડ્સના ઢગલાંઃ કુદરતીને બદલે રાસાયણિક કેફીનનો ભરપૂર ઉપયોગઃ એનર્જી ડ્રિંક્સનું વ્યસન થઇ શકે છેઃ હૃદય,લીવર,માનસ માટે જોખમીઃ ઘણા દેશોમાં એનર્જી ડ્રિંક્સ પ્રતિબંધિત છેઃ સ્પોર્ટસ ડ્રિંક્સ અનોખું પીણુંઃ ઘરેલું એનર્જી ડ્રિંક્સ સૌથી તાકતવર પ્રોડકટસઃ દિખાવે પે મત જાવ, અપની અકકલ લગાવ**

કાપી નાખું,તોડી નાખું, ફાડી નાખું, ધ્રુજાવી દઉં... આવો આક્રમક જોશ દેખાડનારા પાંચ મિનિટની શારિરિક-માનસિક લડાઇમાં સાવ ડલ થઇ જાય છે. મોટાભાગના જોશ દેખાડનારા બહાદૂરો ત્રેવડ વગરના હોય છે. નબળા મન, નબળા શરીર અને ગોકીરા વધારે,... આવી સ્થિતી આપણને દરરોજ જોવા મળે છે. શકિત, સ્ફુર્તિ, જોશ, ઉત્સાહ, તંદુરસ્તી અને ત્રેવડ વગેરે કેળવવા પડે. જીમમાં જઈને પ્રોટિન દાબીને માત્ર શરીર કેળવી શકાય. મનોબળ માટે શું? તગડા લોકો બીકણ જોવા મળે છે. તન-મનની દઢતા માટે જીવનશૈલી,વિચારશૈલી, વૃત્તિ વગેરેમાં સમજદારી પુર્વક બદલાવ લાવવો પડે.

વિજ્ઞાપન યુગમાં લોકો પોતાની સમજ દૂર રાખીને ગાડરીયા લોકો શકિત,સ્ફુર્તિ -જોશ માટેના કિમિયા કરવા લાગે છે. આ માટે વર્તમાન સમયમાં એનર્જી ડ્રિંક્સ ગટટાવવાનું ચલણ ખૂબ વધ્યું છે. માઈન્ડ ચાર્જ, બોડી ચાર્જના ઉદ્દેશથી એનર્જી ડ્રિંક્સ પીવાય રહ્યા છે. એનર્જી ડ્રિંક્સનું માર્કેટ ૧૦ ટકાના ગ્રોથ સાથે વિકસી રહ્યું છે. વિવિધ પીણાઓને બરાબરની ટકકર મારી છે. ગ્રામીણ વિસ્તારમાંથી માંડીને મહાનગરો સુધી એનર્જી ડ્રિંક્સ છવાતા જાય છે.

શક્તિ-સ્ફુર્તિ માટે પિવાતા એનર્જી ડ્રિંક્સ શું છે ? કયાંથી શરૂ થયા અને શા માટે છવાય ગયા ?શકિત-સ્ફુર્તિનો અહેસાસ કરાવતું કયું તત્વ તેમાં છે? આવા ડ્રિંક્સ પીવાય કે ન પીવાય? આવા અનેક સવાલોના જવાબો મેળવવા અહીં પ્રયાસ કરીશું. એનર્જી ડ્રિંક્સની બોટલમાં ધૂબાકો મારીને વિગતો જાણીએ.

### એનર્જી એટલે શકિત

એનર્જી અંગ્રેજી શબ્દ છે. આ શબ્દના વિવિધ અર્થ થાય છે. મુખ્ય અર્થ શક્તિ છે. આ ઉપરાંત ઉર્જા, ક્ષમતા, માટે પણ એનર્જી શબ્દનો ઉપયોગ થાય છે. એનર્જી ડ્રિંક્સ પણ આવા ઉદ્દેશથી પીવાય છે અને તેની વિજ્ઞાપનોમાં પણ ઉર્જા,જોશ,તાકાત વગેરેનો પ્રચાર થાય છે.

એનર્જી ડ્રિંક્સ શારિરિક-માનસિક ઉત્તેજના માટે પીવા જોઇએ. તેવી માન્યતા વ્યાપકપણે છવાયેલી છે. સ્ટોરીના પ્રારંભમાં ઉલ્લેખ થયો તે પ્રમાણે શકિત-સ્ફુર્તિ-જોશ માટે તન-મન કેળવવા પડે છે. આવું કંઇ કર્યા વગર એનર્જી ડ્રિંક્સ ગટવટાવો અને શકિત-સ્ફુર્તિ અનુભવાય એ ચમત્કાર ન ગણાય ?

### મિરેકલનું રહસ્યઃ

એનર્જી ડ્રિંક્સ વાસ્તવમાં ચમત્કારિક લાગે છે. આ પીણું પીધા બાદ ક્ષણવારમાં જ પીનારાને શકિત-સ્ફુર્તિનો અહેસાસ થાય છે. વિજ્ઞાન પણ કહે છે કે એનર્જી ડ્રિંક્સ પીવાથી શારિરિક પ્રદર્શન સુધરે છે. માનસિક કાર્ય સુધરે છે. જાગૃતિમાં વધારો થાય છે. કંટાળા જેવા ભાવો દૂર થાય છે. આ કળિયુગનું ચમત્કારિક પીણું ગણાય તેવું લાગે, પણ પીણાના ઘટકોમાં આગળ વધો તો મિરેકલનું રહસ્ય ઉઘાડું પડી જાય અને ચમત્કારની હવા નિકળી જાય તેમ છે.

એનર્જી ડ્રિંક્સમાં એનર્જીનો અહેસાસ કરાવે છે એ તત્વ કેફીન છે. કેફીનનું કાર્ય શકિત-સ્ફુર્તિ-જોશ આપવાનું નથી. આ તત્વ મગજ અને નર્વસ સિસ્ટમને ઉત્તેજીત કરવાનું કામ કરે છે. સીધા શબ્દોમાં કહીએ તો કેફીન શકિત-સ્ફુર્તિ આપતું નથી, માત્ર તે મળ્યાનો અહેસાસ કરાવે છે.

### કેફીનની કુંડળીઃ

એનર્જી ડ્રિંક્સમાં વપરાતું કેફીન તત્કાળ ઉત્તેજના આપનારું તત્વ છે. કેફીન વિવિધ વનસ્પતીમાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. ચા,કોફી,ચેકલેટ વગેરેના છોડમાંથી કેફીન પ્રાપ્ત કરવામાં આવે છે. થોડા ઉંડા ઉતરતા ખ્યાલ આવે છે કે કેફીન તત્વ ચા ના છોડના પાંદડામાં હોય છે. કેફીન છોડમાં તેના બીજ હોય છે. આ કેફીન આલ્કલોઇડ સ્વરૂપે હોય છે. વનસ્પતિવિદો કહે છે કે છોડમાં કેફીન જંતુનાશક તરીકે કામ કરે છે. ઉપરાંત પરાગનયનમાં પણ મદદ કરે છે. પ્રોસેસીંગ દ્વારા કેફીન છુંટું પાડીને એકઠું કરવામાં આવે છે.

મેડિકલ ક્ષેત્રે કેફીનમાંથી કેટલીક પેઇનકિલર્સ દવા બને છે. આ ઉપરાંત અસ્થમા, માનસિક દવા વગેરે કેફીનમાંથી બને છે. જો કે નિષ્ણાંતો સ્પષ્ટ કહે છે કે કેફીનયુકત દવાનો ઉપયોગ કરતા પહેલા નિષ્ણાંત ડોકટરોની સલાહ લેવી ખૂબ જરૂરી છે.

આ કેફીનનો ઉપયોગ એનર્જી ડ્રિંક્સમાંથી થાય છે. હજુ કેફીનની કુંડળીમાં ઉંડા ઉતરવા જેવું છે.

### રાસાયણિક કેફીન

કુદરતી કેફીન પણ તબીબોની સલાહ લીધા વગર લેવાય તેમ નથી. કેફીનનો ઉપયોગ એટલો બધો થાય છે કે કુદરતી કેફીન પુરુ પડતું નથી તેથી રાસાયણીક કૃત્રિમ કેફીન બનાવવાનું શરૂ થયું. કેમિકલથી બનતું કેફીન સસ્તુ, નબળું માનવામાં આવે છે. મોટાભાગના એનર્જી ડ્રિંક્સમાં તથા ફુડ એસિડિકસમાં કૃત્રિમ કેફીનનો ઉપયોગ થાય છે.

કુદરતી કેફીન બનાવવા વપરાતા રાસાયણો અંગે વૈજ્ઞાનિકો કહે છે કે, આ પ્રોસેસમાં યુરિયા અને કલોમોએસેટિક જેવા રાસાયણો વાપરવામાં આવે છે. રાસાયણિક કેફીન ખૂબ સસ્તુ હોવાથી તેનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થાય છે. કુદરતી કેફીન કરતા કેમિકલોથી બનેલું કેફીન શરીરમાં ઝડપથી શોષાય છે, તેથી આડઅસરનું જોખમ વધી જાય છે.

### કેફીનના ઘુટડા :

એનર્જી ડ્રિંક્સ અનેક પ્રકાર બ્રાન્ડસના ઉપલબ્ધ છે. તેનો અભ્યાસ કરવાથી તારણ નીકળે છે કે, સામાન્ય રીતે એક લીટર એનર્જી ડ્રિંક્સમાં ૫૦૦ મિલિગ્રામ સુધી કે તેનાથી વધારે કેફીન હોય છે. તુલના કરીએ તો એક કપ ચામાં ૨૦ મિલિગ્રામ કેફીન હોય છે. ચામાં કુદરતી અને જુજ માત્રામાં કેફન છે, જ્યારે મોટાભાગનાં એનર્જી ડ્રિંક્સમાં રાસાયણિક કેફીન અને મોટી માત્રામાં હોય છે.

FSSAI ના નિયમ પ્રમાણે એનર્જી ડ્રિંક્સમાં પ્રતિ લીટર ૩૦૦ મિલિગ્રામ કેફીન હોવું જોઈએ. જો કે નિયમનું ઉલંઘન કરીને ઘણા પોતાની પ્રોડકટને વધારે તેજ બનાવવા કેફીનનું પ્રમાણ વધારી દેતા હોવાની વ્યાપક આશંકા છે આ અંગે કંઈ શંકા જાય તો FSSAI ને ફરિયાદ કરી શકાય છે.

### ટૌરીનને પણ જાણો :

એનર્જી ડ્રિંક્સમાં ટૌરીન નામનું તત્વ પણ હોય છે. સામાન્ય રીતે ટૌરીન કુદરતી રીતે બનતું એમિનો એસીડ છે. જે માંસ માછલી તથા ડેર પ્રોડકટસમાં હોય છે. જો કે મોટાભાગના એનર્જી ડ્રિંક્સમાં કૃત્રિમ રસાયણોમાંથી બનેલું ટૌરીન વપરાય છે. તેનો ઉપયોગ નિયમ મુજબ કરી શકાય છે, જેને આરોગ્ય માટે સલામત માનવામાં આવે છે. ઘણાં વૈજ્ઞાનિકો માને છે કે ટૌરન હૃદય-મગજનું કાર્ય સુધારે છે, પણ વધારે માત્રામાં લેવાથી ઉલ્ટ-ઝાડા માથાનો દુઃખાવો કરે છે. એનર્જી ડ્રિંક્સમાં ટૌરીન અને કેફીનનો સંગમ થાય છે. તેનાથી હૃદય-નર્વસ સિસ્ટમ પર આડઅસર થઈ શકે છે, ડિહાડ્રેશન પણ શકય બને છે. ઘણી સુચનાઓ લેબલ પર હોય છે, તેને ગંભરતાથી સમજવી જરૂરી હોય છે.

### દારૂ-એનર્જી ડ્રિંક્સ તુલના :

દારૂમાં આલ્કોહોલ હોય છે. એનર્જી ડ્રિંક્સમાં કેફીન હોય છે. આલ્કોહોલ નર્વસ સિસ્ટમને ધીમી કરે છે. કેફીન નર્વસ સિસ્ટમને ઉત્તેજિત કરે છે. દારૂ પીવાથી શરૂઆતમાં આનંદ અનુભવાય બાદમાં નિર્ણયો કરવામાં મુશ્કેલી તથા યાદશક્તિ ઘટે, તન-મન બેલેન્સ ગુમાવે. એનર્જી ડ્રિંક્સ પીવાથી શરૂઆતમાં જાગૃતિ સ્ફુર્તિ વધે. થાય ઘટે. લાંબાગાળે બંને તિવ્ર નુકસાન કરી શકે છે. બંને પીણાઓથી બને તેટલું દૂર રહેવું જોઈએ.

### નથી પીવું જા..

ભારતમાં ધમધોકાર ગ્રોથ કરતા એનર્જી ડ્રિંક્સ અનેક દેશોમાંથી જાકારો મેળવી ચુકયું છે. કંબોડિયાએ રિસર્ચ કરીને તારણ કાઢયું કે, યુવા વર્ગમાં સ્થુળતા ડાયાબિટીસ એનર્જી ડ્રિંક્સના કારણે વધે છે, તેથ નિયંત્રણો મુકયા છે. શાળાઓ આસપાસ વેચાણ પ્રતિબંધ છે. આ ઉપરાંત લીથુઆનિયા, લેટવિયા, તુર્ક, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ વગેરે દેશોમાં એનર્જી ડ્રિરકસના વેચાણ-વિજ્ઞાપન વગેરે પર કડક નિયંત્રણો લાદવામાં આવ્યા છે.

### ભારતના વિશેષષો કહે છે...

ભારતમાં એનર્જી ડ્રિંક્સ પ્રતિબંધીત નથી, પણ તેનો અર્થ એવો નથી કે નુકસાન કારક નથી. ભારતનાં ટોચના વિશેષજ્ઞોના અભિપ્રાયો જાણવા જેવા છે. કાર્ડિયોલોજિસ્ટ ડો.રિતુ ગુપ્તા કહે છે કે, એનર્જી ડ્રિંક્સમાં રહેલા કેફિન સહિતના ઉત્તેજકો હૃદયના ધબકારા અને બ્લડ પ્રેશર વધાર શકે છે. હૃદય રોગીએ આવા પીણાથી દૂર રહેવું જોઈએ. ન્યુટ્રશિયલ ડો.સીમા ગુલાટીએ લખ્યું છે કે, એનર્જી ડ્રિંક્સમાં ખાંડનું પ્રમાણ વધારે હોય તો વજન વધી શકે છે, ડાયાબિટસનું જોખમ સર્જાઈ શકે છે. નિયમિત પીવું હાનીકારક બની શકે છે. ગેસ્ટ્રોએન્ટેમાલોજિસ્ટ ડો.અનુપમ મિશ્રા કહે છે કે, એનર્જી ડ્રિંક્સ એસીડીટી, ગેસ્ટ્રિક સમસ્યા, પેટમાં બળતરા કરી શકે છે. આવી સમસ્યા હોય તો આ પીણું ટાળજો. ન્યુરોલોજિસ્ટ ડો.હિમાંશુ શુકલાએ જણાવ્યું હતું કે, વધારે પડતા એનર્જી ડ્રિંક્સના સેવનથ અનિદ્રા, ચિંતા તથા માનસિક સમસ્યાઓ સર્જાઈ શકે છે. માપે રહેજો. ઘણાં નિષ્ણાંતોએ આવા પીણા પર પ્રતિબંધની માંગણી કરી છે.

### ફાયદા ઓછા નથી

એનર્જી ડ્રિંક્સ પ્રત્યે સાવ નકારાત્મક બનવું જરૂરી નથી. યોગ્ય માત્રામાં કયારેક ગુણવત્તા વાળુ એનર્જી ડ્રિંક્સ પીવામાં આવે તો ખરા સમયે નર્વસ સિસ્ટમને ઉત્તેજિત કરી દે છે. આ કારણે થાક દૂર થાય. મન જાગ્રત થઈ જાય. શરીરમાં સ્ફૂર્તિ અનુભવાય અને શારીરિક પ્રદર્શન સુધરી શકે છે. જો કે નિષ્ણાંતો કહે છે કે, આ પ્રકારના પીણાનું વ્યસન થઈ શકે છે, તેથી મન પર કન્ટ્રોલ કરી શકાતો હોય તો આવા પીણા અનિવાર્ય સંજોગોમાં પી શકાય. WHO વિશ્વ આરોગ્ય સંસ્થાએ સ્પષ્ટ કહ્યું છે કે, બાળકો, સગર્ભા સ્ત્રીઓ, દર્દીઓએ એનર્જી ડ્રિંક્સથી દૂર જ રહેવું પુખ્ત સ્વસ્થ લોકોએ પણ તબીબી સલાહથી જ પીવું.

### ઈતિહાસનું પાનુ

એનર્જી ડ્રિંક્સનું મુળ જાપાનમાં છે. ૧૯૬૦ની સાલમાં જાપાનમાં લીપોવિટન-ડી નામનું પીણું લોન્ચ થયું હતું. જેમાં વિટામીન્સ હતા, તે એનર્જી વધારનારું હતું. ૧૯૮૦માં ઓસ્ટ્રિયાના ડિટ્રિચે જાપાનથી પ્રેરાઈને થાયલેન્ડની કંપની સાથે 'રેડબુલ' પીણું લોન્ચ કર્યુ. આ પીણાની ભરપુર સફળતાથી પ્રેરાઈને ઘણી બ્રાન્ડના પીણા એનર્જીના નામે આવ્યા. ભારતમાં ૧૯૯૦ની સાલમાં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના એનર્જી ડ્રિંક્સ પ્રવેશ્યા ૨૦૦૦ની સાલથી તે અનેક રાજ્યોમાં ફેલાયા. વર્તમાન સમયમાં આ પીણાનો ગ્રોથ નોંધપાત્ર બન્યો છે.

ભારતમાં રેડબુલ, મોન્ટસ્ટર એનર્જી, સ્ટિંગ, માઉન્ટેનડયુ, કલાઉડ નાઈન, થંડર વગેરે સહિત અનેક બ્રાન્ડસના એનર્જી ડ્રિંક્સના ધોધ વહે છે.

### મહાકાય માર્કેટ :

એક અંદાજ પ્રમોં ભારતમાં એનર્જી ડ્રિંક્સનું માર્કેટ ૪.૭ અબજ ડોલર છે. રેડબુલ બ્રાન્ડ ભારતમાં લોકપ્રિય છે. જો કે તેને ટક્કર આપત્તિ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બ્રાન્ડ પણ તાકાતથી મેદાનમાં છે. એનર્જી ડ્રિંક્સનું માર્કેટ ભારતમાં દશ ટકાના દરે ગ્રોથ કરી રહ્યું છે. આ કંપનીઓ બ્રાન્ડીંગ અને વિજ્ઞાપન પાછળ હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે. અર્થજગતના નિષ્ણાંતો કહે છે કે, એનર્જી ડ્રિંક્સની પણડત કિંમત ખુબ નીચી હોય છે. નફાનો ગાળા ઉંચો છે. આ કારણે બ્રન્ડીંગ વિજ્ઞાપનમાં ખર્ચ કરતી કંપનઓમાં તેનો સમાવેશ થાય છે. ટર્ન ઓવરના ૨૦ ટકા જેટલો ખર્ચ વિજ્ઞાપન પાછળ કરે છે. એક આંક પ્રમાણે માત્ર રેડબુલ બ્રાન્ડે જ ૨૦૨૩ની સાલમાં ૬.૮ અબજ ડોલર વિજ્ઞાપન પાછળ ખર્ચ્યા હતાં.

### સ્પોર્ટસ ડ્રિંક્સ-મસ્ત ગતકડું

તાજેતરમાં ચેમ્પીયન ટ્રોફીના ઓસ્ટ્રેલિયા સામેના મેચમાં મોહમ્મદ શમીએ ચાલુ મેચે ડ્રીંક ગટગટાવ્યું હતું અને રોજામાં આવા પીણા પીવા અંગે મૌલવીએ વિવાદ છેડયો હતો. સ્પોર્ટસ ડ્રિંક પીણા પ્રજાતિનું વિશેષ પીણું છે. આ પીણામાં કાર્બોહાઈડ્રેટસ, ઈલેકટ્રોલાઈટસ તથા વિટામીન્સ અને ખનીજો હોય છે. આ પીણું ખેલ દરમિયાન ગુમાવેલ શક્તિ, સ્ફુર્તિ પરત આપે છે. થકાવટ દૂર કરે છે. આ પ્રકારના પીણામાં કેફીનનો પ્રભાવ હોતો નથી. જો કે વિવિધ તત્વો તેમાં વપરાય છે, તે મોટાભાગના કેમીકલ પ્રોસેસથી બનેલા હોય છે. સ્પોર્ટસ ડ્રિંક્સનું સેવન નિયમિત કરો તો ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ સર્જાઈ શકે છે દાંત અને હૃદય માટે પણ જોખમી બની શકે છે, જોખમ સહિત નથી જ.

### ચહેરા કયા દેખ તે હો......

એનર્જી ડ્રિંક્સ અને વિવિધ સ્પોર્ટસ ડ્રિંક્સના બ્રાન્ડીંગમાં ભારતના લોકપ્રિય માથા કરોડો રૂપિયા બનાવી રહ્યાં છે. વિરાટ કોહલી, રણવીર સિંહ, મહેન્દ્રસિંહ ધોની, ટાઈગર શ્રોફ, પી.વી.સિંધુ, આમીર ખાન વગેરે સહિત અને ચહેરા વિવિધ બ્રાન્ડ સાથે જોડાયેલા છે. આ કારેં લોકો પ્રભાવિત થઈને એનર્જી ડ્રિંક્સના નામે કેફીનના રવાડે ચડે છે. સ્ફૂર્તિ-શક્તિની લ્હાયમાં અને ઘણા તો સ્ટેટસ ખાતર એનર્જી ડ્રિંક્સ ગટગટાવીને લાંબાગાળે ખુદના તન-મનન પથારી ફેરવે છે.

આશ્ચર્યજનક બાબત છે કે, ૨૫૦ એમ.એલ એનર્જી ડ્રિંક્સ રૂા.૧૦ માંડીને ૧૦૯ રૂપિયા સુધીની કિંમતમાં ઉપલબ્ધ છે. માત્ર રેડબુલ બ્રાન્ડનો વ્યવસાય આ વર્ષના અંત સુધીમાં ૩૨ બિલિયન ડોલરથી વધારે થવાન સંભાવના છે.

### એનર્જી ડ્રિંક્સના બાપુજી રસોડામાં :

ડ્રિંકના નામે કેફીન પીવડાવતા એનર્જી ડ્રિંક્સને ટક્કર મારે તેવા ઉર્જાથી ભરપુર પીણા ઘરે બનાવી શકાય છે. લીંબુ મધનું પાણી, શેરડીનો રસ, નાળીયેર પાણી, આદુ-મધ સરબત, વરિયાળી તથા કોકમ સરબત, ફળ-શાકભાજીના સરબત રિયલ શક્તિ સ્ફુર્તિ આપનારા છે. માત્ર, ગોળ લીંબુનુ પાણી પીઓ તો પણ મોજે દરિયા થઈ જાય. દરેકમાં પ્રાણ ભાન જરૂરી છે.

### તું એક ગોરખ ધંધા હૈ....

ગાયક નુસરત ફતેઅલી ખાનન અતિ લોકપ્રિય રચના 'તું એક ગોરખ ધંધા હૈ' સુફી તત્વજ્ઞાન રજુ કરે છે. એનર્જી ડ્રિંક્સની વાસ્તવિકતા જાણ્યા બાદ તેના તત્વો જાણ્યા બાદ જ્ઞાનને બાજુએ મુકીને તત્વો પર જ નજર કેન્દ્રિત કરો તો આવા પીણાને ઉદ્દેશીને પણ કહી શકાય કે, 'તું એક ગોરખ ધંધા હો..

' શક્તિ, સ્ફૂર્તિ, જોશ આપવાના નામે કરોડો રૂપિયા ઉસેડીને પીનારાના તન-મનની પથારી ફેરવે છે. કંપનીઓ તો કહી દેશે, ગંદા હૈ, પર ધંધા હૈ.. ગટગટાવતા પહેલા વિચાર કરજો.